અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

12 MARCH-2026 THURSDAY | Vol. : 17 | Issue : 248 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
વોશિંગ્ટનમાં રાતોરાત ખડકાઈ ટ્રમ્પ અને યૌન અપરાધી એપસ્ટીનની વિવાદાસ્પદ મૂર્તિ, નામ આપ્યું 'કિંગ ઓફ ધ વર્લ્ડ'

4 
ઈરાન યુદ્ધ : દુનિયા ક્રૂડ માટે અને ખાડી દેશો પાણી માટે વલખાં મારશે

6 
અક્ષયની 'ભાગમ ભાગ 2'નું શૂટ ઓગસ્ટમાં, માર્ચના અંતથી 'ગોલમાલ 5' શરૂ કરશે

7 
રિલાયન્સ અમેરિકામાં વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઇનરી સ્થાપશે

## PMએ કહ્યું- કેરળને મલયાલી નામ મળ્યું: આની ખુશી ચહેરાઓ પર દેખાઈ રહી છે

### રાજ્યમાં લગભગ ₹11 હજાર કરોડની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું

**ચેન્નઈ, તા.11**

PM નરેન્દ્ર મોદી બુધવારે કેરલમ (કેરળ)ના પ્રવાસે છે. તેઓ બુધવારે સવારે લગભગ 11:30 વાગ્યે કોચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા. ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા નૌકાદળના અડ્ડા પર ગયા. પછી રોડ માર્ગે મરીન ડ્રાઈવમાં અખિલ કેરળ ધીવર સભાના સુવર્ણ જયંતિ સમારોહમાં ભાગ લીધો.



PMએ અહીં જનસભાને સંબોધતા કહ્યું- કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાનો નિર્ણય મલયાલી લોકો માટે ખુશીની ક્ષણ છે. મારા મલયાલી ભાઈઓ અને બહેનોની લાંબી રાહ આખરે પૂરી થઈ ગઈ છે. મલયાલી સંસ્કૃતિ અનુસાર આ સુંદર રાજ્યને તેનું યોગ્ય નામ મળ્યું છે. કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પ્રધાનમંત્રી મોદીએ કોચીમાં રોડ શો પણ કર્યો. તેઓ જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આયોજિત લગભગ 300 મીટર લાંબા રોડ શો દરમિયાન તેમણે કારની સનરૂફમાંથી લોકોનું અભિવાદન કર્યું. આ પછી PM એ 10,800 કરોડની અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું.

આ પછી PM તમિલનાડુ જશે. અહીં સાંજે લગભગ 5:45 વાગ્યે, વડાપ્રધાન તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં લગભગ 5,650 કરોડ રૂપિયાની અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે વડાપ્રધાન એક જનસભાને પણ સંબોધિત કરશે.

વડાપ્રધાને તેમના પ્રવાસ પહેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં કહ્યું કે માછીમારોના કલ્યાણ માટે આ બોડીએ જે કામ કર્યું છે, તે પ્રશંસનીય છે.

તેમણે લખ્યું કે NDAનો ગુડ ગવર્નન્સ એજન્ડા LDF અને UDF બંનેની લૂંટ અને કુશાસનની સરખામણીમાં સૌથી ઊંચો છે. NDA વિકાસલક્ષી રાજનીતિ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને કેરળના યુવાનોની અપેક્ષાઓ પૂરી કરશે.

વડાપ્રધાનના પ્રવાસ પહેલા મંગળવારે કેન્દ્રીય કેબિનેટે મદુરાઈ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર કરવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ અપગ્રેડ આ ક્ષેત્રના લોકોની અપેક્ષાઓ દર્શાવે છે અને તેનાથી મદુરાઈના વિકાસની સંભાવનાઓમાં ઘણો બદલાવ આવશે.

વૈષ્ણવે કહ્યું કે તમિલનાડુના ત્રણ સૌથી મોટા શહેરો ચેન્નઈ, કોઈમ્બતુર અને મદુરાઈ છે. લોકો અહીં એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઈચ્છે છે. આ નિર્ણય મદુરાઈ અને તમિલનાડુના સમગ્ર વિકાસમાં એક મોટો બદલાવ હશે.

વડાપ્રધાન મોદીએ X પર એક પોસ્ટમાં કહ્યું કે DMK રાજ્યભરમાં NDAની વધતી લોકપ્રિયતાથી સ્પષ્ટપણે પરેશાન છે. તેમણે લખ્યું કે તમિલનાડુના લોકોએ DMKના કુશાસન અને અધૂરા વચનો જોઈ લીધા છે. એટલા માટે તેઓ NDAના આશા અને પ્રગતિના એજન્ડા સાથે જોડાઈ રહ્યા છે.

## આસારામ રામલલાના દર્શન કરવા અયોધ્યા પહોંચ્યો: કહ્યું- તીર્થ સ્થળોએ જવાથી નરક ભોગવવું પડતું નથી

**અયોધ્યા, તા.11**



રેપ કેસમાં સજા પામેલો આસારામ મંગળવારે સાંજે અયોધ્યા પહોંચ્યો. તે સરયૂ નદીના કિનારે ફર્યો. આ દરમિયાન ઘણા લોકો તેની સામે હાથ જોડતા જોવા મળ્યા. આસારામે કહ્યું, ભગવાન રામલલાના દર્શન કરીશ, તેથી અહીં આવ્યો છું.

આસારામે કહ્યું, ભારતમાં ઘણા એવા તીર્થસ્થાનો છે, જ્યાં પ્રાણ ત્યાગવાથી કે માત્ર જવાથી મનુષ્યનું કલ્યાણ થાય છે. શાસ્ત્રોમાં સાત મોક્ષદાયી સ્થાન જણાવવામાં આવ્યા છે. તેમાં અયોધ્યા, મથુરા, માયા (હરિદ્વાર), કાશી, કાંચી, અવંતિકા અને પુરી છે.

માનવ શરીરમાં વાયુ, કફ અને પિત્ત ત્રણ દોષ હોય છે અને તીર્થ સ્થળોએ જવાથી આ દોષોનો પ્રભાવ ઓછો થાય છે. શાસ્ત્રોમાં અયોધ્યાને પ્રથમ સ્થાન છે. મથુરામાં રહેતો વ્યક્તિ ભલે સાધુના વેશમાં રહ્યો હોય, પરંતુ સાધુની જવાબદારી ન નિભાવી હોય, તો પણ ત્યાં મૃત્યુ થવા પર તેને નરકમાં જવું પડતું નથી.

આસારામ 11 માર્ચે રામલલાના દર્શન કરશે. આ ઉપરાંત તે રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને પણ મળશે.

આસારામ લક્ષ્મણ કિલ્લામાં રોકાયો છે. સરયૂ નદીના કિનારે આવેલા આ આચાર્ય પીઠમાં આસારામનું નિવાસસ્થાન પણ સરયૂની ખૂબ નજીક છે. આસારામને રાજસ્થાન હાઈકોર્ટે 29 ઓક્ટોબરે 6 મહિનાના જામીન આપ્યા હતા.

તેના આધારે 6 નવેમ્બરે આસારામને ગુજરાત હાઈકોર્ટમાંથી પણ 6 મહિનાના વચગાળાના જામીન મળી ગયા હતા. ગુજરાત હાઈકોર્ટમાં આસારામ તરફથી જામીન અરજી પર સુનાવણી દરમિયાન દલીલ કરવામાં આવી હતી કે જોધપુર કોર્ટે આસારામને 6 મહિના માટે જામીન આપ્યા છે. તેઓ હૃદય સંબંધિત બીમારીથી પીડાઈ રહ્યા છે.

આસારામ મંગળવારે બપોરે 3 વાગ્યે ઝુનકી ઘાટથી સદગુરુ કુટી સુધી પગપાળા ફર્યો. પછી કાર દ્વારા લક્ષ્મણ કિલ્લા ગયો. ત્યાં આરામ કર્યો. સાંજે લગભગ 6 વાગ્યે લક્ષ્મણ કિલ્લામાંથી બહાર નીકળ્યો. ત્યાંથી સરયૂ તટ પહોંચ્યો. લગભગ 300 મીટર સુધી પગપાળા ફર્યો. આ દરમિયાન તેના અનુયાયીઓએ તેના પગ સ્પર્શ કર્યા. એવું કહેવાય છે કે આસારામ હનુમાનગઢીના પણ દર્શન કરવા માંગતો હતો. પરંતુ ત્યાં સીડીઓ વધુ હોવાને કારણે જશે નહીં.

યુપીના શાહજહાંપુરમાં રહેતો એક પરિવાર આસારામનો અનુયાયી હતો. પરિવારની સગીર છોકરી આસારામના છિંદવાડા (મધ્યપ્રદેશ) સ્થિત આશ્રમમાં 12માં ધોરણનો અભ્યાસ કરી રહી હતી. વર્ષ-2013ની વાત છે. એક દિવસ છોકરી ક્લાસમાં બેહોશ થઈ ગઈ. બાબાના સાધકે તેના પર ભૂત-પ્રેતનો પડછાયો હોવાનું જણાવ્યું અને કહ્યું કે તેનો ઈલાજ આસારામ બાપુ જ કરશે.

## ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથેનું યુદ્ધ જલ્દી પૂરું થશે: અમે બધું તબાહ કરી દીધું છે, ત્યાં હુમલો કરવા માટે હવે કંઈ જ બાકી નથી.....

**વોશિંગ્ટન, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથેનું યુદ્ધ ખૂબ સારું ચાલી રહ્યું છે અને તે જલ્દી જ પૂરું થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકી સેનાએ ઈરાનને અપેક્ષા કરતાં ઘણું વધારે નુકસાન પહોંચાડ્યું છે.

એક્સિઓસને આપેલા એક ફોન ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકી હુમલાઓ પછી ઈરાનમાં હવે નિશાન બનાવવા માટે લગભગ કંઈ જ બાકી નથી.

ટ્રમ્પના મતે સૈન્ય અભિયાન નિર્ધારિત સમય કરતાં આગળ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે છ અઠવાડિયાના અંદાજિત ઓપરેશનની સરખામણીમાં અમેરિકાએ પહેલેથી જ ઘણું વધારે નુકસાન પહોંચાડી દીધું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથેનું યુદ્ધ ખૂબ સારું ચાલી રહ્યું છે અને તે જલ્દી જ પૂરું થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકી સેનાએ ઈરાનને અપેક્ષા કરતાં ઘણું વધારે નુકસાન પહોંચાડ્યું છે.



એક્સિઓસને આપેલા એક ફોન ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકી હુમલાઓ પછી ઈરાનમાં હવે નિશાન બનાવવા માટે લગભગ કંઈ જ બાકી નથી.

ટ્રમ્પના મતે સૈન્ય અભિયાન નિર્ધારિત સમય કરતાં આગળ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે છ અઠવાડિયાના અંદાજિત ઓપરેશનની સરખામણીમાં અમેરિકાએ પહેલેથી જ ઘણું વધારે નુકસાન પહોંચાડી દીધું છે.

ઈરાનના શિક્ષણ મંત્રી અલીરેઝા કાઝેમીએ કહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં અત્યાર સુધીમાં 206 વિદ્યાર્થીઓ અને શિક્ષકો માર્યા ગયા છે. આ ઉપરાંત 161 અન્ય લોકો ઘાયલ થયા છે.

કાઝેમીએ આ માહિતી ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNA સાથેની વાતચીતમાં આપી હતી. 28 ફેબ્રુઆરીના રોજ ઈરાનના મીનાબ શહેરની એક ગર્લ્સ સ્કૂલ પર મિસાઈલ હુમલો થયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો માર્યા ગયા હતા.

ઈરાન યુદ્ધના કારણે અમેરિકામાં પેટ્રોલ-ગેસના ભાવમાં ઝડપથી વધારો થયો છે. દેશમાં ગેસની સરેરાશ કિંમત 3.58 ડોલર પ્રતિ ગેલન સુધી પહોંચી ગઈ છે, જે છેલ્લા 21 મહિનામાં સૌથી વધુ છે.

તાજા આંકડાઓ મુજબ, આ કિંમતમાં એક દિવસમાં 4 સેન્ટનો વધારો થયો છે. છેલ્લા એક અઠવાડિયામાં ગેસની કિંમતમાં 38 સેન્ટ અને છેલ્લા એક મહિનામાં 64 સેન્ટનો વધારો નોંધાયો છે.

ડીઝલની કિંમત પણ ઝડપથી વધીને 4.89 ડોલર પ્રતિ ગેલન થઈ ગઈ છે. માત્ર એક અઠવાડિયામાં તેમાં 79 સેન્ટનો વધારો નોંધાયો છે. સ્પેને ઈઝરાયલમાં પોતાના રાજદૂતને ઔપચારિક રીતે હટાવી દીધા છે. સરકારે એક દિવસ પહેલા જ આ પગલાંને મંજૂરી આપી હતી. મેડ્રિડે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાજદ્વારી તણાવ વધ્યા બાદ પોતાના રાજદૂતને પાછા બોલાવી લીધા હતા. આ વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે ઈઝરાયલના વિદેશ મંત્રીએ સ્પેન સરકારના કેટલાક નિર્ણયોની ટીકા કરી હતી. આ નિર્ણયો વડાપ્રધાન પેડ્રો સાંચેઝ દ્વારા ગાઝામાં થઈ રહેલી હિંસાને નરસંહાર ગણાવી તેની નિંદા કર્યા બાદ જાહેર કરવામાં આવ્યા હતા.

## ઓમ બિરલા પરથી ઘાત ટળી!: સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ નામંજૂર

### અમિત શાહ બોલ્યા- જે આંખ મારે છે, ફ્લાઈંગ કીસ આપે છે તે સ્પીકર પર સવાલ ઉઠાવે છે

**નવી દિલ્હી, તા.11**

લોકસભામાં બુધવારે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવાનો અવિશ્વાસ પ્રસ્તાવ ધ્વનિમતથી ફગાવી દેવામાં આવ્યો. તેમના પર ગૃહની કાર્યવાહી દરમિયાન ભેદભાવ કરવાનો આરોપ હતો. આ પહેલા ગૃહમંત્રી અમિત શાહે 56 મિનિટ સુધી જવાબ આપ્યો. તેમણે આ દરમિયાન રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા અને ગણાવ્યું કે 17મી, 18મી લોકસભામાં બોલવા માટે કેટલો સમય મળ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે ગૃહ નિયમ મુજબ ચાલશે. સ્પીકરને નિયમોના ઉલ્લંઘન પર રોકવાનો અને ટોકવાનો અધિકાર છે. આ ગૃહ મેળો નથી, જે નિયમ મુજબ નહીં ચાલે, તેમનું માઈક બંધ થશે.

શાહે વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વિના કહ્યું, અરે ભાઈ, અહીં નિયમોથી બોલવું પડે છે, અહીં આટલા વરિષ્ઠ સભ્યો બેઠા છે, મને તો હજી પણ સમજાતું નથી કે શશિ થરૂર, બાલુ સાહેબ બેઠા છે, તેમને કેમ નથી શીખવતા.

તેઓ PM મોદીને આવીને ભેટી પડે છે. આંખ મારે છે. ફ્લાઈંગ કિસ આપે છે. મને તો બોલવામાં પણ શરમ આવે છે. કોઈની પણ સામે આપણે એક આંગળી બતાવીએ છીએ તો 4 આંગળીઓ આપણી તરફ પણ દેખાય છે.

આ પહેલા રવિશંકર પ્રસાદે રાહુલ ગાંધી અને વિપક્ષ પર ઘણા આરોપો લગાવ્યા હતા. આના પર રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે પણ અમે બોલવા જઈએ છીએ ત્યારે અમને રોકવામાં આવે છે. તેમણે કહ્યું કે આ ચર્ચા લોકશાહી અને સ્પીકરની ભૂમિકા પર છે. ઘણી વખત મારું નામ લેવામાં આવ્યું. દરેક વખતે અમને બોલતા રોકવામાં આવ્યા.

રાહુલે કહ્યું કે છેલ્લી વાર બોલતી વખતે મેં વડાપ્રધાન તરફથી કોમ્પ્રોમાઈઝનો મુદ્દો ઉઠાવ્યો હતો. ગૃહ દેશનું પ્રતિનિધિત્વ કરે છે. પહેલીવાર વિપક્ષના નેતાને બોલવા દેવામાં આવ્યા નહીં. પીએમ કોમ્પ્રોમાઈઝ્ડ છે.

રાહુલના આટલું બોલવા પર રવિશંકર પ્રસાદે કહ્યું- ક્યારેય નહીં... ક્યારેય નહીં. પીએમ મોદીનું ભારત ક્યારેય કોમ્પ્રોમાઈઝ્ડ નહીં થાય. સ્પીકરની



ઘણી વખત ખુરશી ઘેરવામાં આવી, કાગળો ફેંકવામાં આવ્યા, પરંતુ તેઓ હસતા રહ્યા.

વિપક્ષના નેતા રાહુલ ગાંધી પોતાના અધિકારોની વાત કરે છે. 17મી લોકસભામાં તેમની હાજરી 51% હતી. રાષ્ટ્રીય સરેરાશ 67% છે. વેણુગોપાલે ટોક્યા- આ પ્રસ્તાવ સ્પીકર માટે કે વિપક્ષના નેતા વિરુદ્ધ.

શાહે કહ્યું- એક પણ બિલ પર ચર્ચામાં ભાગ લીધો નથી. 25મા કેન્દ્રીય બજેટમાં પણ ચર્ચામાં ભાગ લીધો નથી. તેમની પાર્ટી 4 દાયકા પછી આવો પ્રસ્તાવ લઈને આવી છે, તેના પર પણ રાહુલ ગાંધીએ ભાગ લીધો નથી. પછી કહે છે કે બોલવા દેવામાં આવતું નથી. મને લાગે છે કે તેઓ બોલવા જ નથી માંગતા.

અમિત શાહે કહ્યું કે કેટલું બોલવું તેના માટે કેટલાક નિયમો બન્યા છે. 17મી લોકસભામાં કોંગ્રેસને 157 કલાક 55 મિનિટનો સમય આપવામાં આવ્યો. જ્યારે તેમના 52 સભ્યો હતા. કોંગ્રેસને ભાજપ કરતાં 6 ગણો વધુ સમય આપવામાં આવ્યો. જ્યારે ભાજપ પાસે 6 ગણા વધુ સભ્યો હતા.

18મી લોકસભામાં પણ કોંગ્રેસને ભાજપ કરતાં બમણો સમય મળ્યો. વિપક્ષના નેતા કહે છે કે અમને બોલવા દેવામાં આવતા નથી. પરંતુ બોલવાનો મોકો આવે છે ત્યારે તેઓ જર્મનીમાં હોય છે, ઈંગ્લેન્ડમાં હોય છે. પછી ફરિયાદ કરે છે.18મી લોકસભામાં કોંગ્રેસના સભ્યો 157 કલાક 55 મિનિટ બોલ્યા. હું વિપક્ષના નેતાને પૂછવા માંગુ છું કે તમે ત્યારે કેમ ન બોલ્યા. કોણે રોક્યા હતા.

તે તો તમારો અધિકાર છે કે તમારી પાર્ટીમાંથી કોણ બોલશે. વિપક્ષના નેતા સ્પીકર વિરુદ્ધના પ્રસ્તાવ પર પણ કંઈ બોલતા નથી. તો પછી પ્રસ્તાવ લાવે છે શા માટે. એક તો બોલવા માંગતા નથી. બોલવા માંગે છે પણ નિયમ અનુસાર બોલવા માંગતા નથી.

સ્પીકર દ્વારા એકવાર ટોક્યા પછી બીજીવાર એ જ વાત કરશો તો સ્પીકર પાસે શું વિકલ્પ રહે છે. રાજનાથ સિંહે કહ્યું કે તમે મેગેઝિન પર બોલી શકતા નથી, છતાં તમે તે જ વિષય પર બોલશો તો ટોકવું પડશે. SIR પર ચર્ચા હતી. વિપક્ષના નેતાને કહેવામાં આવ્યું કે તમે બોલો. તેમણે ગૃહને ડિસ્ટર્બ કર્યું. તેમને અચાનક એક વિચાર આવ્યો કે મારી પ્રેસ કોન્ફરન્સ પર ચર્ચા થાય.

તમારા પરદાદાથી લઈને તમારી દાદીથી પિતાજી સુધી, મોટા મોટા નેતાઓની પ્રેસ કોન્ફરન્સ પર ચર્ચા થઈ નથી.હું ફક્ત આ ગૃહની વાત કરતો નથી. 17મી લોકસભામાં વિપક્ષને 40% સમય આપવામાં આવ્યો. મેન્શન ઓફ થેંક્સમાં 34% સમય આપવામાં આવ્યો. શૂન્યકાળમાં તેમની ભાગીદારી 55% રહી. કોને બોલવું તે અધિકાર તે પક્ષના નેતાનો છે. જ્યારે તમે પોતે બોલવા માંગતા નથી તો કોઈ શું કરી શકે, પરંતુ બોલવું તો નિયમો અનુસાર જ પડશે.



# મુસ્લિમ યુવક-હિન્દુ યુવતીને સ્પે. મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા હુકમ

## લિવઈનમાં રહેતા કપલને પરિવારે છુટા પાડતા યુવકે HCમાં હેબિયસ કોર્પસ કરી હતી, યુવતીના નામે 3 લાખ મૂકવાના રહેશે



**અમદાવાદ, તા.11**

મહેસાણા જિલ્લામાં લિવઈનમાં રહેતા 22 વર્ષીય મુસ્લિમ યુવક અને 21 વર્ષીય હિન્દુ યુવતીને પરિવારે છુટા પાડ્યા બાદ યુવક તરફથી હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરાતા કોર્ટે મહત્વનો હુકમ કર્યો છે. નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને હાઈકોર્ટમાં બોલાવી કોર્ટે તેની ઈચ્છા જાણી હતી. ત્યારબાદ અલગ અલગ ધર્મના યુવક-યુવતીને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા હુકમ કર્યો હતો. સાથે જ જો ભવિષ્યમાં અલગ થાય તો સ્ત્રીની સુરક્ષા માટે તેના પક્ષમાં 3 લાખ રૂપિયા જમા કરાવવા પણ યુવકને હુકમ કર્યો છે.

આ કિસ્સો મહેસાણા જિલ્લાનો છે, જ્યાં અલગ-અલગ ધર્મના 22 વર્ષીય યુવક અને 21 વર્ષીય યુવતી સાથે રહેતા હતા. તેઓને અલગ કરવામાં આવ્યા હતા અને યુવતીને બનાસકાંઠાના પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે આ બળજબરીપૂર્વકના અલગાવ વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. યુવકે તેની પાર્ટનરની કસ્ટડી માંગી હતી અને કોર્ટને જણાવ્યું હતું કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે.

હાઈકોર્ટે યુવતીની ઈચ્છા જાણવા માટે તેને બોલાવી હતી. હાઈકોર્ટે ભવિષ્યમાં કોઈ કમનસીબ પરિસ્થિતિ ઊભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં હોવાની ચિંતા વ્યક્ત કર્યા બાદ યુવકને 03 લાખ રૂપિયા જમા કરાવવાની તૈયારી દર્શાવતું સોગંદનામું ફાઈલ કરવા જણાવ્યું હતું.

તેણે કહ્યું કે તે સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા અને તે માટેની તમામ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા તૈયાર છે. તેણે એવી પણ બાહેંધરી આપી હતી કે તે તેની ક્ષમતા અને સાધનો મુજબ તેના ભરણપોષણ, રહેઠાણ અને જીવનની તમામ જરૂરિયાતો પૂરી પાડશે. તે યુવતી સાથે ગરિમા અને સન્માન સાથે વર્તશે અને તમામ બાબતોમાં તેની સુખાકારી સુનિશ્ચિત કરશે.

હાઈકોર્ટે યુવકને રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ યુવતીનું બેંક ખાતું ન હોવાથી હાઈકોર્ટે રજિસ્ટ્રીને તેના નામે ખાતું ખોલવા અને ફિક્સ્ડ ડિપોઝિટનું વ્યાજ સમયાંતરે તેના ખાતામાં જમા કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સ્પષ્ટ છે કે જો ભવિષ્યમાં આ કપલ અલગ થાય, તો 3 લાખ રૂપિયાની પૂરેપૂરી રકમ તેની આર્થિક સુરક્ષા માટે તેને સોંપી દેવામાં આવશે.

હાઈકોર્ટે વધુમાં યુવકને લગ્નનો ઈરાદો હોવાની નોટિસ આપવા અને 6 અઠવાડિયાના ગાળામાં આખી પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે સંબંધિત સરકારી અધિકારીઓને પણ નિર્દેશ આપ્યો હતો કે અરજદાર અને પ્રતિવાદીની લગ્નની અરજી પર પ્રક્રિયા કરે અને ખાતરી કરે કે તમામ જરૂરિયાતો પૂર્ણ થાય અને કાયદા અનુસાર લગ્ન સંપન્ન થાય.

હાઈકોર્ટે આ મામલે વધુ સુનાવણી 24 એપ્રિલ પર મુલતવી રાખી છે અને યુવતીને અમદાવાદના મહિલા સંરક્ષણ ગૃહમાં રહેવાનું ચાલુ રાખવા નિર્દેશ આપ્યો છે. તેને લગ્નની નોંધણીની વિધિઓ પૂરી કરવા માટે અરજદાર યુવક સાથે જવાની મંજૂરી આપવામાં આવી છે. કોર્ટે સંબંધિત સત્તાધિકારીઓને તેને જન્મનું પ્રમાણપત્ર અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ પૂરા પાડવા માટે પણ નિર્દેશ આપ્યો છે.

# બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યના સીનસપાટા: 180ની સ્પીડે કાર દોડાવી....

## મોંઘીદાટ ગાડીઓના કાફલા સાથે સ્ટંટ ને હથિયારથી ફાયરિંગ, વિદ્યાર્થી પર જીવલેણ હુમલા કેસમાં ફરાર

**અમદાવાદ, તા.11**

લો ગાર્ડન પાસે ખાનગી કોજલ બહાર અસારવાના બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્ય રાઠોડે તેના મિત્રો સાથે મળી કોલેજના વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો કરી ગાડીમાં તોડફોડ કરી હતી. જે મામલે નવરંગપુરા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે. આરોપીનો 180ની સ્પીડે ગાડી ચાલવતો, મોંઘી ગાડીઓના કાફલા સાથે સ્ટંટ કરતો અને હથિયારથી ફાયરિંગ કરતો વીડિયો સામે આવ્યો છે, જેને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે.



લો ગાર્ડન પાસે ખાનગી કોલેજની બહાર કિશોર લંગડાના પૌત્ર આદિત્ય રાઠોડે ફોર્ચ્યુનર કારમાં આવી સામે દેખવા જેવી બાબતે કોલેજની બહાર ઉભેલા વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો કર્યો હતો. આદિત્ય રાઠોડે તેના મિત્રો સાથે મળીને થાર કારમાં તોડફોડ કરી અને ધારીયા વડે વિદ્યાર્થી પર હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, વિદ્યાર્થી નીચે ખસી જતા બચી ગયો હતો. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. આ અંગે નવરંગપુરા પોલીસે આદિત્ય રાઠોડ અને તેના મિત્રો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બનાવના લગભગ 30 કલાક બાદ પણ આરોપી પલોસી પકડથી દૂર છે.

આરોપી આદિત્ય રાઠોડનો ગુનાહિત ઈતિહાસ રહી ચૂક્યો છે. આદિત્ય રાઠોડે અગાઉ શાહીબાગના સર્કિટ હાઉસ પાસે પૂર ઝડપે ફોર્ચ્યુનર કાર વડે એક ટુવ્હીલર ચાલકને ટક્કર મારી હતી. જેમાં ટુવ્હીલર ચાલકનું મોત નિપજ્યું હતું.

આદિત્યનો આ પહેલો કે બીજો ગુનો નથી, પરંતુ તે અગાઉ પણ મોંઘીદાટ કારને 180ની સ્પીડે દોડાવી સ્ટંટ કરતા જોવા મળ્યો હતો. ગાડીઓના કાફલા સાથે પણ સ્ટંટ કરી વીડિયો સોશિયલ મીડિયામાં રોફ જમાવવા મૂક્યા હતા. આદિત્યએ લોકોમાં તેનો ભય ફેલાવવા માટે હથિયાર વડે ફાયરિંગ કર્યું હોવાનો પણ વીડિયો સામે આવ્યો છે. આ તમામ વીડિયો સામે આવતા પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે.

# વાસદમાં ₹1.60 લાખની ચોરી કરનાર આરોપી ઝડપાયો: આણંદ LCBએ દોઢ વર્ષ જૂના ગુનાનો ભેદ ઉકેલ્યો....

**આણંદ, તા.11**

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ વાસદમાં આશરે દોઢ વર્ષ પહેલાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા એક આરોપીને ઝડપી પાડ્યો છે, જેણે 1.60 લાખની મતાની ચોરી કરી હોવાની કબૂલાત કરી છે.



જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે LCB પી.આઈ. એચ.આર. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રમેશકુમાર ગુલસીંગભાઈને બાતમી મળી હતી.

બાતમીના આધારે, વાસદની મગનવાડીમાં થયેલી ચોરીમાં સંડોવાયેલો આરોપી ગોપાલભાઈ ભુપતભાઈ ચુનારા વાસદ બસ સ્ટેશન પાસે હાજર હોવાની માહિતી મળી હતી. પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને તેને વાસદ બસ સ્ટેન્ડ બહારથી પકડી પાડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી. કડક પૂછપરછ દરમિયાન આરોપી ગોપાલભાઈએ કબૂલ્યું હતું કે તેણે તેના સાગરીતો સાથે મળીને આશરે દોઢ વર્ષ પહેલાં વાસદની મગનવાડી સોસાયટી વિભાગ-02 માં એક મકાનનો નકુચો તોડી 1,60,000/- ની મતાની ચોરી કરી હતી.

પોલીસે આરોપી ગોપાલભાઈ ભુપતભાઈ ચુનારા (ઉં.વ. ૨૬, રહે. નટવરનગર, તા. સાવલી, જી. વડોદરા) ની ધરપકડ કરી છે. આ ગુના અંગે અગાઉ વાસદ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. LCB એ આરોપીને વધુ તપાસ માટે વાસદ પોલીસને સોંપ્યો છે.

# ઠાસરાના સાંઢેલીમાં 12 લાખના ખર્ચે બનેલી આંગણવાડી દોઢ વર્ષમાં જર્જરીત બની ગઇ

**નડિયાદ, તા.11**

ઠાસરા તાલુકામાં આવેલા સાંઢેલી ગામમાં 19 મહિના પહેલા જ 12 લાખના ખર્ચે આંગણવાડી બનાવવામાં આવી હતી. જોકે ઉજ્જવળ ભવિષ્યની વાતો વચ્ચે કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે બાળકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જેમાં 19 મહિના પહેલા જ બનાવવામાં આવેલ આંગણવાડી જર્જરીત હાલતમાં ફેરવાઈ જતા હાલાકી પડી રહી છે. ત્યારે આંગણવાડી બનાવી ત્યારથી જ બાળકો માટે પીવાના પાણીની સુવિધા કરવામાં ન



આવતા પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ખેડા જિલ્લામાં આવેલ ઠાસરા તાલુકાના સાંઢેલી ગામમાં 19 મહિના પહેલા 12 લાખના ખર્ચે આંગણવાડી બનાવવામાં આવી હતી. જેમાં 9 ઓગસ્ટ 2024 ના રોજ આ આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારે માત્ર 19 મહિના બાદ જ આંગણવાડીમાં તિરાડો જોવા મળી રહી છે. આ સાથે જ્યારથી આંગણવાડી બનાવવામાં આવી ત્યારથી જ ફ્લોર બેસી ગયો હોવાના સરપંચ દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ભણતરની વાતો વચ્ચે સાંઢેલી ગામ ખાતે આવેલ વિશ્રામપુરા નર્મદા વસાહત આંગણવાડીનું મકાન જર્જરીત હાલતમાં ફેરવાતા સરપંચ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. આ સાથે સાંઢેલી ગામ પંચાયતના સરપંચ રવિ જોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જ્યારથી આંગણવાડી બનાવવામાં આવી છે ત્યારથી બાળકો માટે પીવાના પાણીની સુવિધા માટે કોઈ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે વિદ્યાર્થીઓને પીવાના પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો છે. ત્યારે આંગણવાડીમાં ટાઈલ્સો તૂટેલી હોવાના કારણે અભ્યાસ માટે આવતા બાળકોને ઈજાઓ પહોચવાની પણ ભીતિ સેવાઈ રહી છે. જોકે, સ્થાનિકો દ્વારા કોન્ટ્રેક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે અને આંગણવાડીની તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# નડિયાદના મરીડા ભાગોળથી રિંગ રોડ સુધી 70 લાઈટ નખાતા અંધારપટ દૂર

**નડિયાદ, તા.11**

નડિયાદ નગરપાલિકા દ્વારા મરીડા ભાગોળથી મરીડા રિંગ રોડ સુધીના માર્ગ પર નવી સ્ટ્રીટ લાઈટો લગાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ પાછળ કુલ 36.29 લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. આધુનિક લાઈટોની સુવિધા ઉપલબ્ધ થતા રાત્રિના સમયે સુરક્ષા અને વાહનચાલકો માટે સુવિધામાં વધારો થશે. આ સમગ્ર માર્ગ પર કુલ 70 નવા સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવામાં આવ્યા છે.



રસ્તાની સુરક્ષા અને યોગ્ય પ્રકાશ મળી રહે તે હેતુથી 9 મીટર ઊંચાઈના ગેલ્વેનાઈઝ્ડ ઓક્ટાગોનલ પોલનો ઉપયોગ કરાયો છે. આ પોલ લાંબા સમય સુધી ટકી રહે તેવા અને આધુનિક પદ્ધતિના હોવાથી માર્ગની શોભામાં પણ વધારો થયો છે. આ બાબતે મનપાના ઈલેક્ટ્રિક શાખાના વડા ચંદ્રેશભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે, ઉર્જાની બચત થાય તે માટે 90 વોટની ક્ષમતા ધરાવતી આધુનિક એલઈડી લાઈટો પસંદ કરવામાં આવી છે. સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત કુલ 90 એલઈડી ફિક્સચર ઈન્સ્ટોલ કરાયા છે, જેનાથી વીજ વપરાશમાં ઘટાડો થશે અને પ્રકાશની ગુણવત્તા સુધરશે. લાઈટોના સંચાલન માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લાઈટોને દરરોજ મેન્યુઅલી ચાલુ-બંધ કરવાની જરૂર ન પડે તે માટે સમય નિર્ધારિત કરી શકાય તેવા ટાઈમર સાથેના 2 કંટ્રોલ યુનિટ મૂકવામાં આવ્યા છે. આ સિસ્ટમ દ્વારા નિર્ધારિત સમયે લાઈટો આપમેળે ચાલુ અને બંધ થઈ જશે. આ માર્ગ અતિ વ્યસ્ત હોવાથી રોજના આશરે 5 હજારથી વધુ વાહનો અને રાહદારીઓની અવરજવર રહે છે. હાલમાં રમઝાન માસ ચાલુ હોવાથી લોકોને અવરજવરમાં સરળતા રહે તે બાબતને ધ્યાનમાં લઈને વહેલીતકે સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવાની રજૂઆત બાદ સ્થાનિક અગ્રણીઓ દ્વારા મનપામાં રજૂઆત કરીને સ્ટ્રીટ લાઈટની સુવિધા વહેલી શરૂ કરવાનું કહેવામાં આવતાં અંતે 70 વીજ પોલથી રસ્તો પ્રકાશીત થયો હતો.

# અમદાવાદના વસ્ત્રાલમાં ક્રાઈમ બ્રાંચનો દરોડો, MD ડ્રગ્સની હેરાફેરી કરતા દાણીલીમડાના બે શખ્સો ઝડપાયા

**અમદાવાદ, તા.11**

અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મળેલી ચોક્કસ બાતમીના આધારે વસ્ત્રાલ રિંગ રોડ પર આવેલા નૈયા કોમર્શિયલ કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ડ્રગ્સની હેરાફેરી કરી રહેલા બે યુવકો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. ધરપકડ કરવામાં આવેલા આરોપીઓમાં આકીફ શેખ અને અજીમુદ્દીન ઉર્ફે ભુરો (બંને રહે. દાણીલીમડા, અમદાવાદ) નો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ બંને શખ્સો લાંબા સમયથી ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા હતા અને છૂટક વેચાણ કે હેરાફેરીનું કામ કરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે 77,000 ની કિંમતનું એમડી (MD) ડ્રગ્સ જપ્ત



કર્યું છે. ક્રાઈમ બ્રાંચે ડ્રગ્સના જથ્થા સાથે મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ કબજે કરીને આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ નેટવર્કમાં અન્ય કોણ સામેલ છે તેની પણ કડક પૂછપરછ કરવામાં આવી રહી છે.

# બોરસદમાં પ્રાકૃતિક બજાર લોકપ્રિય બન્યું: ગ્રાહકોમાં હવે પ્રાકૃતિક આહાર પ્રત્યે જાગૃતિ વધી

**આણંદ, તા.11**

આણંદ કૃષિ યુનિવર્સિટી અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી બોરસદ ચોકડી પાસે આવેલા એટીક ભવન ખાતે શરૂ કરાયેલું પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દર મંગળવારે બપોરે 3 થી 6 દરમિયાન ભરાતા આ બજારમાં જિલ્લાના ખેડૂતો કોઈ પણ વચેટિયા વગર સીધું જ વેચાણ કરી રહ્યા છે.



વિરસદના ખેડૂત મિહિર અમીને જણાવ્યું કે, ગ્રાહકોમાં હવે પ્રાકૃતિક આહાર પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને વેચાણમાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. અહીં હરી કાંગ, કોદરી, મોરૈયો અને સામો જેવા પોઝિટિવ મિલેટ્સ તેમજ કૃષ્ણ કમોદ ચોખા અને ઓર્ગેનિક મસાલાની ભારે માંગ જોવા મળી રહી છે.

ખેતીમાં નવા પ્રયોગો કરનારા શિક્ષિત યુવાનો પણ આ મંચનો લાભ લઈ રહ્યા છે. બીકોમ સુધી અભ્યાસ કરી 2018થી પ્રાકૃતિક ખેતી કરતા નાગજીપુરાના પિનાકીન પટેલ અને ઝાખલાના મહેશ પટેલે જણાવ્યું કે, તેઓ ગાય આધારિત ખેતી દ્વારા પકવેલા ઘઉં, બાજરી અને શાકભાજી અહીં વેચે છે. કસુંબાડના રણજીતસિંહ ગોહિલ અને પ્રતાપપુરાના રણજીતસિંહ ચૌહાણે સરગવાનો પાવડર, મીઠા લીમડાનો પાવડર અને વિવિધ સીઝનલ શાકભાજીના વેચાણ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ કેન્દ્ર ખેડૂતો માટે આર્થિક સદ્ધરતાનું નવું માધ્યમ બન્યું છે.

બીજી તરફ, નિયમિત ખરીદી માટે આવતા સુનીતાબેન અને લત્તાબેન જેવા ગ્રાહકોનું માનવું છે કે પ્રાકૃતિક શાકભાજીના ભાવ અન્ય બજાર જેટલા જ છે, પરંતુ તેનો સ્વાદ અને ગુણવત્તા ચડિયાતી છે. શુદ્ધ આહાર મળતો હોવાથી સ્વાસ્થ્ય જળવાઈ રહેવાનો વિશ્વાસ ગ્રાહકોમાં જોવા મળ્યો હતો. આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર જી.સી. ભાલોડીયાએ નગરજનોને અપીલ કરી છે કે ખેડૂતોને પ્રોત્સાહન આપવા અને પોતાના સ્વાસ્થ્યને જાળવવા વધુમાં વધુ સંખ્યામાં આ કેન્દ્રની મુલાકાત લે.

# સુરતમાં તો ગરમીએ ડામર ઓગાળી દીધો: દીવમાં માર્ચની ગરમીએ 100 વર્ષનો રેકોર્ડ તોડ્યો, રાજકોટ-સુરેન્દ્રનગરમાં રેડ તો 11 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

**અમદાવાદ, તા.11**

રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ આકાશમાંથી 'અગનજ્વાળા' વરસતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે.માર્ચ મહિનાના શરૂઆતના 10 દિવસમાં જ તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચતા છેલ્લા ત્રણ વર્ષના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. દીવમાં તો માર્ચની ગરમીએ 100 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર જવા લાગ્યો છે.

હવામાન વિભાગે આજે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ગરમીનું રેડએલર્ટ આપ્યું છે. જ્યારે 11 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. અમદાવાદની વાત કરીએ તો અમદાવાદમાં આજે ગરમીનો પારો 42 ડિગ્રીએ પહોંચી શકે. દિવસે આકરી ગરમીનો સામનો કરનારા અમદાવાદીઓને રાત્રે પણ રાહત નહીં મળે. હવામાન વિભાગે આજે વોર્મ નાઈટનું એલર્ટ પણ આપ્યું છે.

સામાન્ય રીતે દીવમાં માર્ચ મહિનામાં 37 ડિગ્રી આસપાસ તાપમાન નોંધાતું હોય છે. પરંતુ, હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે,0 આ વર્ષે અહીં 100 વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. દીવમાં તાપમાનનો પારો 41 ડિગ્રીએ પહોંચ્યો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, માર્ચ મહિનામાં છેલ્લા 100 વર્ષમાં રેકોર્ડ બ્રેક ગરમી દીવમાં નોંધાઈ છે. ખાસ કરીને સમર વેકેશનમાં લોકો સૌથી વધારે દીવ ફરવા જવાનું પ્રિફર કરતા હોય છે. ત્યારે આ વખતે દીવમાં માર્ચ મહિનામાં જ 41.3 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતા ગયા સો વર્ષનો રેકોર્ડ તોડી દીધો છે.

ખાસ કરીને આજે રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં રેડ એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, સુરત, વડોદરા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં ઓરેન્જ એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, જામનગર અને ભાવનગરમાં યેલો એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદની વાત કરીએ તો, અમદાવાદમાં રાત્રે પણ વોર્મ નાઈટનું એલર્ટ આપવામાં આવ્યું છે.

જ્યારે આજે અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, આણંદ, પાટણ, કચ્છ, સુરેન્દ્રનગર અને દીવ જિલ્લામાં વોર્મ નાઈટ એટલે કે રાત્રે પણ ઉકળાટભર્યું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં 13 માર્ચ સુધી દરમિયાન ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે અને ઉત્તર-પશ્ચિમ દિશાથી 15થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

સુરતના રામપુરા વિસ્તારમાં ગરમીને કારણે ડામર ઓગળવાની ઘટના સામે આવતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ, રામપુરામાં કબીર મંદિર બીઆરટીએસ સ્ટેન્ડ પાસેનો રોડ થોડા સમય પહેલા જ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, દિન-પ્રતિદિન વધતા તાપમાન સામે આ



રોડ ટકી શક્યો નથી. ભરબપોરે પડતી ગરમીને કારણે રોડ પરનો ડામર નરમ પડીને ઓગળવા લાગ્યો હતો.

હવામાન નિષ્ણાત એ.ટી. દેસાઈએ જણાવ્યું હતું કે, હાલમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને 10%થી 20% નીચે ગયું છે, જે સામાન્ય રીતે 50%થી 60% રહેતું હોય છે. જેથી ચામડી બાળી નાખતી ગરમીનો અનુભવ થાય છે. આ સંજોગો જોતાં આગામી 3થી 4 દિવસમાં તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચવાની પૂરી સંભાવના છે.

અમદાવાદમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ છેલ્લા ચાર વર્ષના ડેટા પર નજર કરીએ તો, વર્ષ 2026માં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

અમદાવાદમાં આ વર્ષે ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, માર્ચ મહિનાના પ્રથમ 10 દિવસમાં જ તાપમાનમાં આશ્ચર્યજનક ઉછાળો જોવા મળ્યો છે. માર્ચ 1ના રોજ જે તાપમાન 34.2C હતું, તે માર્ચ 8 સુધીમાં વધીને 39.4C પર પહોંચી ગયું છે. 2024 અને 2025ની સાપેક્ષમાં 2026માં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધારે નોંધાયું છે. જોકે માર્ચ 9 અને 10ના અંદાજ મુજબ આગામી દિવસોમાં ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસ અને 41 ડિગ્રી સેલ્સિયસને વટાવી જવાની પૂરેપૂરી શક્યતા છે.

તમામ કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર કારીગરો માટે બપોરે 1થી 4 દરમિયાન કામ બંધ રાખવાનું રહેશે.

તમામ બગીચા સવારે 6થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

પુષ્કળ પાણી પીવું, હળવા રંગના ઢીલા- સુતરાઉ કપડાં પહેરવાં, બહાર હેલ્મેટ, છત્રી, ટોપી પહેરવી, લીંબુ પાણી, છાશ, નારિયેળનું પાણી અથવા ઓઆરએસનું સેવન કરવું.

બપોરે 12થી 4 જરૂર ન હોય તો બહાર નીકળવું નહિ. વધુ પડતી ગરમીમાં શારીરિક શ્રમ કરવો નહિ. ચા-કોફી અને કાર્બોનેટેડ પદાર્થનું સેવન ન કરવું.

વાસી કે વધુ પ્રોટીનવાળો ખોરાક ન લેવો. મસાલેદાર ખોરાક લેવાનું ટાળો, એનર્જી ડ્રિંક્સ પણ ટાળવું.

દિવસે તીવ્ર ગરમી રહ્યા બાદ રાત્રે પણ તાપમાન ઓછું ન થાય તો જોખમી સ્થિતિ મનાય છે. અગાઉનાં વર્ષોમાં આવું બન્યું છે.

2010: 43 ડિગ્રીથી વધુ તાપમાનના 19 દિવસ નોંધાયા. તેમાંથી 5 દિવસ એવા હતા, જેમાં રાત્રે લઘુતમ તાપમાન 30 ડિગ્રીથી નીચે ઊતર્યું નહોતું.

2016: 12 દિવસ મહત્તમ તાપમાન 43 ડિગ્રીથી વધુ, 3 દિવસ લઘુતમ તાપમાન 30 ડિગ્રી સુધી રહ્યું હતું.

2024: 43 ડિગ્રીથી વધારે તાપમાન ધરાવતા 13 દિવસ રહ્યા હતા, જેની સામે 30 ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હોય તેવા 9 દિવસ રહ્યા હતા.

જ્યારે વાતાવરણમાં હાઈ પ્રેશર રચાય છે ત્યારે વાતાવરણમાં નીચલા સ્તરેથી ગરમ પવન સીધા જમીન તરફ આવે છે. આ પ્રક્રિયાથી આકાશ સ્વચ્છ રહેવાથી સૂર્યકિરણો સીધા જમીન પર પડતાં ગરમીનો પારો અચાનક ઊંચકાય છે. ક્રોંકીટ, રોડ અને મોટી બિલ્ડિંગ ગરમીને શોષી રાખે છે, જેથી શહેરોમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારો કરતાં વધુ ગરમી અનુભવાય છે. લઘુતમ તાપમાનમાં પણ 5.2 ડિગ્રીનો વધારો થતાં માર્ચ મહિનાથી રાત્રે ગરમી વર્તાવાનું શરૂ થઈ ગયું.

હીટ ડોમ અસર : વાતાવરણમાં એક ઊંચા દબાણની સિસ્ટમ સર્જાઈ છે, જે ગરમ હવાને નીચેની તરફ દબાવે છે. આ ગરમ હવા જમીનની નજીક જ કેદ થઈ જાય છે, જેથી તાપમાનમાં સતત વધારો થાય છે.

ઠંડક આપતી સિસ્ટમનો અભાવ : સામાન્ય રીતે માર્ચમાં 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ'ને કારણે વાદળો છવાયેલા રહે છે, જે ગરમીને રોકે છે. આ વર્ષે આવી સિસ્ટમ સક્રિય નથી, જેથી તાપ સીધો જમીન પર આવે છે.

ગરમ અને સૂકા પવનો : ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા સૂકા અને ગરમ પવનને કારણે ભેજનું પ્રમાણ ઘટ્યું છે, જે ગરમીની તીવ્રતા વધારે છે.

શહેરીકરણની અસર : કોંક્રિટના મકાનો અને ડામરના રસ્તાઓ દિવસભર ગરમી શોષી લે છે. રાત્રે પણ આ ગરમી હવામાં છૂટી પડતી હોવાથી વાતાવરણ સતત ગરમ રહે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# લોકો ભયંકર ગરમીમાં પાલતૂ કૂતરા-બિલાડીને છોડીને ભાગ્યા

મિડલ ઈસ્ટમાં વધતા ઇઝરાયલ-ઈરાન તણાવ વચ્ચે સંયુક્ત આરબ અમીરાત (UAE)માં લોકો દેશ છોડવાની તૈયારીમાં પોતાના પાલતુ કૂતરાં, બિલાડીઓ અને અન્ય પ્રાણીઓને રસ્તાઓ પર કે શેલ્ટરમાં છોડી રહ્યા છે. બચાવ સંસ્થાઓ અનુસાર, લોકો પ્રાણીઓને ખાધા-પીધા વિના ભયંકર ગરમીમાં રસ્તા પર થાંભલા સાથે બાંધીને છોડીને જતા રહ્યા છે. એનિમલ વેલફેર વર્કર્સનું કહેવું છે કે તેમને ઘરો કે આશ્રયસ્થાનોની બહાર પાંજરામાં બંધ બિલાડીઓ અને ગલુડિયાઓ પણ મળ્યા છે. અબુ ધાબીના એનિમલ વેલફેર વર્કર એન્સો સ્ટેન્ડરે તેને સ્વાર્થી અને નિર્દયી પગલું ગણાવ્યું. તેમણે એમ પણ કહ્યું કે તેમના શેલ્ટર નજીકના વિસ્તારમાં બે છોડી દેવાયેલા કૂતરાઓને ગોળી મારવામાં આવ્યા હોવાના સમાચાર મળ્યા છે.


દુબઈમાં બચાવવામાં આવેલી 2 બિલાડીઓ. દુબઈ મ્યુનિસિપાલિટીએ રખડતા પ્રાણીઓની મદદ માટે 'એહસાન સ્ટેશન' નામની પહેલ શરૂ કરી છે.


દુબઈમાં એક પરિવારે પોતાના પાલતુ ડોગને રસ્તા પર બાંધીને છોડી દીધો.


ઈરાની સ્વાસ્થ્ય અધિકારીઓનું કહેવું છે કે યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધી માર્યા ગયેલા લોકોમાંથી લગભગ 30% બાળકો છે.




અબુ ધાબીના અલ ઐન શહેરમાં એક મહિલાને પોતાના ઘરની બહાર એક બોક્સમાં એક મા બિલાડી અને તેના ચાર બચ્ચા મળ્યા


ઈરાનમાં 10 માર્ચના રોજ ઇઝરાયલી હુમલા બાદ અનેક ગાડીઓ અને ઈમારતો તબાહ થઈ ગઈ.


ઘણા લોકો પોતાના પાલતુ પ્રાણીઓને રસ્તાઓ પર, પાર્કમાં કે શેલ્ટરની બહાર છોડીને જઈ રહ્યા છે.


ઈરાન પર અમેરિકી-ઈઝરાયલી હવાઈ હુમલામાં ઘાયલ થયેલી બાળકીની તહેરાનની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેના ચહેરા અને ગરદન પર ઈજાના નિશાન છે.


લેબનોનમાં મંગળવારે પોતાની જરૂરી સામાન સાથે દેશ છોડતો પરિવાર.


દુબઈમાં એક કૂતરાને ખાધા-પીધા વગર થાંભલા સાથે બાંધીને છોડી દેવામાં આવ્યો.


લેબનોનની રાજધાની બેરુતના કોર્નિશ તટ પર વિસ્થાપન પછી 10 માર્ચે બે મહિલાઓ એક બેન્ચ પર બેઠેલી.


ઈઝરાયલના હુમલા બાદ લેબનોનની રાજધાની બેરુતમાં લોકોના ઘર તબાહ થઈ ગયા છે, ઈમારતો તૂટેલી દેખાઈ રહી છે, ચારેય તરફ કાટમાળ જ કાટમાળ દેખાઈ રહ્યો છે.


તેહરાનમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના આવાસના નાશ થવાની સેટેલાઇટ તસવીર.


ઈરાનના તેહરાનમાં 28 ફેબ્રુઆરીના રોજ ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીની હત્યા બાદ એક મહિલા તેમનો ફોટો પકડીને રડતી જોવા મળી.


ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં માર્યા ગયેલા લોકોના અંતિમ સંસ્કારમાં સામેલ એક મહિલા રડતી હતી.

### ટ્રમ્પ અને એપસ્ટીનનો 'ટાઈટેનિક પોઝ'

## વોશિંગ્ટનમાં રાતોરાત ખડકાઈ ટ્રમ્પ અને યૌન અપરાધી એપસ્ટીનની વિવાદાસ્પદ મૂર્તિ, નામ આપ્યું 'કિંગ ઓફ ધ વર્લ્ડ'

**વોશિંગ્ટન, તા.11**

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીના નેશનલ મોલ પાર્કમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનની પ્રતિમા રાતોરાત સ્થાપિત કરવામાં આવી છે. સવારે લોકોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનની આ વિવાદાસ્પદ પ્રતિમા જોઈ. કલાકારોના જૂથ 'સીક્રેટ હેન્ડશેક' દ્વારા રાતોરાત સ્થાપિત કરવામાં આવેલી આ 3.6 મીટર ઊંચી ગોલ્ડ પ્રતિમામાં બંને આકૃતિઓને પ્રખ્યાત ફિલ્મ 'ટાઈટેનિક'ના આઈકોનિક પોઝમાં દર્શાવવામાં આવ્યા છે. 'કિંગ ઓફ ધ વર્લ્ડ' ગણાવતું આ આર્ટવર્ક એવા સમયે સામે આવ્યું છે જ્યારે એપસ્ટીન કેસના નવા જાહેર થયેલા દસ્તાવેજોમાં ટ્રમ્પના નામનો વારંવાર ઉલ્લેખ થતા ફરી એકવાર વિવાદોનું વાવાઝોડું ફૂંકાયું છે.



રિપોર્ટ્સ અનુસાર, આ ઈન્સ્ટોલેશન કલાકારોના એક ગ્રુપ 'સીક્રેટ હેન્ડશેક' દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું છે. તેને કોઈ સત્તાવાર જાહેરાત વિના આ અઠવાડિયે અચાનક સ્થાપિત કરી દેવામાં આવ્યું. આ સમૂહે પહેલા પણ આ જ પ્રકારના વિરોધ સાથે સંકળાયેલા આર્ટવર્ક લગાવ્યા છે. તાજેતરમાં ફેરાગટ સ્ક્વેરમાં 'જેફ્રી એપસ્ટીન વોક ઓફ શેમ' નામથી એક અન્ય ઈન્સ્ટોલેશન લગાવવામાં આવ્યું હતું. આ મામલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે 30 જાન્યુઆરીએ એપસ્ટીન કેસ સાથે સંકળાયેલા કેટલાક નવા રેકોર્ડ જાહેર કર્યા હતા. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ સેંકડો વાર નોંધાયેલું છે. 3.6 મીટર ઊંચી આ શિલ્પકૃતિ એક જહાજના આગળના ભાગમાં બે આકૃતિઓ દર્શાવે છે, જે 'ટાઈટેનિક' ફિલ્મના પોઝની યાદ અપાવે છે. સોનેરી રંગથી રંગાયેલી, આ કૃતિ કેપિટોલ અને વોશિંગ્ટન સ્મારક વચ્ચે મૂકવામાં આવી છે. આ પહેલાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને દિવંગત ફાઈનાન્સર અને જાતીય અપરાધી જેફરી એપસ્ટીનને હાથ પકડીને મજા કરતા દર્શાવતી એક પ્રતિમાને 24 સપ્ટેમ્બર, 2025નાં રોજ વોશિંગ્ટનના નેશનલ મોલ પરથી હટાવી દેવામાં આવી હતી, જ્યાં તેને ગુપ્ત રીતે પ્રદર્શિત કરવામાં આવી હતી. આ તસવીરમાં રાષ્ટ્રપતિ અને દોષિત યૌન અપરાધી, જેઓ ભૂતકાળમાં મિત્રો હતા, એકસાથે ખુશ દેખાતા, મોટી સ્મિત સાથે અને પગ ફેલાવીને બેઠેલા દર્શાવવામાં આવ્યા હતા. અમેરિકામાં ન્યાય વિભાગે કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા નવા દસ્તાવેજો જાહેર કર્યા છે. એફબીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં મહિલાએ દાવો કર્યો હતો કે એપસ્ટીને તેની મુલાકાત ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કરાવી હતી. ટ્રમ્પે તેનું યૌન શોષણ કર્યું. તે સમયે તે સગીર હતી. આ પાના અગાઉ જાહેર કરવામાં આવ્યા ન હતા. એફબીઆઈએ મહિલાના દાવાઓ સંબંધિત 4 ઈન્ટરવ્યુ કર્યા હતા. પરંતુ શરૂઆતી રિલીઝમાં માત્ર એક ઈન્ટરવ્યુનો સાર દેખાયો, જેમાં મહિલાએ એપસ્ટીન વિરુદ્ધ આરોપો જણાવ્યા હતા. બાકીના ત્રણ ઈન્ટરવ્યુ ગાયબ થવા પર સવાલો ઉઠી રહ્યા હતા. અધિકારીઓએ હવે કહ્યું કે તેમને ભૂલથી 'ડુપ્લિકેટ' માની લેવામાં આવ્યા હતા, તેથી રોકી દેવામાં આવ્યા હતા. જોકે, પછીની સમીક્ષામાં આ વાત ખોટી સાબિત થઈ. અમેરિકાના વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ આ વાત પર સવાલ ઉઠાવી રહ્યા છે કે ટ્રમ્પ સરકાર એપસ્ટીન સંબંધિત દસ્તાવેજોને કેવી રીતે હેન્ડલ કરી રહી છે. ડેમોક્રેટ્સનો આરોપ છે કે ટ્રમ્પ પ્રશાસને એપસ્ટીન તપાસ સંબંધિત એવી માહિતીઓ દબાવી, જે ટ્રમ્પને નુકસાન પહોંચાડી શકતી હતી.

## એર ઈન્ડિયા એક્સપ્રેસમાં બેઠેલા 133 મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

### રનવે પર ફ્લાઈટનું લેન્ડિંગ દરમિયાન પૈડું નીકળી ગયું, નોઝ ગિયર તૂટતા થાઈલેન્ડમાં હાર્ડ લેન્ડિંગ

**બેંગકોક, તા.11**

થાઈલેન્ડમાં એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ બુધવારે બપોરે લેન્ડિંગ દરમિયાન અકસ્માતનો ભોગ બની. વિમાન રનવે પર ઉતરતા જ તેનું નોઝ ગિયર તૂટી ગયું અને આગળનું પૈડું અલગ થઈ ગયું. આ ફ્લાઈટ હૈદરાબાદથી ફુકેટ જઈ રહી હતી.





થાઈ અખબાર ધ નેશન અનુસાર, ઘટના બાદ થોડા સમય માટે રનવે બંધ કરવો પડ્યો હતો, જોકે વિમાનમાં સવાર તમામ 133 મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા અને કોઈના ઘાયલ થવાના સમાચાર નથી.

આ ફ્લાઈટ નિર્ધારિત સમય પહેલા ફુકેટ પહોંચી ગઈ હતી. વિમાનનો નિર્ધારિત લેન્ડિંગનો સમય સવારે 11:40 હતો, પરંતુ તે 11:24 વાગ્યે જ ઉતરી ગયું. કહેવામાં આવી રહ્યું છે કે વિમાનનું લેન્ડિંગ ખૂબ ઝડપી થયું, જેના કારણે તેના આગળના લેન્ડિંગ ગિયરને નુકસાન થયું. પૈડું અલગ થઈ જવાને કારણે વિમાનને તરત રનવે પરથી હટાવી શકાયું નહીં.

એરપોર્ટ અધિકારીઓએ પરિસ્થિતિને ઝડપથી કાબૂમાં લીધી. વિમાનમાં સાત ક્રૂ સભ્યો, 131 મુસાફરો અને બે બાળકો સવાર હતા. આ ઘટના પછી, ફુકેટ ઈન્ટરનેશનલ એરપોર્ટે રનવેને અસ્થાયી રૂપે બંધ કરી દીધો જેથી વિમાનને હટાવી શકાય અને રનવેની સુરક્ષા તપાસ કરી શકાય.

એરપોર્ટ અનુસાર, એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ AXB938 હૈદરાબાદથી ફુકેટ આવી હતી. આ વિમાન બોઈંગ 737-800 હતું, જેનો રજીસ્ટ્રેશન નંબર VT-BWQ છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અમે પુષ્ટિ કરીએ છીએ કે 11 માર્ચે અમારી હૈદરાબાદ-ફુકેટ ફ્લાઈટમાં ફુકેટ એરપોર્ટ પર નોઝ વ્હીલમાં સમસ્યા આવી હતી.' નોઝ વ્હીલ એરક્રાફ્ટના લેન્ડિંગ ગિયર સિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે વિમાનનું લેન્ડિંગ ખૂબ ઝડપી થયું હતું, જેના કારણે નોઝ લેન્ડિંગ ગિયરને નુકસાન થયું અને વિમાન રનવે પરથી હટી શક્યું નહીં.

ફુકેટ ઈન્ટરનેશનલ એરપોર્ટે બપોરે 12:08 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી રનવે બંધ રહેવાની સૂચના જાહેર કરી. આ સાથે એરપોર્ટ પ્રશાસને સંબંધિત એજન્સીઓ સાથે મળીને પરિસ્થિતિ સંભાળી અને તમામ સુરક્ષા નિયમોનું પાલન કર્યું.

એરપોર્ટે પ્રભાવિત મુસાફરોને જણાવ્યું છે કે તેઓ એરપોર્ટ આવતા પહેલા પોતાની એરલાઈનનો સંપર્ક કરીને ફ્લાઈટની સ્થિતિ અને યાત્રા સંબંધિત માહિતી ચોક્કસપણે તપાસી લે, જેથી કોઈપણ પ્રકારની મુશ્કેલીથી બચી શકાય.

મિડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહી છે. એર ઈન્ડિયા 12 માર્ચથી ડોમેસ્ટિક ફ્લાઈટ ટિકિટ પર 399નો ફ્યુઅલ સરચાર્જ લાદશે. આનો અર્થ એ કે તમારે હવે ટિકિટ ખરીદતી વખતે વધારાના 399 ચૂકવવા પડશે.

એર ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પણ સરચાર્જ વસૂલશે. બ્લૂમબર્ગે એ પણ અહેવાલ આપ્યો છે કે ભારતીય એરલાઈન્સે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડામાં આશરે 15% વધારો કર્યો છે.

## તંત્રી લેખ

# માઓવાદના સફાયાના છેલ્લા દિવસો 130 લોકો શસ્ત્રો મૂકી શરણે આવ્યા

ગયા શનિવારે તેલંગાણાના મુખ્યપ્રધાનની હાજરીમાં ૧૩૦ માઓવાદીઓ તેમના હથિયારો સાથે શરણે આવતા માઓવાદની રહીસહી કરોડરજ્જૂ તૂટી ગઈ છે. મુખ્ય પ્રધાન રેવન્થ રેડ્ડીએ દરેકને આવકાર્યા હતા અને દેશના મુખ્ય પ્રવાહમાં જોડાવવા આમંત્રણ આપ્યું હતું. માઓવાદીઓમાં રહેલી વિવધ રેન્કના સભ્યોનો શરણે આવવામાં સમાવેશ થાય છે. તેમણે જે શસ્ત્રો જમા કરાવ્યા છે તેમાં ૩૧ એકે-૪૭ રાઈફલ સહીત કુલ ૧૨૪ શસ્ત્રો જમા કરાવ્યા હતા.

જે રીતે ૧૩૦ માઓવાદીઓ શરણે આવ્યા તે જોતાં એમ લાગે છેકે સરકારે માર્ચ-૨૦૨૬ પહેલાં માઓવાદ ખતમ કરવા આપેલું પ્રોમીસ પાળી શકાશે. સરંડર થયેલા માઓવાદીઓમાં ૩ સ્ટેટ કમિટી મેમ્બર, ૧ રિજીયોનલ કમિટી મેમ્બર,૧૦ ડિવિઝનલ કમિટી મેમ્બર, ૪૬, એરિયા કમિટી મેમ્બર, ૭૦ પાર્ટી મેમ્બર વગેરેનો સમાવેશ થાય છે.

માઓવાદીઓ જંગલમાં પોતાની મીની સરકાર ચલાવતા હતા અને ગામડાના લોકોને દેશ વિરૂધ્ધ ઉશ્કેરતા હતા. સામાન્ય રીતે દેશ વિરોધી ઝુંબેશ ચલાવનારાઓને દેશના દુશ્મનો શોધતા હોય છે અને તેમને આર્થિક મદદ કરીને પોતાનું ધાર્યું કરાવતા હોય છે. માઓવાદીઓ સાથે જોડાનારા યુવાનોની સંખ્યા પણ ઘટી ગઈ હતી.

સરકારો દેશમાંથી માઓવાદને ખતમ કરવાની ડેડ લાઈન ૩૧ માર્ચ ૨૦૨૬ની આપી છે. તેલંગાણા ખાતે જે ૧૩૦ માઓવાદીઆએ સરંડર કર્યું તે દર્શાવે છેકે માઓવાદીઓ ડરી રહ્યા છે અને તેમને મળતી આર્થિક સહાય આપનારા અને તેમનું પ્રોટેક્શન કરનારાનો અંત આવી ગયો છે.

સરકારે શરણે આવતા માઓવાદીઓ પાસેથી તેમને આર્થિક સહાય આપનારા, શસ્ત્રો મોકલનારા અને તેની તાલીમ આપનારાઓના નામ જાણી લીધા હતા. ત્યારબાદ સરકારે દેશ વિરોધી તત્વોનો ખાત્મો બોલાવી દીધો છે એમ કહી શકાય. લેફ્ટ વીંગ એક્સટ્રીમિઝમના નામે ઓળખાતું સંગઠન પણ હવે ધોવાઈ ગયું છે. માઓવાદને બહારથી જંગલો સુધી મદદ પહોંચાડતા લોકોને પણ સરકારે પકડી પાડયા હતા.

માઓવાદીઓને પૈસા મોકલનારા અને તેમને જેલમાંથી છોડાવનારા સરકારના કડક પગલાં જોઈને રફૂચક્કર થઇ ગયા હતા. માઓવાદીઓના અને નક્સલવાદીઓના અડ્ડાઓ પરથી એક તબક્કે રોકેટ લોંચર્સ પણ મળી આવતા હતા. રોકેટ લોંચર્સ જંગલમાં કેવી રીતે પહોંચ્યા અને તે ઓપરેટ કરવાની તાલીમ કોણે આપી તેની તપાસ કરતાં તેના તાર દુશ્મન દેશો સુધી પહોંચતા સરકાર સ્તબ્ધ થઇ ગઇ હતી.

માઓવાદીઓને શરણે આવવા અને લઘુ ઉદ્યોગ જેવી પ્રવૃત્તિ કરવા સમજાવાતા હતા. કેન્દ્રની મોદી સરકારે માઓવાદને ખતમ કરવાનું નક્કી કર્યું હતું. છત્તીસગઢના બસ્તરના જંગલાને રેડ કોરીડોર નામ અપાયું હતું. જંગલોમાં રહીને માઓવાદીઓ શહેરીજનોને ટાર્ગેટ બનાવતા હતા. તેમનો આશય અરાજકતા ઉભી કરવાનો હતો. જોકે દેશ વિરોધી તત્વોના હાથા બનીને તેમણે દેશની પાલીસ સામે હથિયારોનો ઉપયોગ કરવો શરૂ કર્યો હતો.

માઓવાદ અને નક્ષલવાદ વચ્ચે મા-માસી જેવો સંબંધ છે. બંનેનો હતુ એક છે. બંને લોકોને દેશ વિરૂધ્ધ ઉશ્કેરતા હતા. નક્ષલવાદ ૧૯૬૭માં પ.બંગાળના નક્સલબારી ખાતેથી શરૂ થયો હતો. તે શોષણખોરી સામે અવાજ ઉઠાવવા શરૂ કરાયો હતો. જ્યારે માઓવાદ સરહદ પરના ગામોના લોકોને ઉશ્કેરીને તોફાનો કરવાનો હતો. માઓવાદીઓ એટલે માર્ક્સવાદી-લેનિનવાદી-માઓવાદીઓની વિચારધારા. જોકે ભારતના કેટલાક રાજકીય પક્ષો તેમના હેતુ સિધ્ધ કરવા તેમનો ઉપયોગ કરતા હતા. જોકે દાયકાઓથી પરેશાન કરતા માઓવાદીઓની પ્રવૃત્તિ હવે અંત તરફ છે. સત્તાવાર આંકડા અનુસાર ૨૦૦૧ થી ૨૦૨૫ સુધીમાં માઓવાદીઓ સામે ૩૪૦૪ એનકાઉન્ટર કરાયા હતા જેમાં ૧૫૪૧ માઓવાદીઓ માર્યા ગયા હતા.

**મધ્યપૂર્વના દેશોમાં રણ પ્રદેશ વધારે છે. આ ઉપરાંત અહીંયા વરસાદનું પ્રમાણ નહીવત છે. આસપાસ વિશાળ રણ અને દરિયા સિવાય કશું જ નથી. તેના કારણે જ સાઉદી, યુએઈ, કુવૈત, બેહરીન, ઓમાન અને ઈરાનને પીવાના ચોખ્ખા પાણી માટે ડિસેલિનેશન પ્લાન્ટ ઉપર જ આધાર રાખવો પડે છે : ખાડી દેશોનું એક જૂથ બનાવવામાં આવેલું છે. તેને જીસીસી એટલે કે ખાડી સહયોગ પરિષદ કહેવાય છે. તેઓ દુનિયાના 40 ટકા ડિસેલિનેશન પાણીનું ઉત્પાદન કરે છે. સમગ્ર વિસ્તારમાં ૪૦૦થી વધારે ડિસેલિનેશન પ્લાન્ટ આવેલા છે. ખાડી દેશોમાં ઘણા દેશોમાં તો પીવાનું સંપૂર્ણ પાણી આ પ્લાન્ટ થકી જ પૂરું પાડવામાં આવે છે**

# ઈરાન યુદ્ધ : દુનિયા ક્રુડ માટે અને ખાડી દેશો પાણી માટે વલખાં મારશે

## અમેરિકાએ ઈરાનના ડિસેલિનેશન પ્લાન્ટ ટાર્ગેટ કર્યા, જવાબમાં ઈરાને બહેરિનના પ્લાન્ટ તોડી પાડયા : ખાડી દેશોમાં પીવાના પાણીની તંગી સર્જાઈ રહી છે



અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન સામે જે જંગ શરૂ કરાયો છે તે હવે વધારે આકરો થઈ રહ્યો છે. શરૂઆતના તબક્કામાં હથિયારો, મિસાઈલો કે પછી અણુમથકો અને સૈન્ય મથકોને ટાર્ગેટ કરવામાં આવતા હતા પણ હવે આ દેશો એકબીજાના પાણીના સ્રોતને ટાર્ગેટ કરી રહ્યા છે. અમેરિકા અને ઈરાન દ્વારા એકબીજાના પાણીના ડિસેલિનેશન પ્લાન્ટ તોડી પાડવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે, બે-ચાર દિવસ પહેલાં અમેરિકાએ ઈરાનના કેશ્મ દ્વિપ ઉપર હુમલો કરીને ત્યાં આવેલા ઈરાનના વોટર પ્લાન્ટ તોડી પાડયા હતા. તેના કારણે ઈરાનના અનેક ગામડાઓમાં પાણીની તંગી શરૂ થઈ ગઈ છે. અંદાજે ૩૦ જેટલા ગામ તો તરસ્યા થઈ ગયા છે અને લોકો હિજરત કરવા લાગ્યા છે.

બીજી તરફ ઈરાને પણ આ જ દિશામાં હિંસા કરવાનું શરૂ કરી દીધું છે. ઈરાને પણ વળતો જવાબ આપવા માટે બેહરીન ખાતે આવેલા વોટર ડિસેલિનેશન પ્લાન્ટને ઉડાવી દીધો છે. ઈરાને હાલમાં અમેરિકાને મદદ કરનારા કે પછી તેનો વોર બેઝ બનનારા ખાડી દેશો ઉપર હુમલો કરવાની સ્ટ્રેટેજી અપનાવેલી છે. તેના જ ભાગ રૂપે તેણે બહેરીન ખાતે હુમલા કરીને વોટર પ્લાન્ટ તોડી પાડયા છે. જાણકારોના મતે આ પ્લાન્ટ બેહરિન માટે લાઈફલાઈન સમાન છે.

તેમની ઉપર હુમલા થવા તે સમગ્ર વિસ્તાર માટે જોખમી સાબિત થાય તેમ છે. જો આ રીતે વોટર પ્લાન્ટ થતા રહેશે કે તેના ઉપર સાઈબર એટેક કરીને પુરવઠો ખોરવવામાં આવશે કે પછી કેમિકલ એટેક કરીને તેને ઝેરી બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો ખાડી દેશોમાં વ્યાપક પાણી સંકટ ઊભું થશે. ખાડી દેશોમાં પાણીના આ પ્લાન્ટ ખરાબ થવા તે માત્ર આર્થિકનુકસાન કે યુદ્ધનું પરિણામ નહીં હોય પણ અહીંયા વસતા કરોડો લોકો માટે જીવનનું સંકટ આવી જશે. ખાડી દેશોમાં ચોખ્ખા પાણીનો પુરવઠો અટકવો એટલે જીવન અટકી જવા જેવી સ્થિતિ છે.

મહત્ત્વની વાત એ છે કે, મધ્યપૂર્વના દેશોમાં રણ પ્રદેશ વધારે છે. આ ઉપરાંત અહીંયા વરસાદનું પ્રમાણ નહીવત છે. આસપાસ વિશાળ રણ અને દરિયા સિવાય કશું જ નથી. તેના કારણે જ સાઉદી, યુએઈ, કુવૈત, બેહરીન, ઓમાન અને ઈરાનને પીવાના ચોખ્ખા પાણી માટે ડિસેલિનેશન પ્લાન્ટ ઉપર જ આધાર રાખવો પડે છે. સમુદ્રના ખારા પાણીને પ્રોસેસ કરીને તેને પીવા યોગ્ય બનાવવા માટે આ પ્લાન્ટ નાખવામાં આવે છે. વાસ્તવિકતા એ છે કે, આ માટે પણ ખાડી દેશોનું એક જૂથ બનાવવામાં આવેલું છે. તેને જીસીસી એટલે કે ખાડી સહયોગ પરિષદ કહેવાય છે. તેઓ દુનિયાના ૪૦ ટકા ડિસેલિનેશન પાણીનું ઉત્પાદન કરે છે. સમગ્ર વિસ્તારમાં ૪૦૦થી વધારે ડિસેલિનેશન પ્લાન્ટ આવેલા છે. ખાડી દેશોમાં ઘણા દેશોમાં તો પીવાનું સંપૂર્ણ પાણી આ પ્લાન્ટ થકી જ પૂરું પાડવામાં આવે છે.

ખાડી દેશોની સ્થિતિ ઉપર નજર કરીએ તો કતાર દ્વારા ૧૦૦ ટકા પાણી ડિસેલિનેશન દ્વારા જ ઉપયોગમાં લેવાય છે. બીજી તરફ કુવૈતનું ૯૦ ટકા પાણી ડિસેલિનેશન થકી જ મળે છે. બહેરીનમાં પણ આ આંકડો ૯૦ ટકાનો છે. ઓમાન ૮૬ ટકા ડિસેલિનેટેડ પાણીનો વપરાશ કરે છે જ્યારે સાઉદીમાં ૭૦ ટકા પાણી આ પ્રોસેસ દ્વારા આવે છે. બીજી તરફ રિયાધ જેવા શહેર ૯૦ ટકા ડિસેલિનેટેડ પાણી ઉપર આધાર રાખે છે.

યુએઈમાં ૪૨ ટકા પાણી અને તેમાંય દુબઈ અને અબુધાબીમાં પણ વ્યાપક પ્રમાણમાં ડિસેલિનેશન વોટરનો જ ઉપયોગ કરવામાં આવે છે. ખાડી દેશોમાં ભયાનક ગરમી પડે છે, પાણીના કુદરતી સ્રોત નહીવત છે. વધતી વસતી, પ્રવાસન અને ઉદ્યોગોને કારણે પાણીની જરૂર વધારે પડે છે. તેના પગલે અંડરગ્રાઉન્ડ સ્રોત પણ ઝડપથી ખાલી થઈ રહ્યા છે. આ સંજોગોમાં તેમણે ડિસેલિનેશન પ્રોસેસ ઉપર આધાર રાખવો પડે તેમ છે.

ઉલ્લેખનીય છે કે, ખાડી દેશો માટે પાણી માત્ર જીવન જરૂરિયાતની વસ્તુ કે માળખાગત સુવિધા નથી પણ તેમના અસ્તિત્વનો જ એક ભાગ છે. જાણકારો સ્પષ્ટ માને છે કે, આ યુદ્ધમાં જો ક્રૂડના પ્લાન્ટ અને કુવાને ટાર્ગેટ કરવાના બદલે પાણીના સ્રોતને ટાર્ગેટ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે તો તે વધારે ચિંતાજનક અને ભયાનક બની શકે તેમ છે. ઈરાન ઈન્ટરનેશનલના એક અહેવાલમાં જણાવાયું હતું કે, ૨૦૦૮માં લીક થયેલા કેટલાક અમેરિકી દસ્તાવેજોમાં આ બાબતોનો ઉલ્લેખ હતો. તેમાં તે સમયે પણ જણાવાયું હતું કે, જો સાઉદીના જુબૈલ ખાતે આવેલા ડિસેલિનેશન પ્લાન્ટને નષ્ટ કરી દેવામાં આવે તો રિયાધ શહેર એક જ અઠવાડિયામાં ખાલી કરવું પડે. અહીંયાનું ૯૦ ટકા પાણી આ પ્લાન્ટમાંથી આવે છે. સાઉદીની રાજધાની જ ખાલી કરવાનો વારો આવી જાય.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, હાલમાં જે યુદ્ધ ચાલી રહ્યું છે તેના ભણકારા ગત વર્ષથી શરૂ થયા હતા. તે સમયે કતારના વડાપ્રધાને ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, જો અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થશે અને ઈરાનના પરમાણુ ઠેકાણાઓ ઉપર હુમલા થશે તો સમુદ્રનું પાણી સંક્રમિત થઈ જશે. જો દરિયાનું પાણી સંક્રમિત થશે તો કતાર, યુએઈ, કુવૈત જેવા દેશોમાં ભયાનક સંકટ ઊભું થશે. કતાર જેવા દેશ માટે તો આ સ્થિતિમાં માત્ર ૩ દિવસનું જ પાણી વધશે. ત્યારબાદ કતાર દ્વારા પાણીના સંગ્રહ માટે ૧૫ જેટલા મોટા ભંડાર બનાવાયા છે છતાં આ સંકટ લાંબું ખેંચી શકાય તેમ નથી.

ઉલ્લેખનીય છે કે, ખારા પાણીના ખનીજ ઘટકોને અલગ કરીને તેને પીવા યોગ્ય અને ઉપયોગ કરવા યોગ્ય બનાવવાની પ્રક્રિયાને ડિસેલિનેશન કહેવાય છે. દરિયાઈ વિસ્તારોમાં જ્યાં પાણીના કુદરતી સ્રોત ઓછા હોય ત્યાં આ પદ્ધતિનો ઉપયોગ વ્યાપક રીતે કરવામાં આવે છે. ઘરમાં જે સામાન્ય પાણીના ફિલ્ટરેશન પ્લાન્ટ દ્વારા ચોખ્ખું પાણી મળે છે તેવી જ રીતે વ્યાપક જથ્થામાં આ પાણી મળે છે.

ડિસિલેશન બે રીતે કરવામાં આવતું હોય છે. એક તો ખારા પાણીને ઉકાળીને તેની વરાળને ઠંડી પાડવામાં આવે અને તે પાણીનો ઉપયોગ કરવામાં આવે. બીજી રિવર્સ ઓસ્મોસિસ એટલે કે આરઓ પદ્ધતિ છે. તેમાં એક વિશાળ મેમ્બ્રેનમાંથી સોલ્વંટને પસાર કરવામાં આવે છે. તેમાં હેવી કન્સ્ટ્રેશન ધરાવતા વિસતારમાંથી લોઅર કન્સ્ટ્રેશન ધરાવતા વિસ્તારમાં તેને પસાર કરવામાં આવે છે. આ દરમિયાન મેમબ્રેનમાં મીઠું અને અન્ય અશુદ્ધિઓ રહી જાય છે જ્યારે સ્વચ્છ પાણી બહાર આવે છે.

વિશ્વભરમાં નજર કરીએ તો દુનિયામાં કુલ પીવાના પાણીમાંથી ૧ ટકા પાણી ડિસેલિનેશન પ્રોસેસ દ્વારા આવે છે. આ પ્રક્રિયા મીડલ ઈસ્ટ અને ઉત્તરી આફ્રિકામાં જાણીતી અને ચલણમાં છે. બીજી તરફ નાના નાના દ્વિપ રાષ્ટ્રો અને કેટલાક વિકાસશિલ દેશોમાં પણ પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાય છે. ચિંતાજનક બાબત એટલી જ છે કે આ ડિસેલિનેશન પ્રોસેસ પછી જે પાણી અને અશુદ્ધિઓ વધે છે તેનો નિકાલ ખૂબ જ કપરી બાબત હોય છે. મોટાભાગે તેને દરિયામાં વહાવી દેવાય છે અને દરિયાની ઈકોલોજીને તેનાથી વધારે નુકસાન થાય છે.'

જિયો પોલિટિક્સના જાણકારો માને છે કે, અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન એકબીજાને દબાવવા માટે મરણિયા થયા છે. અમેરિકા દ્વારા કેશ્મ દ્વીપ ઉપર આવેલા ડિસેલિનેશન પ્લાન્ટને તોડી પાડવામાં આવ્યા. તેના કારણે ઈરાનના ૩૦ ગામડા પીણી વિહોણા થઈ ગયા. માનવતા સામેનો આ ભયંકર ગુનો છે. કોઈ દેશને દબાવવા માટે ત્યાંના લોકો પાસેથી જીવનજરૂરિયાતની વસ્તુ છીનવી લેવી તે ક્યાંનું યુદ્ધ થયું. ઈરાન અને અન્ય કેટલાક દેશો અને માનવતાવાદી સંગઠનો દ્વારા તેની આકરી નિંદા કરાઈ હતી. પાછળથી ઈરાને પણ અમેરિકાનો જ રસ્તો લીધો. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ્સ દ્વારા બહેરીન ખાતે અમેરિકી મિલિટરી બેઝ અલ-જફીર ઉપર મિસાઈલ મારો કરવામાં આવ્યો હતો. ઈરાને આરોપ મુક્યો હતો કે, અમેરિકાએ કેશ્મ દ્વિપ ઉપર જે કર્યું તેનો બદલો લેવા માટે મિસાઈલમારો કરવામાં આવ્યો છે. તેમાં બહેરીન ખાતે આવેલા પાણીના ડિસેલિનેશન પ્લાન્ટ બરબાદ થઈ ગયા છે. તેના કારણે પાણીની તંગી શરૂ થઈ ગઈ છે. ઈરાનનો દાવો છે કે, અમે ગણતરી પૂર્વકનો જ હુમલો કર્યો હતો. હકિકતે બેહરીનમાં ઘણા સામાન્ય લોકોના મોત થયા છે અને પ્લાન્ટને વ્યાપક નુકસાન થયું છે. હકિકત એ છે કે, અમેરિકા હોય કે ઈરાન તેઓ હવે ક્રૂડ, ન્યૂક્લિયર કે અન્ય બાબત છોડીને પાણીના પ્લાન્ટ અને સ્ટોરેજ તરફ ફંટાઈ ગયા છે. બંને દેશો આ રીતે હુમલા કરતા રહેશે તો ખાડી દેશોમાં વ્યાપક પ્રમાણમાં પાણીની તંગી સર્જાશે. હવે અમેરિકા ઈરાનના પાણીના પ્લાન્ટને નિશાન બનાવશે અને તેના જવાબમાં ઈરાન દ્વારા સાઉદીના જુબૈલ કે રલ અલ ખૈર જેવા પ્લાન્ટને ટાર્ગેટ કરવામાં આવશે તો સ્થિતિ અત્યંત ગંભીર થઈ જશે. અહીંયા લાખો ક્યૂબિક મીટર પાણીનું ડિસેલિનેશન થાય છે. જાણકારો માને છે કે, અમેરિકા પાસે લાંબી રેન્જના હથિયારો છે તો તે ગમે ત્યાંથી ઈરાન ઉપર હુમલો કરે છે પણ ઈરાનની સ્ટ્રેટેજી અલગ છે. તેણે અમેરિકાના સાથી રહેલા ખાડી દેશોને પોતાના ટાર્ગેટ ઉપર રાખ્યા છે. ઈરાનના હુમલામાં કોઈપણ ખાડી દેશનો મોટો ડિસેલિનેશન પ્લાન્ટ તૂટી ગયો તો લાખો લોકો ઉપર પીવાના પાણીનું સંકટ આવી જશે. લાખો લોકોને પલાયન કરવા સિવાય કોઈ વિકલ્પ વધશે નહીં. આ જળ સંકટ સમગ્ર મધ્યપૂર્વના દેશોને વેરવિખેર કરી નાખશે.

# ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો



પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે આખા વિશ્વમાં ઈંધણનું સંકટ ઉભુ થયું છે. હમણા તો ભારતની સરકારે જાહેરાત કરી છે કે, યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ પેટ્રોલ - ડિઝલના ભાવમાં વધારો નહીં થાય. જોકે યુદ્ધ લાંબુ ચાલે તો ઈંધણની કટોકટી ઉભી થવાની પૂરી શક્યતા છે. નિષ્ણાંતો પણ આ બાબતે ચેતવણી આપી રહ્યા છે. જોકે કોઈ વિચત્ર કારણસર ભારત સરકારે આ પરિસ્થિતિમાં પાંચ હજાર ટન ડિઝલ પાઈપલાઈન મારફતે બાંગ્લાદેશને મોકલ્યું છે. કટોકટીના સમયમાં છ મહિના ચાલી શકે એટલો મોટો જથ્થો બાંગ્લાદેશને આપવામાં આવ્યો છે. નિષ્ણાંતો પૂછી રહ્યા છે કે આ તે કેવા પ્રકારની વિદેશનીતિ છે. બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (બીપીસી)ના ચેરમેન મોહમદ રેઝાનુર રહેમાનના જણાવ્યા પ્રમાણે બાંગ્લાદેશની ભારત સાથે સમજૂતી છે. આ સમજૂતી પ્રમાણે ભારતે દર વર્ષે ૧,૮૦,૦૦૦ ટન ડિઝલ બાંગ્લાદેશને પાઈપલાઈન મારફતે મોકલવાનું રહે છે. આ પાંચ હજાર ટન એ સમજૂતીનો હિસ્સો છે. જોકે હવે યુદ્ધને કારણે અસામાન્ય પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે ભારતની નીતિ 'ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો' જેવી છે. તામીલનાડુમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે વિવિધ રાજકીય પક્ષો એકબીજા પર આરોપ - પ્રત્યારોપ કરી રહ્યા છે. તામીલનાડુના મુખ્યમંત્રી સ્ટાલીને આરોપ મૂક્યો છે કે ભાજપ રાજ્યનું ભગવાકરણ કરવા માંગે છે. ભાજપનું આ સપનું ડીએમકે કયારે પણ પૂરુ નહીં થવા દે. સ્ટાલીને એવો પણ આરોપ મૂક્યો છે કે, એઆઈડીએમકેના પ્રમુખ એડપ્પાદી કે પલાનીસ્વામી મુખ્યમંત્રી બનવાના લોભમાં ભાજપના ગુલામ બની ગયા છે. સામે ભાજપએ જવાબ આપતા કહ્યું છે કે, સ્વ. મુખ્યમંત્રી એમ કરૂણાનીધિએ ૧૯૯૯માં આ યોજના બનાવી હતી. ૧૯૯૯માં વાજપેયીના એનડીએ સાથે ડીએમકેનું જોડાણ થયું હતું. સોશ્યલ મીડિયા એક્સ પર એક પોસ્ટ લખીને તીરૂપતિએ કહ્યું છે કે, તમારા પિતા ૧૯૯૯માં તામીલનાડુને ભગવા રાજ્ય બનાવવા માંગતા હતા. કાળો અને લાલ રંગ ઐયપ્પા ભક્તો અને ઓમ શક્તિ ભક્તોના ડ્રેસ કોડની ઓળખ છે જે ભગવાનું સમર્થન કરે છે. હિમાચલ પ્રદેશમાં આવેલા ધર્મશાળાની પાસે ધર્મકોટને મીની ઈઝરાયલ કહેવામાં આવે છે. એજ રીતે કુલ્લુની પાર્વતી વેલી ખાતે આવેલા કસોલમાં વર્ષોથી ઈઝરાયલી પ્રવાસીઓ આવતા રહે છે. ઈઝરાયલ-ઈરાન વચ્ચેના યુદ્ધ પછી ઈઝરાયલના પ્રવાસીઓની સંખ્યા ઘટી ગઈ છે. જે કોઈ પ્રવાસીઓ અહીં રહી ગયા છે તેઓ ચિંતિત છે. હિમાચલ પ્રદેશના આ બંને સ્થળે હોટલના મેન્યુ હિબ્રુર ભાષામાં જોવા મળે છે. અહીં નમસ્કારને બદલે 'શલોમ' સંભળાય છે. યહુદીઓનું સાંસ્કૃતિક અને ધાર્મિક કેન્દ્ર ખબાદ હાઉસ પણ અહીં જોવા મળે છે. આ સ્થળોએ લાંબા સમયથી રહેલા યહુદીઓ હવે પોતાના દેશને મદદ કરવા માટે ઈઝરાયલ પરત ફરવા માંગે છે. મોટા ભાગની ફલાઈટ્સ રદ થવાથી પ્રવાસીઓ ઈઝરાયલ પરત ફરી શકતા નથી.

ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂ પશ્ચિમ બંગાળના પ્રવાસે ગયા ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિત અધિકારીઓએ રાષ્ટ્રપતિનું અપમાન કરીને પ્રોટોકોલ જાળવ્યો નહોતો એવો આક્ષેપ થયો છે. ભારતના રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર છે. તેઓ કોઈપણ રાજ્યમાં જાય છે ત્યારે એમના સ્વાગત માટે કેટલાક ખાસ નિયમો નક્કી થયા છે. રાષ્ટ્રપતિના સ્વાગતની પ્રક્રિયાને 'વોરન્ટ ઓફ પ્રેસિડન્સ' કહેવામાં આવે છે. જ્યારે ભારતના રાષ્ટ્રપતિ કોઈ રાજ્યની હદમાં પ્રવેશ કરે છે એટલે કે એરપોર્ટ પર ઉતરે છે ત્યારે એમનું સ્વાગત કરવા માટે અગત્યની વ્યક્તિઓની યાદી પહેલેથી નક્કી હોય છે. પ્રોટોકોલ પ્રમાણે રાજ્યના પ્રથમ નાગરીક ગણાતા રાજ્યપાલ રાષ્ટ્રપતિનું સ્વાગત કરે છે. રાજ્યપાલ પછી રાજ્યના મુખ્યમંત્રીનો નંબર આવે છે. રાષ્ટ્રપતિના સ્વાગત માટે એરપોર્ટ પર આ બંનેએ હાજર રહેવું ફરજીયાત છે.

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે દેરા સચ્ચા સોદાના પ્રમુખ ગુરમીત રામ રહીમને ૨૦૦૨ના વર્ષમાં એક પત્રકારની હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. રામ રહીમના વકીલ જીતેન્દ્ર ખુરાનાના કહેવા પ્રમાણે તેઓ પહેલેથી જ કહેતા હતા કે, પત્રકારની હત્યા સાથે રામ રહીમને કોઈ સંબંધ હતો નહીં. હવે હાઈકોર્ટે પણ મારી દલીલનો સ્વિકાર કર્યો છે. આ કેસમાં અન્ય ત્રણ આરોપીઓની સજા કાયમ રાખવામાં આવી છે. બીજી તરફ પીડીતના વકીલે આ ચૂકાદાને નિરાશાજનક ગણાવ્યો છે. એમના કહેવા પ્રમાણે તેઓ છેલ્લા ૨૪ વર્ષોથી કાયદાકીય લડાઈ લડી રહ્યા છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં ભલે અમારી હાર થઈ હોય પરંતુ અમે હીંમત હાર્યા નથી. અમે આ ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારીશું. સીબીઆઈએ લાંબી તપાસ કરીને મજબૂત પુરાવા રજૂ કર્યા હતા અને રામ રહીમને ગુનેગાર ઠેરવવામાં આવ્યા હતા.

દેશના કેટલાક મોટા શહેરોમાં એલપીજી સીલિન્ડરની અછત ઉભી થઈ છે. જેને કારણે રેસ્ટોરન્ટ બિઝનેસને મોટી અસર થઈ રહી છે. એકાએક ઉંઘમાંથી જાગેલી કેન્દ્ર સરકારે એલપીજી સીલિન્ડરની નફાખોરી અટકાવવા માટે અને ગેસ સંકટને ટાળવા માટે એસેન્સિયલ કોમોડીટીઝ (એમેન્ડમેન્ટ) એક્ટ એટલે કે ઈસીએ લાગુ કરવાની ચેતવણી આપી છે. ઈસીએ લાગુ થયા પછી પ્રાથમીક સેક્ટર્સને એલપીજી અને બીજા ઈંધણના સપ્લાયમાં પ્રાથમિકતા આપવામાં આવશે. સરકારનું માનવું છે કે, કડક પગલાને કારણે હોસ્પિટલ, સ્કૂલ, સરકારી સંસ્થાઓ અને અન્ય મહત્ત્વપૂર્ણ સેક્ટરોએ ગેસની તંગીનો સામનો નહીં કરવો પડે. એક તરફ સરકાર એમ કહી રહી છે કે છેલ્લા કેટલાક સમયથી એલપીજી ગેસના કાળાબજારમાં વધારો થઈ રહ્યો છે અને બીજી તરફ સબ સલામત હોવાનો પોકાર કરે છે.

દેશમાં દલીતો પર થતા અત્યાચારો પર લગામ કસવા બનાવવામાં આવેલા એસસી-એસટી એક્ટનો દુરઉપયોગ થતો રહ્યો છે. કલકત્તા હાઈકોર્ટે હમણા આ બાબતે નારાજગી વ્યક્ત કરી છે. એક દંપતી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદ હાઈકોર્ટે રદ કરી છે. આ દંપતીને એના પડોશી સાથે લાંબા સમયથી જમીન બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. જસ્ટીસ ચૈતાલી ચટર્જી દાસએ કહ્યું હતું કે, મૂળભૂત રીતે આ સિવિલ કેસ છે, પરંતુ એને જાતિવષયક અપમાન સાથે જોડીને ફોજદારી કેસ બનાવવાની કોશિષ કરવામાં આવી છે.

# દરેક વસ્તુનો જવાબ આપવો જરૂરી નથી, ક્યારેક મૌન જ શ્રેષ્ઠ જવાબ હોય છે."મૌનમાં પણ એક નીતિ છુપાયેલી હોય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ચિંતનાત્મક લેખમાં આજે આપણે જોઈએ તો એક સ્ત્રી રોટલી બનાવતી વખતે 'ગુરુમંત્ર' નો જાપ કરી રહી હતી.કામ કરતી વખતે પણ તેને આ જ મંત્રનો જાપ કરવાની આદત પડી ગઈ હતી.એક દિવસ અચાનક એક જોરથી ધબકારા સંભળાયા અને તેની સાથે એક પીડાદાયક ચીસ પણ પડી.જ્યારે તે આંગણામાં દોડી ગઈ અને ઉપર થી નીચે જોયું તો તેના પ્રિયઆઠ વર્ષના પુત્રને લોહીથી લથપથ, પીઠ પર પડેલો જોયો.તે જોરથી રડવા લાગી.ઘરમાં બીજું કોઈ નહોતું;જો તે રડે તો પણ તે કોને બોલાવી શકે? તેણી ને પણ તેના પુત્રની સંભાળ રાખવી પડી. તેણી નીચે દોડી ગઈ અને તેનો પુત્ર, અર્ધ બેભાન,'મા' બૂમ પાડતો જોયો, એક માતાનો પ્રેમ તેની આંખોમાંથી ઉભરાઈ આવ્યો, તેની હાજરીનો અહેસાસ કરાવ્યો પછી, માત્ર દશ દિવસ પહેલા એપેન્ડિક્સનું ઓપરેશન કરાવ્યું હોવા છતાં,તેણીને કોઈક રીતે તેને પોતાના ખોળામાં ઉપાડીને પડોશી નર્સિંગ હોમમાં દોડવાની શક્તિ મળી. આખા રસ્તે,તેણીએ પોતાના ગુરુદેવને મન ભરીને શ્રાપઆપ્યો'ઓ ગુરુ દેવ,મેં તમારા આ મારા પોતાના બાળક સાથે શું ખોટું કર્યું 'સારું, તેઓએ એક ડૉક્ટર શોધ્યો અને સમય સર સારવાર મળતાં તેનો પુત્ર સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો ઈજાઓ ઊંડી ન હતી,ઉપર છલ્લી હતી,તેથી કોઈ ખાસ તકલીફ નહોતી.તેરાત્રે જ્યારે બધા ઘરે ટીવી જોઈરહ્યા હતા ત્યારે સ્ત્રીનું મન બેચેન હતું. તે ગુરુદેવથી અલગ થવા લાગી હતી.એક માતાનો પ્રેમ ગુરુના અધિકારને પડકારતો હતો. આખા દિવસની ઘટનાઓ તેના મનમાં ફિલ્મની જેમ ચાલતી રહી.તે બાળકની જેમ ચાલવા લાગી.તેણીને વિચાર આવ્યો કે તેનો દીકરો આંગણામાં કેવી રીતે પડી ગયો હતો. અચાનક,તેનો આત્મા ધ્રૂજી ઉઠ્યો. ગઈકાલે જ, તેણીને આંગણામાંથી જૂના હેન્ડપંપમાંથી પાઈપનો ટુકડો કાઢવામાં આવ્યો હતો,જ્યાંતેનો દીકરો પડ્યો હતો.જો ગઈ કાલે મિકેનિક ન આવ્યો હોત તો..?તેનો હાથ તેના પેટમાં ગયો,જ્યાં ઓપરેશનના ટાંકા હજુ તાજા હતા.તેણીને આશ્ચર્ય થયું કે તેણી તેના ૨૦-૨૨ કિલોના દીકરાને કેવી રીતે ઉપાડી શકી, તે અડધો કિલોમીટર દોડવામાં કેવી રીતે સફળ રહી.તે ફૂલ જેવો હલકો લાગ્યો. તે કપડાંની ડોલ પણ છત પર લઈ જઈ શકી નહીં. પછી તેણીને ખ્યાલ આવ્યો કે ડૉક્ટર ફક્ત ૨ વાગ્યા સુધી રોકાયા હતા,અને જ્યારે તે આવી ત્યારે ૩.૩૦ વાગ્યા હતા. તેણી ગયા પછી તરત જ સારવાર કરવામાં આવી, જાણે કોઈએ તેને રોક્યો હોય. તેણીનું માથું તેના ગુરુના ચરણોમાં આદરથી ઝૂકી ગયું.હવે તેણી આખી વાર્તા સમજી ગઈ. તેણી ના હૃદયમાં, તેણી રડી પડી અને ગુરુદેવ પાસે તેના શબ્દો માટે માફી માંગી. એટલામાં ટીવી પર એક ઉપદેશ ચાલી રહ્યો હતો 'તમારા માર્ગમાં આવતી મુશ્કેલી ઓને હું રોકી શકતો નથી કારણ કે તે તમારા પોતાના કર્મ છે. પણ હું તમને એટલી શક્તિ આપી શકું છું કે તમે તેને સરળતાથી દૂર કરી શકો,હું તમારો માર્ગ સરળ બનાવી શકું છું. બસ ધર્મના માર્ગ પર ચાલતા રહો.'

સ્ત્રીએ તેના ઘરના મંદિરમાં જોયું અને ગુરુદેવની છબી તેના પર હસતી જોઈ.!!ગુરુદેવની કૃપા કોઈ દાન નથી જે મફતમાં મેળવી શકાય.

ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે.મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે છે, પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે. ઈશ્વર જીવને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે,જીવ નો મોહ છૂટે છે.અરે!ઈશ્વર આપવા બેસે છે ત્યારે બે હાથ વાળો લેતાં થાકી જાય છે.

ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે. યજ્ઞમાં આવાહન કરવા છતાં પણ ઘણી વાર પરમેશ્વર ભોજન કરતાનથી ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પરમાત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવી એ જ ભક્તિ છે,એ જ શુદ્ધ ભાવ છે.

ગોપ બાળક કનૈયાને કહે છે કે, લાલા,આ જલેબી હું તારા માટે લાવ્યો છું.કનૈયો જવાબ આપેછે કે, હું એકલો નહીં ખાઉં.થોડું તું સર્વને આપ.આમ કનૈયો થોડા માંથી પણ બધાને થોડું અપાવેછે આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે.જીવ જ્યારે સર્વસ્વ છોડી પરમાત્મા સાથે પ્રેમ કરે છે, પોતાનું અભિમાન છોડે છે,જીવ જ્યારે જીવપણું ભૂલે છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલીજાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હુંપણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી,હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ. શુકદેવજી કહે છે કે,આ ભોજન વેળા ભગવાનની છટા જોવા જેવી હતી.તેઓએ કમરની ભેટમાં વાંસળી ખોસેલી હતી. શૃંગ અને લાકડી બગલમાં દબાવ્યા હતાં. ડાબા હાથમાં ઘીવાળો દહીં-ભાતનો મધુર કોળિયો હતો અને આંગળી ઓમાં ખાવાલાયક ફળોનાં અથાણાં દબાવી રાખ્યાં હતાં. ગોપ બાળકો તેની ચારે તરફ ઘેરીને બેઠાં હતાં અને તેઓ જાતે બધાંની વચમાં બેસીને પોતાની વિનોદભરી વાતોથી પોતાના સાથી ગોપ બાળકોની સાથે આ પ્રકારે બાળલીલા કરતા ભોજન કરી રહ્યા હતા. સ્વર્ગના દેવતાઓ આશ્ચર્યચકિત થઈને આ અદ્ભુત લીલા જોઈ રહ્યા હતા. મનથી આ લીલાનાં દર્શન કરો. વૃંદાવન છે.યમુના કિનારો છે. વૃક્ષો ફળથી નમી ગયાં છે. ભગવાન ગ્વાલમિત્રો સાથે ભોજન કરવા બેઠા છે.આવી ભાવના તો કરો!ભાવનાના આ વૃંદાવનમાં તમને ઠાકોરજીના ચરણનું શરણ પ્રાપ્ત થશે, ભાવનાથી ભક્તિ ફળે છે.

ખાવુંએ પાપ નથી પણ ભગવાન ને ભૂલી જઈને ખાય,ભગવતા ર્પણ કર્યા વગર ખાય એ પાપ છે.અઘાસુરને ભગવાને મોક્ષ આપ્યો તેથી બ્રહ્માજી વિસ્મય પામ્યા. તેમને એ ગમ્યું નહીં તેથી જોવા આવ્યા કે, આ કનૈયો છે કોણ જે આવા પાપીનો મોક્ષ કરી દે છે? બ્રહ્માજી જયારે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ગોપ બાળકો સાથે ભોજન કરી રહ્યા હતા.

આ વ્રજ બાળકોમાં એકબ્રાહ્મણ નો કોકરો પણ આવતો હતો. તેનું નામ મધુમંગલ. મધુમંગલ શાંડિલ્ય ઋષિનો પુત્ર છે. યશોદાજીએ શાંડિલ્ય ઋષિને કહેલું કે, તમારા બાળકને રોજ મારા ઘરે જમવા મોકલજો. એટલે મધુમંગલ રોજ જમવા આવે છે. યશોદાજી તેને પ્રેમથી જમાડે છે.

ગામથી શરૂ થયેલી સંવેદનાની સહકારયાત્રા – ખેડા જિલ્લામાં બાળકોના સ્વાસ્થ્ય માટે અનોખી પહેલ

# 4 મહિનામાં મોટી સિદ્ધિ: "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાનથી ખેડા જિલ્લામાં 1,300 બાળકો કુપોષણ-મુક્ત બન્યા

## પોષણ મિત્રોએ વિવિધ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈને ૭૦૦૦૦ થી વધુ બાળકોને પોષણ કીટ કરી અર્પણ



**નડિયાદ, તા.11**

બાળક તંદુરસ્ત હોય તો પરિવાર ખુશ અને સમાજ મજબૂત બને છે. આ ભાવનાને કેન્દ્રમાં રાખીને ખેડા જિલ્લામાં શરૂ થયેલું "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન આજે સંવેદના અને સહકારનું પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે. ખેડા જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીના સહયોગથી તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શરૂ કરાયેલ આ અભિયાન હવે ચાર મહિનાનો સફળ પ્રવાસ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. આ ટૂંકા સમયગાળામાં અભિયાનને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. સતત પ્રયાસોના પરિણામે જિલ્લામાં ૧,૩૦૦ જેટલા બાળકો કુપોષણમાંથી બહાર આવી તંદુરસ્ત જીવન તરફ આગળ વધ્યા છે, જે સમગ્ર ખેડા જિલ્લાના નાગરીકો માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

જિલ્લાની ૪૬૭ જેટલી દૂધ મંડળીઓ દ્વારા નિયમિત રીતે દૂધનું દાન કરવામાં આવી રહ્યું છે. આ દૂધ આંગણવાડી કાર્યકરોના સંકલનથી એકત્રિત કરી જિલ્લાના કુપોષિત બાળકો સુધી પહોંચાડવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૫૬,૬૩૪ લિટર દૂધ એકત્રિત કરી વિતરણ કરવામાં આવ્યું છે, જેના પરિણામે જિલ્લામાં દૈનિક ૭૦૦૦ જેટલાં બાળકોને પૌષ્ટિક આહારનો લાભ મળી રહ્યો છે.

અભિયાનના પ્રભાવને જોતા આંકડાઓ પણ નોંધપાત્ર સુધારો દર્શાવે છે. તા. ૧૪ નવેમ્બર ૨૦૨૫ના અંતે જિલ્લામાં SAM (અતિ ગંભીર કુપોષિત) બાળકોની સંખ્યા ૧૨૧૨ અને MAM (મધ્યમ કુપોષિત) બાળકોની સંખ્યા ૫૩૯૭ હતી, એટલે કુલ ૬૬૦૯ બાળકો કુપોષણની શ્રેણીમાં હતા. જ્યારે ૧૧ માર્ચ ૨૦૨૬ (ફેબ્રુઆરી અંતે) આ સંખ્યા ઘટીને SAM બાળકોની સંખ્યા ૯૮૮ અને MAM બાળકોની સંખ્યા ૪૩૩૮, એટલે કે કુલ ૫૩૨૬ થઈ છે.

આ રીતે રાજ્ય સરકારના પોષણ સંગમ કાર્યક્રમના સતત મોનિટરિંગ, આરોગ્ય ચકાસણી, પોષણ અભિયાન અને જિલ્લા વહીવટી તંત્ર તથા આંગણવાડી સ્તરે કરવામાં આવેલા સંકલિત પ્રયાસોથી ૧,૩૦૦ જેટલા બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા છે, જે ખેડા જિલ્લા માટે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે.

રાજ્ય સરકારની લાભાર્થી કવરેજ ઝુંબેશ (ઈન્ક્રીઝ ધ બેનિફિશ્યરી) હેઠળ આંગણવાડીના બાળકો, સગર્ભા માતાઓ તથા ધાત્રી માતાઓની સંખ્યામાં આંગણવાડી સિસ્ટમમાં આરોગ્ય વિભાગના ટેકો સોફ્ટવેરમાંથી જિલ્લામાં નવા ૨૦૦૦૦ લાભાર્થીની ખરાઈ કરી તેમને આવરી લેવામાં આવ્યા છે અને તેમને નિયમિત રીતે THR પેકેટ આપવાની સાથે વિવિધ લાભો આપવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે. આ સિવાય આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હેઠળ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલી ૧૧૬ જેટલી આંગણવાડી કેન્દ્રોના નવીનીકરણની કામગીરી પણ હાલ પ્રગતિ હેઠળ છે.

'ગામનો નિર્ધાર, સહકારથી સાકાર' અભિયાનમાં ગામના દૂધ ઉત્પાદકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા છે. તેઓ દૂધ મંડળીઓમાં રાખવામાં આવેલા "આશીર્વાદ પાત્ર" મા સ્વૈચ્છિક રીતે દૂધનું દાન કરે છે, જેનો ઉપયોગ આંગણવાડીના કુપોષિત બાળકોના પોષણ માટે થાય છે. દેથલી ગામની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પણ આ અભિયાનની કામગીરીથી પ્રભાવિત થઈ રાજ્ય સ્તરે તેનો અમલ કરવાની નોંધ લીધી હતી.

આ ઉપરાંત અભિયાનને વધુ વેગ આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાન્યુઆરી માસમાં વિશેષ પોષણમિત્ર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓએ "પોષણ મિત્ર" તરીકે જોડાઈ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ બાળકો સાથે સમય વિતાવ્યો તેમજ પૌષ્ટિક આહારનું દાન આપીને અભિયાનને મજબૂત બનાવ્યું. અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ આંગણવાડી કેન્દ્રોની ૯૦૦૦થી વધુ પોષણ મિત્રો દ્વારા મુલાકાત લેવામાં આવી છે અને ૭૦,૦૦૦થી વધુ બાળકોને પોષણ કીટનો લાભ આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લાના કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાના ઉમદા સંકલ્પ સાથે જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીના સહયોગથી શરૂ કરાયેલું આ અભિયાન સહકાર, સંવેદના અને સામૂહિક જવાબદારીનું અનોખું ઉદાહરણ બની રહ્યું છે.

બાળકોના સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે ગામથી શરૂ થયેલો આ સંકલ્પ આજે સમગ્ર જિલ્લામાં આશાની નવી કિરણ પ્રગટાવી રહ્યો છે. "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન ખેડા જિલ્લાને કુપોષણમુક્ત બનાવવાની દિશામાં એક પ્રેરણાદાયક અને સશક્ત પગલું સાબિત થઈ રહ્યું છે.

# બ્રહ્માકુમારી નડિયાદ દ્વારા 'સંગમ' પ્રોજેક્ટ અંતર્ગત પ્રેરણાત્મક કાર્યક્રમ યોજાયો.....

## બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા શરૂ કરાયેલ "સંગમ" પ્રોજેક્ટ વડીલોનું સન્માન અને પરિવાર મૂલ્યોને મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ ઉપક્રમ....



**નડિયાદ, તા.11**

નડિયાદ ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા "સંગમ" પ્રોજેક્ટ અંતર્ગત એક પ્રેરણાત્મક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વડીલોનું સન્માન, પરિવારના સંસ્કાર મજબૂત બનાવવું તેમજ સમાજમાં આધ્યાત્મિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાનો હતો.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય તથા બ્રહ્માકુમારી સંસ્થાના સમાજસેવા પ્રભાગના સહયોગથી આ રાષ્ટ્રીય સેવાયજ્ઞની શરૂઆત થઈ હતી.આ પહેલનો પ્રારંભ ૨ મે ૨૦૨૩ના રોજ નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

"સંગમ" પ્રોજેક્ટ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ વડીલોને સન્માન, સુરક્ષા અને સ્નેહ આપવાનો સામાજિક આંદોલન છે. આ અભિયાનનો હેતુ સમાજમાં વડીલો, યુવાનો અને નવી પેઢી વચ્ચે સંવાદ અને મૂલ્યોનો સંગમ સ્થાપિત કરવો છે. કાર્યક્રમ દ્વારા સમાજને એવો સંદેશ આપવામાં આવે છે કે વડીલોને ગૌરવપૂર્ણ વૃદ્ધાવસ્થા અને આદરપૂર્ણ જીવનનો અનુભવ મળી રહે. વડીલોનું સન્માન કરવું એ સંસ્કારી અને સશક્ત સમાજની ઓળખ છે.

આ કાર્યક્રમમાં શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વડીલો, યુવાનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા મોટી સત્યાવીસ પાટીદાર સમાજ નડિયાદ ઘટકના પ્રમુખ અપૂર્વ પટેલે જણાવ્યું કે," બ્રહ્મકુમારી નડિયાદ દ્વારા આયોજિત "સંગમ" કાર્યક્રમ ખૂબ મહત્વનો અને સમયોચિત છે. આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં પરિવારના મૂલ્યો અને વડીલો પ્રત્યેના સન્માનની ભાવના મજબૂત થાય છે. "સંગમ" જેવા કાર્યક્રમો એ પેઢીઓ વચ્ચેના સંબંધોને ફરીથી જોડવાનો પ્રયાસ છે." આ પ્રસંગે પોલીસ વિભાગના અધિકારી(ડી.વાઇ.એસ.પી.) વી.આર. બાજપાઈએ જણાવ્યું કે," સમાજમાં મેન્ટલ હેલ્થ અને સામાજિક સુરક્ષા ખૂબ મહત્વની છે. ખાસ કરીને સિનિયર સિટિઝન માટે કાયદાકીય અને સામાજિક સુરક્ષા અંગે જાગૃતિ હોવી જરૂરી છે.' તેમણે જણાવ્યું કે ઘણીવાર વડીલો ન્યુકિલયર ફેમિલીમાં એકલા રહેતા હોય છે અથવા તેમના સંતાનો બહારગામ કે વિદેશમાં હોય છે. આવા સમયે પોલીસ વિભાગ તેમની સહાય માટે હંમેશા તૈયાર છે. સિનિયર સિટિઝન માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થાઓ અને સહાય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ભ્રાતા બ્ર.કુ.અવતારભાઈ-નેશનલ કોર્ડીનેટર સમાજસેવા પ્રભાગ, ભ્રાતા બ્ર. કુ.વિરેન્દ્રભાઈ, આદરણીય રાજયોગીની બી.કે. પૂર્ણિમા દીદીજી, ભ્રાતા બ્ર.કુ.ડો. ઈ વી સ્વામીનાથન, ભ્રાતા બ્ર.કુ. બીપીનભાઈ, ભ્રાતા કિરીટભાઈ એમ શાહ, ભ્રાતા ભરતભાઈ પંડયા અને અલગ અલગ સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી દિપ પ્રજવલન વિધિમાં જોડાયા હતા..

પ્રવચનોમાં વડીલો પ્રત્યે સન્માન, પરિવારના સંસ્કારો અને સમાજમાં સકારાત્મક વિચારધારાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું કે આવા કાર્યક્રમો સમાજમાં પેઢીઓ વચ્ચે સંવાદ વધારવા અને વડીલોને સન્માન આપવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે. સંગમ પ્રોજેક્ટ અંતર્ગત ઉપસ્થિત સૌએ સમાજના નવનિર્માણ માટે સ્વપરિવર્તનનો સંકલ્પ લીધો હતો સાથે સાથે વડીલોને પ્રેમ સન્માન અને સહયોગ આપી સમાજમાં આદર અને સંસ્કારની સંસ્કૃતિ વિકસાવવા માટે સૌએ સહભાગી થવાનો સંકલ્પ લીધો હતો એમ બ્રહ્માકુમારી સંસ્થા, નડિયાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજ્યનું શ્રમ તંત્ર ઔદ્યોગિક શાંતિ અને શ્રમિકોના હિત માટે કટિબદ્ધ: શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયા

**નડિયાદ, તા.11**

રાજ્યમાં શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણ ઉપરાંત ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવા રાજ્યનું શ્રમ તંત્ર કટિબધ્ધ છે તેમ શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

આ સંદર્ભે શ્રમિકોની ફરિયાદો અને રજૂઆતોના આધારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૬૬, જામનગર જિલ્લામાં ૪૧૬ એકમોની રૂબરૂ ચકાસણી કરવામાં આવી હતી.

જ્યારે ખેડા જિલ્લામાં ૬૬૭ એકમોની સ્થળ તપાસ કરી, ૭૩ કારખાનાઓને શો કોઝ નોટીસ આપવામાં આવી હતી. જે પૈકી ૩૪ કારખાના પાસે કાયદાની જોગવાઈઓનું પાલન કરાવાયું છે તેમજ પૂર્તતા ન કરનારાં ૩૯ કારખાના સામે કુલ ૨૩૨ ફોજદારી કેસો અદાલતના દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં કોર્ટ દ્વારા કુલ ૨૨૯ કેસનો નિકાલ કરી, કસૂરવાર માલિકને રૂ. ૫,૨૦,૦૦૦/- દંડકરવામાં આવ્યો હોવાનું શ્રમમંત્રીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે શ્રમિકો કે શ્રમિક સંગઠનો તરફથી કોઈ એકમ સામે ફરિયાદ કે અરજી મળે, તેવા કિસ્સામાં સંબંધિત ઔદ્યોગિક એકમમાં રૂબરૂ સ્થળ તપાસ અને નિરીક્ષણ કરવામાં આવે છે.

ખાસ કરીને, શ્રમિકો તરફથી મોટા ભાગે પગાર, બોનસની અપૂરતી ચૂકવણી, ગ્રેચ્યુઈટીની રકમનો વિવાદ અથવા શ્રમયોગીને છૂટા કરવા સહિતની ફરિયાદો મળતી હોય છે. જેમાં શ્રમ વિભાગ દ્વારા શ્રમયોગી અને ઔદ્યોગિક એકમ વચ્ચે સમજૂતીના પ્રયત્નો કરવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# નડિયાદ શહેરીજનોને સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા મહાનગરપાલિકા દ્વારા અપીલ

**નડિયાદ, તા.11**

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ ચેતક પેટ્રોલ પંપ સામે, સંતરામ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે સવારના ૦૯ થી સાંજના ૦૫ કલાક સુધી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સામાન્ય વહીવટી વિભાગ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક, આદિજાતિ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ, નાણા, વાહન વ્યવહાર, મહેસુલ, મહિલા અને બાળ વિકાસ, સામાજિક ન્યાય અને અધિકારીતા, શ્રમ અને રોજગાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સરકારની વિભિન્ન યોજનાઓ અને સેવાઓનો લાભ આપવામાં આવશે. તો નડિયાદ શહેરના તમામ લોકોને આ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લેવા નડિયાદ મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# ખેડા જિલ્લામાં 24 માર્ચ 2026ના રોજ જિલ્લાના તમામ તાલુકાઓમાં યોજાશે તાલુકા સ્વાગત કાર્યક્રમ

**નડિયાદ, તા.11**

ખેડા જિલ્લામાં ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ જિલ્લાના તમામ તાલુકાઓમાં સંબધિત મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાનાર છે. જેમા, કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતમા ગળતેશ્વર, જિલ્લા વિકાસ અધિકારી જંયત કિશોરની અધ્યક્ષતામાં વસો અને પોલીસ અધિક્ષક વિજય પટેલની અધ્યક્ષતમાં કપડવંજ ખાતે, નાયબ વન સંરક્ષકની અધ્યક્ષતામાં મહુધા, નાયબ કલેક્ટર જમીન સુધારણા અને અપીલની અધ્યક્ષતામાં ઠાસરા ખાતે, નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટીની અધ્યક્ષતામા કઠલાલ, જિલ્લા પુરવઠા અધિકારીની અધ્યક્ષતામા ફાગવેલ, પ્રાંત અધિકારી ખેડાની અધ્યક્ષતામા ખેડા ખાતે, જિલ્લા આયોજન અધિકારીની અધ્યક્ષતામા મહેમદાવાદ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં માતર અને ખાસ જમીન સંપાદન અધિકારી નડિયાદની અધ્યક્ષતામાં નડિયાદ મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. આ તાલુકાઓમાં અગાઉ સંબધિત કચેરીએ પોતાની રજૂઆત/ફરીયાદ કરી હોય અને નિરાકરણ આવેલ ન હોય તેવા પ્રશ્નો રજૂ કરવા જાહેર જનતાને જાણ કરવામા આવે છે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમ, આયોજનને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી સેવા વિષય બાબતોનો સમાવેશ કરવામા આવશે નહિ.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ, આરપીએફએ બે આરોપીઓને ઝડપી લીધા....

**અમદાવાદ, તા.11**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે સુરક્ષા દળ (આરપીએફ) દ્વારા નિરંતર સતર્કતા રાખવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આરપીએફએ અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર એક આંતરરાજ્ય ગેંગના બે સક્રિય સભ્યોને પકડીને આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપ્યા છે. હાલમાં બે મુસાફરોએ આરપીએફ પોસ્ટ અમદાવાદ ખાતે ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક અજાણ્યા લોકોએ તેમને એવું કહીને છેતર્યા હતા કે રેલવે પરિસરમાં રોકડ રકમ સાથે ફરવું પ્રતિબંધિત છે અને તેને રેલવે કાર્ડમાં જમા કરાવવી જરૂરી છે. આ બહાને પ્રથમ ઘટનામાં એક મુસાફર પાસેથી 12,000 રોકડ અને એક મોબાઈલ ફોન ઠગાઈ કરીને લઈ લેવામાં આવ્યા, જ્યારે બીજી ઘટનામાં અન્ય એક મુસાફર પાસેથી 3,000 રોકડ, મોબાઈલ ફોન તેમજ તેના બેંક ખાતામાંથી અંદાજે 1,00,000ની છેતરપિંડી કરવામાં આવી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ઈન્સ્પેક્ટર/ આરપીએફ અમદાવાદના નેતૃત્વમાં એક વિશેષ ટીમ (CPDS)ની રચના કરવામાં આવી. ટીમ દ્વારા સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજની વિગતવાર તપાસ દરમિયાન ચાર શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી, જેમની માહિતી



ક્રાઈમ બ્રાંચ તથા જીઆરપી સાથે શેર કરવામાં આવી.

આરપીએફ ટીમના એએસઆઈ માનસિંહ, સીટી મંજીત કુમાર તથા સીઆઈબી સ્ટાફ દ્વારા સ્ટેશન પરિસરમાં સઘન શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું, જેમાં બે શંકાસ્પદોને ઝડપી લેવામાં આવ્યા. તેમની ઓળખ પરેશ કુમાર પટેલ (રહેવાસી સુરત) તથા કાઉડા (રહેવાસી ઉદયપુર) તરીકે થઈ. પૂછપરછ દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું કે તેઓ તેમના સાથી મિટ્ટુ સિંહ અને પ્રિન્સ સાથે મળીને અમદાવાદ, સાબરમતી, દિલ્હી, સિકંદરાબાદ, હૈદરાબાદ, જયપુર, ભોપાલ અને સુરત જેવા મોટા રેલવે સ્ટેશનો પર ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર જતાં ઓછા શિક્ષિત મુસાફરોને નિશાન બનાવતા હતા. બંને આરોપીઓ તેમના સાથીઓ સાથે રેલવે સ્ટેશનોના બુકિંગ હોલ, પ્લેટફોર્મ વગેરે સ્થળોએ ઉભા રહી મુસાફરો પર નજર રાખતા હતા અને ખાસ કરીને બિહાર તથા ઉત્તર પ્રદેશ જતાં ઓછા શિક્ષિત મજૂર વર્ગના મુસાફરોને નિશાન બનાવતા હતા. તેઓ મુસાફરો સાથે તેમની ભાષામાં વાતચીત કરીને વિશ્વાસ જીતતા અને ખોટી માહિતી આપતા કે રેલવેમાં રોકડ કે મોબાઈલ રાખવું પ્રતિબંધિત છે, તેથી પૈસા અને મોબાઈલ જમા કરાવી કાર્ડ બનાવવું પડશે. ત્યારબાદ તેમનો એક સાથી નકલી 500ના કૂપન નોટ આપીને કાર્ડ બનાવવાનું નાટક કરતો, જેથી મુસાફરને વિશ્વાસ થઈ જાય. આ રીતે વિશ્વાસમાં લઈ તેઓ મુસાફરો પાસેથી રોકડ અને મોબાઈલ લઈને ફરાર થઈ જતા અને મોબાઈલ દ્વારા પૈસાની લેવડદેવડ પણ કરી લેતા. આ રીતે તેઓ ભોળા અને ઓછા શિક્ષિત મુસાફરોને પોતાનો શિકાર બનાવતા હતા.

પકડાયેલા આરોપીઓ પાસેથી 1,03,150 રોકડ, 04 મોબાઈલ ફોન, 02 બેગ તેમજ 84 નકલી કૂપન નોટો જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં આઈપીએફ પ્રવીણ કુમાર, એએસઆઈ માનસિંહ, સીટી મંજીત કુમાર, સીટી ધીરજ અને સીટી અંકિતની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

પકડાયેલા આરોપીઓને આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યા છે, જ્યાં તેમની સામે બીએનએસ ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલવે મુસાફરોને અપીલ કરે છે કે મુસાફરી દરમિયાન કોઈપણ અજાણ્યા વ્યક્તિની વાતોમાં ન આવે અને પોતાની રોકડ રકમ, મોબાઈલ ફોન તથા બેંક સંબંધિત માહિતી સુરક્ષિત રાખે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તરત જ આરપીએફ અથવા રેલવે હેલ્પલાઈનને જાણ કરો.

# ખેડા જિલ્લાના 10.34 લાખ પશુઓનું હીટવેવથી ખાસ ધ્યાન રાખવા વહીવટીતંત્ર અને પશુપાલન કચેરીનો અનુરોધ

**નડિયાદ, તા.11**

રાજયમાં મહિનાથી ઉનાળો તપવાનો શરૂ થયો છે. હવામાન વિભાગ અને સરકાર દ્વારા હિટવેવની આગહી કરવામાં આવી રહી છે. આસપાસના જિલ્લાઓમાં પ્રવર્તતી હિટવેવના પગલે ખેડા જિલ્લામાં તેની અસર પડીશકે છે. ખેડા જિલ્લો ચરોતર વિસ્તારમાં હવામાન વિભાગે યલો એલર્ટ આપ્યુ છે ત્યારે તેની અસર જનઆરોગ્ય સહિત પશુ, પ્રાણીઓ પક્ષીઓ સૌને થતી હોય છે.

અન્ય જિલ્લામાં આ દિવસોમાં હીટવેવની શક્યતાઓ થઈ શકે તેવી સંભાવના છે ત્યારે જિલ્લામાં



પશુઓને ગરમીથી રક્ષણ આપવા જિલ્લા પશુપાલન કચેરી દ્વારા પશુપાલકોને મહત્વના સૂચનો કર્યા છે.જિલ્લા વહીવટીતંત્ર અને પશુપાલન શાખા , જિલ્લા પંચાયત દ્વારાપશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પૂરતા પ્રમાણમાં આપો : સવારના ૧૧થી બપોરના ૪ વાગ્યા સુધી બહાર કાઢવાનું ટાળો એમ અનુરોધ કરવામાં આવ્યો છે...

જિલ્લામાં ગાય વર્ગના ૨૬૫૪૬૦, ભેંસ વર્ગ ૬૧૬૧૬૦, ઘેટાં ૨૦૦૯૬ અને બકરાં ૧૦૨૨૭૯ થઈ ૧૦.૩૪ લાખ પાલતુ અને દુધાળા પશુઓ છે. તાપમાન વધવાની શક્યતા છે. જેને લઈને લોકો પોતાના આરોગ્ય તથા પોતાના આસપાસ વસતાં પશુ, પક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ત્યારે આ પશુઓને આકરી ગરમીથી બચાવવાં માટે જિલ્લા નાયબ પશુપાલન નિયામકશ્રી ડો.દિપક મનાતે જિલ્લાના પશુપાલકોને મહત્વની સલાહ આપી છે.

જિલ્લામાં અત્યારે આ દુધાળા ગાય અને ભેંસ સહીતના પશુઓને છાયડામાં રાખવા તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપવું. તેમને સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી બહાર ન કાઢવા પણ સલાહ આપવામાં આવી છે. તો પશુઓના ખોરાકનું પણ પૂરતું ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. પશુપાલકોને પશુઓની આગામી દિવસોમાં ખાસ કાળજી રાખવા સલાહ તેમજ સૂચના અપાઈ છે.

# પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિને અપનાવી લોકોના આરોગ્યની જાળવણીમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે

**નડિયાદ, તા.11**

આજના યુગમાં જ્યારે રાસાયણિક ખેતીને કારણે જમીન, જળ અને માનવ સ્વાસ્થ્ય પર જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે 'પ્રાકૃતિક કૃષિ' એક આશાનું કિરણ બનીને ઉભરી છે. પ્રાકૃતિક ખેતીએ માત્ર ખેતી કરવાની પદ્ધતિ નથી, પરંતુ પ્રકૃતિ સાથે તાલમેલ મિલાવીને જીવવાની એક કળા છે. સમૃદ્ધિનો શાશ્વત પથ એટલે પ્રાકૃતિક કૃષિ. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રે અગ્રેસર બની રહ્યુ છે. જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિને અપનાવી લોકોના આરોગ્યની જાળવણી અને ગૌવંશના સંરક્ષણના કાર્યમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.ત્યારે જાણીએ પ્રાકૃતિક કૃષિ એટલે શું અને તે કેમ કરવી જોઈએ. નિષ્ણાતોના મતે પ્રાકૃતિક કૃષિ મુખ્યત્વે ચાર પાયાના સિદ્ધાંતો પર ટકેલી છે.જીવામૃત: ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ અને કઠોળના લોટનું મિશ્રણ. તે જમીનમાં સૂક્ષ્મજીવોનો જથ્થો વધારે છે.બીજામૃત: બીજને વાવતા પહેલા રોગમુક્ત કરવા માટેનું પ્રાકૃતિક દ્રાવણ.આચ્છાદન (Mulching): જમીનને પાકના અવશેષોથી ઢાંકી દેવી, જેથી ભેજ જળવાય અને અળસિયાની પ્રવૃત્તિ વધે.વાફસા (Moisture): જમીનમાં પાણી અને હવાના મિશ્રણની એવી સ્થિતિ કે જે છોડના મૂળને પોષણ આપે છે.

# AAP છોડ્યા બાદ રાજુ કરપડા કિસાન સંકલ્પ યાત્રા યોજશે: 19થી 24 માર્ચ સુધી યાત્રા અને સભા યોજવાનું આયોજન

**અમદાવાદ, તા.11**

AAPમાંથી રાજીનામું આપ્યા બાદ રાજુ કરપડાએ કિસાન સંકલ્પ યાત્રાની જાહેરાત કરી છે. 19થી 24 માર્ચ સુધી કિસાન સંકલ્પ યાત્રા યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી, રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કિસાન યાત્રા યોજવાનું આયોજન કર્યું છે. છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી કે, રાજુ કરપડા AAP સાથે છેડો ફાડ્યા બાદ ભાજપમાં જોડાઈ શકે છે પરંતુ, અન્ય કોઈ પાર્ટી સાથે જોડાવાના બદલે રાજુ કરપડાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ખેડૂતોને સાથે લઈને ખેડૂતોના મુદ્દે મોરચો માંડવાની જાહેરાત કરી દીધી છે તેમજ અન્ય કોઈ પાર્ટી સાથે જોડાવું કે પછી અલગ મોરચો ખોલવો તે બાબતે કિસાન યાત્રા બાદ નિર્ણય લેવાઈ શકે છે.

ભૂતકાળમાં ન થઈ હોય એવી બિન રાજકીય ખેડૂતોની યાત્રા અને સભા સૌરાષ્ટ્રમાં યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. 11 જેટલી મોટી સભાઓ યોજવાની પણ જાહેરાત કરવામાં આવી છે. તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા સૌરાષ્ટ્રમાં મોટા ફેરફાર થવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. તેમજ અન્ય પાર્ટી જોડાવું કે પછી ખેડૂતોનો અલગ મોરચો ખોલવો તે મુદ્દે પણ 24 પછી નિર્ણય કરવાની તૈયારી બતાવવામાં આવી છે. તેમજ આમ આદમી પાર્ટી છોડ્યા બાદ રાજુ કરપડાએ પાર્ટી



અને તેના નેતાઓ પર તીખા પ્રહાર કર્યા હતા. આમ આદમી પાર્ટી છોડ્યા ખેડૂતો વચ્ચે દિવસ ઉભી કરવા માટે આમ આદમી પાર્ટીએ અને ગોપાલ ઈટાલીયાએ બદનામ કરવાનું ષડયંત્ર કર્યું હોવાનો પણ રાજુ કરપડાએ આક્ષેપ કર્યો છે.

આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતા રાજુ કરપડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજકારણમાં કેટલાક મહિનાથી ઘણા બધા ફેરફાર જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ખેડૂતોના મુદ્દે રાજકીય પાર્ટીઓ મેદાને આવી છે. હું જે પાર્ટીમાં હતો ત્યાં મેં ખેડૂતો માટે કામ કર્યું, વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાને જીતાડવા માટે દોઢ મહિનો ત્યાં રોકાયો હતો. પરિવારથી દૂર વિસાવદરમાં રહીને પરસેવો પાડ્યો અને પરિણામ પણ મેળવ્યું હતું. આમ આદમી પાર્ટી છોડી પાંચ વર્ષ મહેનત કરી અને આમ આદમી પાર્ટીના સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ દ્વારા 20 મિનિટમાં રાજુ કરપડાને ગદ્દાર ચીતરવા માટેના પોસ્ટર તૈયાર કરી અને વાઈરલ કરવામાં આવ્યા. આમ આદમી પાર્ટીએ આભાર માનવાના બદલે ખરાબ ચીતરવા માટે અને ખેડૂતોની વચ્ચે ખરાબ બતાવવા માટે આમ આદમી પાર્ટીએ પ્રયાસ કર્યા હતા.

ગોપાલ ઈટાલીયા પર પ્રહાર કરતા રાજુ કરપડાએ જણાવ્યું હતું કે, દુઃખ તો ત્યારે થયું કે જે ગોપાલ ઈટાલીયાને જીતાડવા માટે તનતોડ મહેનત કરી તે ગોપાલ ઈટાલીયા મીડિયા સામે 10 વર્ષ જુના કેસની ફરિયાદની કોપી લઈને આવ્યા હતા. માત્ર મારા પર જ નહીં પરંતુ, મારા આખા પરિવાર પર ગોપાલ ઈટાલીયા આક્ષેપ કર્યા હતા. મને બદનામ કરવાની સૌથી વધુ કોશિશ જો કોઈએ કરી હોય તો તે આમ આદમી પાર્ટીના એક બે નેતા અને પ્રદેશના કાર્યકર્તાઓ અને તેમજ પ્રદેશ સોશિયલ મીડિયાનું જે કામ સંભાળે છે તે લોકોએ કર્યું છે. ખેડૂતોનો મારા પ્રત્યે જે પ્રેમ હતો, તેની વચ્ચે દીવાલ ઊભી કરવા માટે ષડયંત્ર કરીને રાજુ કરપડા ડરીને ભાગી ગયા, તેમની 56ની છાતી નથી એવા આક્ષેપો કરવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીની યાત્રાનો ફિયાસ્કો થયો હોવાનું કહી રાજુ કરપડાએ જણાવ્યું હતું કે, આપ આદમી પાર્ટી દ્વારા ખેડૂતો માટે સૌરાષ્ટ્રમાં યાત્રા કાઢવામાં આવી હતી. જે યાત્રાનો ફિયાસ્કો થયો છે તે જ બતાવે છે કે, ખેડૂતોએ આમ આદમી પાર્ટીથી મોઢું ફેરવી લીધું છે. આ બાદ મેં પાર્ટીમાં ખેડૂતોના નામે રાજનીતિ થઈ રહી છે અને ખેડૂતોના નામે રાજનીતિ રોટલા શેકાઈ રહ્યા છે.

# 'બુમરાહ સ્લો બોલ ફેંકતા મારાથી શીખ્યો, શેન વૉર્ન પણ ચોંકી ગયો હતો..', પાક. મૂળના યુએઈના બોલરનો દાવો

**નવી દિલ્હી, તા.11**



જસપ્રીત બુમરાહની ઘાતક સ્લોઅર બોલિંગને લઈને પાકિસ્તાની મૂળના યુએઈના બોલર ઝહૂર ખાનનો એક દાવો અત્યારે સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, બુમરાહે તેની પાસેથી જ એક જ પ્રકારના એક્શન અને ગ્રીપ સાથે સ્લોઅર બોલ ફેંકવાની કળા શીખી હતી. ઝહૂરે દાવો કર્યો છે કે જ્યારે તેણે આ રીતે બોલિંગ કરી હતી, ત્યારે દિગ્ગજ સ્પિનર શેન વૉર્ન પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને તેને ક્રિકેટ જગતની એક નવી જ શોધ ગણાવી હતી.

ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, આ કિસ્સો યુએઈમાં રમાયેલી આઈપીએલ(IPL) દરમિયાનનો છે. અબુ ધાબીમાં રમાયેલી એક મેચમાં જ્યારે ટ્રેન્ટ બોલ્ટ અને બુમરાહ સામે બેટ્સમેનો રનનો વરસાદ કરી રહ્યા હતા, ત્યારે ઝહીર ખાન અને રોબિન સિંહ સાથે આ બાબતે ચર્ચા થઈ હતી. તે સમયે ઝહીર ખાને રોહિત શર્મા અને બુમરાહને ઝહૂરનો સ્લોઅર બોલિંગ કરતો વીડિયો બતાવ્યો હતો. સમાન એક્શન અને ગ્રીપ સાથે સ્લોઅર બોલ ફેંકવાની આ કળા જોઈને બુમરાહ પણ દંગ રહી ગયો હતો.

ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, જ્યારે તેણે પ્રેક્ટિસ સેશન દરમિયાન બોલિંગ કરી ત્યારે શેન વૉર્ન અને માહેલા જયવર્ધને પણ તેની આ પ્રતિભાના વખાણ કર્યા હતા. ઝહૂરનો દાવો છે કે બુમરાહે તેની પાસેથી આ ખાસ ગ્રીપ વિશે જાણકારી મેળવી હતી અને ત્યારબાદ મુંબઈ ઈન્ડિયન્સની મેચોમાં બુમરાહે તે જ રીતે સ્લોઅર બોલ ફેંકવાની શરૂઆત કરી હતી. ઝહૂરે વધુમાં એમ પણ કહ્યું કે, આજે પણ બુમરાહ જે સ્લોઅર બોલ નાખે છે તેની ગ્રીપ બિલકુલ મારા જેવી જ છે. બુમરાહની વર્લ્ડ કપમાં મળેલી ભવ્ય સફળતા બાદ આ જૂનો વીડિયો ફરીથી સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવ્યો છે.

# ફ્લાઈટની ટિકિટ ના મળી તો ટ્રેનમાં છુપાઈને અમદાવાદથી મુંબઈ પહોંચ્યો ટીમ ઈન્ડિયાનો સ્ટાર ખેલાડી......

**નવી દિલ્હી, તા.11**



T20 વર્લ્ડ કપ 2026માં ભારતની ઐતિહાસિક જીત બાદ દરેક ખેલાડીઓનું ભવ્ય સ્વાગત થઈ રહ્યું છે, પરંતુ ટીમની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ઓલરાઉન્ડર શિવમ દુબેની ઘરવાપસીની કહાની ખૂબ જ રસપ્રદ છે. ફાઈનલમાં માત્ર 8 બોલમાં 25 રનની તોફાની ઈનિંગ રમનાર શિવમ દુબે અમદાવાદથી મુંબઈ જવા માટે ફ્લાઈટ ન મળતા ટ્રેનના થર્ડ-એસી કોચમાં મુસાફરી કરીને છૂપી રીતે ઘરે પહોંચ્યો હતો. પોતાના બાળકોને મળવાની આતુરતાને કારણે દુબેએ સેલિબ્રિટી હોવા છતાં સામાન્ય મુસાફરની જેમ ટ્રેનમાં જવાનો નિર્ણય કર્યો હતો.

શિવમ દુબેએ પોતાની ઓળખ છુપાવવા માટે મોઢા પર માસ્ક અને માથા પર ટોપી પહેરી હતી. ભીડથી બચવા માટે તે ટ્રેન ઉપડવાની માત્ર 5 મિનિટ પહેલા જ પ્લેટફોર્મ પર પહોંચ્યો હતો અને સીધો અપર બર્થ પર જઈને સૂઈ ગયો હતો. મુસાફરી દરમિયાન જ્યારે ટિકિટ ચેકરે નામ વાંચીને શંકા વ્યક્ત કરી, ત્યારે તેની પત્ની અંજુમે ઓળખ આપવાની ના પાડી દીધી હતી. આ રીતે કોઈને પણ ખબર પડ્યા વગર દુબે આખી રાત ટ્રેનમાં સૂતા-સૂતા મુંબઈ પહોંચ્યો હતો.

જોકે, મુંબઈના બોરીવલી સ્ટેશન પર ઉતરતી વખતે ભીડમાં ઓળખાઈ જવાનો ડર હોવાથી દુબેએ સ્થાનિક પોલીસની મદદ લીધી હતી. પોલીસ પણ એ જાણીને હેરાન રહી ગઈ હતી કે વર્લ્ડ ચેમ્પિયન ખેલાડી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો છે. અંતે, પોલીસના રક્ષણ હેઠળ શિવમ દુબે કોઈપણ હોબાળા વગર સુરક્ષિત રીતે પોતાના ઘરે પહોંચ્યો હતો. દુબેએ જણાવ્યું કે તે પોતાના બાળકોને મળવા માટે એટલો બેચેન હતો કે તે ફ્લાઈટની રાહ જોવા માંગતો ન હતો.

# સૂર્યકુમાર યાદવ બાદ કોણ બનશે ટીમ ઈન્ડિયાનો T20 કેપ્ટન? નામ જાણીને ચોંકી જશો....!

**નવી દિલ્હી, તા.11**



T20 વર્લ્ડ કપ 2026નું ટાઈટલ જીતીને ટીમ ઈન્ડિયાએ ઈતિહાસ રચી દીધો છે. ભારત આ ટ્રોફી રેકોર્ડ ત્રીજી વખત જીતનાર વિશ્વની પ્રથમ ટીમ બની છે. આ ઐતિહાસિક જીત બાદ હવે ભારતીય ક્રિકેટમાં ભવિષ્યની તૈયારીઓ અને નવા કેપ્ટન અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ટી20 ફોર્મેટમાં કેપ્ટનશિપની રેસમાં અત્યારે સંજુ સેમસનનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. આ વર્લ્ડ કપમાં સતત 3 ફિફ્ટી ફટકારીને ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર સેમસનને હવે સૂર્યકુમાર યાદવના અનુગામી તરીકે જોવામાં આવી રહ્યો છે.

સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં ભારતે વર્લ્ડ કપ જીત્યો છે, પરંતુ 35 વર્ષની ઉંમરે તેની લાંબી કેપ્ટનશિપ પર સવાલો ઊઠી શકે છે. વર્ષ 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિક અને આગામી ટી20 વર્લ્ડ કપ સુધીમાં સૂર્યા 37 વર્ષનો થઈ જશે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈ ભવિષ્યના પ્લાન પર કામ કરી રહી છે. પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે પણ સંજુ સેમસનને કેપ્ટન પદ માટે પ્રબળ દાવેદાર ગણાવ્યો છે. કૈફનું માનવું છે કે સંજુ પાસે તે અનુભવ અને સમજ છે જે એક સારા કેપ્ટન માટે જરૂરી હોય છે.

કૈફે સંજુના આઈપીએલ અનુભવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, જો સૂર્યા પદ છોડે છે તો સંજુ તે જગ્યા ભરી શકે છે. તેણે રાજસ્થાન રોયલ્સ માટે શાનદાર કેપ્ટનશિપ કરી છે અને ટીમને 2022ના ફાઈનલ સુધી પહોંચાડી હતી. હાલમાં તેની ઉંમર માત્ર 31 વર્ષ છે, જે તેને ટીમ ઈન્ડિયાના આગામી લાંબા ગાળાના કેપ્ટન બનવા માટે યોગ્ય ઉમેદવાર બનાવે છે.

# IPL 2026 પહેલા 'કિંગ' કોહલી તૈયાર, RCBએ વીડિયો પોસ્ટ કર્યો, ફેન્સમાં ભારે ઉત્સાહ....

**નવી દિલ્હી, તા.11**



IPL 2026ની શરૂઆત પહેલા જ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર(RCB) એ સોશિયલ મીડિયા પર એક ખાસ પોસ્ટ શેર કરીને ચાહકોમાં ઉત્સાહ વધારી દીધો છે. આઈપીએલની 19મી સીઝન 28 માર્ચથી શરૂ થવા જઈ રહી છે, ત્યારે આરસીબીએ એક વીડિયો શેર કરતા લખ્યું કે, 'રન મશીન સંપૂર્ણ રીતે તૈયાર છે, ચાલો આઈપીએલ 2026 શરૂ કરીએ.' ટીમના આ આત્મવિશ્વાસભર્યા મેસેજથી સ્પષ્ટ સંકેત મળે છે કે ફ્રેન્ચાઈઝી આગામી સીઝન માટે સજ્જ છે.

જ્યારે પણ આરસીબી દ્વારા 'રન મશીન' શબ્દ વાપરવામાં આવે છે, ત્યારે તેમનો સંકેત ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલી તરફ જ હોય છે. 2008થી IPLમાં ડેબ્યૂ કરનાર કોહલી આજે પણ આરસીબીની બેટિંગ લાઈનઅપનો સૌથી મજબૂત સ્તંભ છે. આઈપીએલના ઈતિહાસ પર નજર કરીએ તો, કોહલીએ અત્યાર સુધી 267 મેચમાં 39.54ની એવરેજ અને 132.85ના સ્ટ્રાઈક રેટથી કુલ 8,661 રન બનાવ્યા છે. જેમાં તેણે 8 સેન્ચુરી અને 63 ફિફ્ટી ફટકારી છે, જ્યારે 113 રન તેનો હાઈએસ્ટ સ્કોર રહ્યો છે. વિરાટ કોહલીના કરિયરનું સૌથી યાદગાર વર્ષ 2016 રહ્યું છે, જેમાં તેણે માત્ર 16 મેચમાં 973 રન બનાવીને રેકોર્ડ સર્જ્યો હતો. તે સીઝનમાં તેણે 4 સેન્ચુરી ફટકારી હતી, જે આજે પણ આઈપીએલના ઈતિહાસમાં એક સીઝનમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ છે. કોહલીએ અત્યાર સુધીમાં 771 ચોગ્ગા અને 291 છગ્ગા ફટકારીને મેદાન પર પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આ જ કારણ છે કે ચાહકો તેને સાચા અર્થમાં 'રન મશીન' માને છે.

# યુટ્યુબ રેન્ટલ રિલીઝ પછી 'સિતારે જમીન પર' હવે OTT સ્ટ્રીમિંગ માટે તૈયાર

**મુંબઈ, તા.11**



દર્શકોના દિલને સ્પર્શતી અને દુનિયાને અલગ દૃષ્ટિકોણથી જોવા પ્રેરણા આપતી ફિલ્મ સિતારે જમીન પર હવે ઓટીટી પર આવવા માટે તૈયાર છે. થિયેટરમાં સફળતા મેળવ્યા બાદ હવે આ ફિલ્મ તેની આગામી સફર ઓટીટી પ્લેટફોર્મ પર શરૂ કરવા જઈ રહી છે.

જૂન 2025માં થિયેટરમાં રિલીઝ થયેલી આમિર ખાનની ફીલ-ગુડ સ્પોર્ટ્સ કોમેડી-ડ્રામા ફિલ્મ લગભગ એક વર્ષ પછી સોનીલિવ પર સ્ટ્રીમ થવાની છે, જેથી હવે દર્શકો પોતાના ઘરે બેસીને પણ આ પ્રેરણાદાયક વાર્તાનો આનંદ લઈ શકશે.

'સિતારે જમીન પર' આ પ્લેટફોર્મ પર પ્રીમિયર થનારી પ્રથમ હિન્દી થિયેટ્રિકલ ફિલ્મ બનશે. ફિલ્મની વાર્તા ગુલશન અરોરા નામના બાસ્કેટબોલ કોચની આસપાસ ફરે છે, જેના જીવનમાં એક અચાનક વળાંક આવે છે. દારૂ પીને વાહન ચલાવવાના એક બનાવ પછી તેને કોમ્યુનિટી સર્વિસની સજા થાય છે. આ સજાના ભાગરૂપે તેને ન્યુરોડાઈવર્જન્ટ ખેલાડીઓની બાસ્કેટબોલ ટીમને ટુર્નામેન્ટ માટે તાલીમ આપવાની જવાબદારી સોંપવામાં આવે છે.

શરૂઆતમાં માત્ર ફરજ તરીકે શરૂ થયેલી આ જવાબદારી ધીમે ધીમે ગુલશન માટે ખૂબ જ વ્યક્તિગત અને ભાવનાત્મક સફર બની જાય છે. ટીમના ખેલાડીઓની હિંમત, જુસ્સો અને જીવન પ્રત્યેનો અનોખો દૃષ્ટિકોણ જોઈને ગુલશન સમજે છે કે અંતે તે જ પોતાનો સૌથી મોટો છે.

# અક્ષયની 'ભાગમ ભાગ 2'નું શૂટ ઓગસ્ટમાં, માર્ચના અંતથી 'ગોલમાલ 5' શરૂ કરશે

**મુંબઈ, તા.11**



અક્ષય કુમાર ઈન્ડસ્ટ્રીનો સૌથી વ્યસ્ત એક્ટર છે. તે ફરી એકવાર વ્યસ્ત શીડ્યુલ સાથે નવા પ્રોજેક્ટ્સમાં જોડાવા તૈયાર છે. અક્ષયે ડિરેક્ટરઅનીસ બઝમીની ફેમિલી કોમેડી ફિલ્મનો મોટો હિસ્સો શૂટ કર્યા પછી થોડો બ્રેક લીધો હતો. હવે તે નવા પ્રોજેક્ટ માટે તૈયાર છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અક્ષય કુમાર માર્ચના અંતથી ગોલમાલ 5નું શૂટિંગ શરૂ કરવાનો છે. એક સુત્રે જણાવ્યા અનુસાર, "અક્ષયે આ ફિલ્મ માટે 18 દિવસ ફાળવ્યા છે. માર્ચના અંતથી શરૂ થતું આ શેડ્યુલ એક જ તબક્કામાં પૂરું હશે." આ મહિનાની શરૂઆતમાં એવા અહેવાલો હતા કે, ભાગમ ભાગ 2નું કામ હાલ માટે અટકાવવામાં આવ્યું છે. તેનું કારણ નિર્માતા એકતા કપૂર અને અને દિગ્દર્શક રાજ શાંડિલ્ય વચ્ચે ચાલી રહેલી કાનુની લડાઈ છે. જોકે, કેટલાંક અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મ સમયસર પર ફ્લોર પર જશે. એક સુત્રે જણાવ્યું, "ભાગમ ભાગ 2નું શૂટિંગ મૂળ માર્ચમાં ભારતમાં શરૂ થવાનું હતું. પરંતુ એકતા કપૂર અને રાજ શાંડિલ્યા વચ્ચે ચાલી રહેલી કાનૂની લડાઈને કારણે શેડ્યૂલ અટકી ગયું. કલાકારોની તારીખો પણ ગડબડ થઈ ગઈ અને હવે સૌને ફરી એકસાથે લાવવાની શક્યતા ઓગસ્ટમાં છે. ટીમ વર્ષના બીજા ભાગમાં શૂટિંગ ફરી ગોઠવવાનો પ્રયાસ કરી રહી છે અને આશા રાખે છે કે ત્યાં સુધી કાનૂની મુદ્દાઓ ઉકેલી લેવામાં આવશે." સુત્રે વધુમાં ઉમેર્યું કે જો અક્ષય કુમારને વચ્ચે થોડો સમય મળશે તો વચ્ચે એક અઠવાડિયાનું શૂટ પણ થઈ શકે છે. જોકે માર્ચથી એપ્રિલ વચ્ચે શૂટ થનાર તમામ સંયુક્ત દૃશ્યો હવે ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવ્યા છે. "હાલ માટે અક્ષયના બધા દિવસો બૂક છે, પરંતુ જો કોઈ ખાલી સમય મળશે તો તે 'ભાગમ ભાગ 2'ની ટીમને થોડા દિવસ આપી શકે છે," એમ સૂત્રે જણાવ્યું. આ વચ્ચે અક્ષય કુમાર પહેલા અનીસ બઝમીની આગામી ફિલ્મ 'ગોલમાલ 5' તેમજ બીજી એક કોમેડી ફિલ્મનું કામ પૂરું કરશે અને ત્યારબાદ 'ભાગમ ભાગ 2'ના શૂટિંગમાં જોડાશે.

# બ્યુટી એન્ડ ધ બીસ્ટની વાર્તા ઉલ્ટાવીને બની થમ્માની વાર્તા

**મુંબઈ, તા.11**

## આદિત્ય સરપોતદારની પહેલાથી આયુષ્યમાન સાથે કામ કરવાની ઈચ્છા હતી



થમ્મા, એક અલગ જ પ્રકારની લવ સ્ટોરી છે, જેમાં એક સામાન્ય માણસ અને વેમ્પાયરની લવસ્ટોરીની વાત છે. જેમાં લાગણી, રહસ્ય અને પૌરાણિક કથાઓને રજૂ કરવામાં આવી છે. ક્લાસિક 'બ્યુટી એન્ડ ધ બીસ્ટ'ની કથાને ઉલટાવીને, આ ફિલ્મમાં સુંદરતા, સંવેદનશીલતા અને 'બીસ્ટ' ના વિચારને નવીન અને આધુનિક રીતે દર્શાવે છે. શનિવાર, 21 માર્ચના દિવસે આ ફિલ્મ થમ્માનું પહેલી વખત સોની મેક્સ પર વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર થવા જઈ રહ્યું છે.

ફિલ્મના ડિરેક્ટર આદિત્ય સરપોતદારે જણાવ્યું કે તે હંમેશા આયુષ્માન ખુરાના સાથે કામ કરવા માંગતા હતા. તેણે જણાવ્યું, "શરૂઆતથી જ, આયુષ્યમાન મારી પહેલી અને એકમાત્ર પસંદગી હતો. આયુષ્માનમાં સ્વાભાવિક ભાવનાત્મક પ્રામાણિકતા છે જેનાથી પ્રેક્ષકો તરત જ તેની સાથે જોડાઈ જાય છે, ભલે દુનિયા ગમે તેટલી અસામાન્ય કેમ ન હોય."

આયુષ્માન ખુરાનાએ ફિલ્મમાં આલોક ગોયલની ભૂમિકા ભજવી છે, જે ઈન્ફ્લ્યુએન્સર છે અને તે રશ્મિકા મંદન્ના એટલે કે, તાડકા/તારિકાના પ્રેમમાં પડે છે, ત્યારે તેનું જીવન પણ બદલાઈ જાય છે. આ મેડોક હોરર કોમેડી યુનિવર્સનો 5 મો ભાગ છે. ફિલ્મના ડિરેક્ટર આદિત્ય સરપોતદાર દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે અને તેમાં નવાઝુદ્દીન સિદ્દીકી, પરેશ રાવલ અને સત્યરાજ પણ મહત્વની ભૂમિકામાં છે. શનિવારે રાત્રે 8 વાગ્યે સોની મેક્સ પર થમ્માનું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર થશે.

# કલાકારોના મોટા ઓન્ટ્રાજ ખર્ચ ખાલી વાતો : તાપસી

**તાપસીએ આ ચર્ચામાં શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથેના અનુભવના ઉદાહરણ આપ્યા**



**મુંબઈ, તા.11**

તાપસી પન્નુએ ફિલ્મ ઉદ્યોગમાં કલાકારોના મોટા ઓન્ટ્રાજ અંગે ચાલી રહેલી ચર્ચા પર પોતાનાં વિચાર વ્યક્ત કર્યા છે. તેનાં મતે કેટલાક નિર્માતાઓ દ્વારા કરવામાં આવતી વાતો ઈડસ્ટ્રીની સંપૂર્ણ હકીકત દર્શાવતી નથી.

એક ઈન્ટરવ્યુમાં તાપસીએ જણાવ્યું કે તાજેતરમાં કેટલાક પ્રોડ્યૂસર્સે કલાકારો અને તેમની ટીમના વધતા ખર્ચ અંગે ફરિયાદો કરી હતી, જેના કારણે આ મુદ્દે ભારે ચર્ચા થઈ હતી.

તાપસીએ કહ્યું, "હું કેટલાક ઈન્ટરવ્યુ જોતી હતી જેમાં કેટલાક પ્રોડ્યૂસર્સ ફરિયાદ કરી રહ્યા હતા કે સ્ટાર્સ સાથે ઘણો ખર્ચ જોડાયેલો હોય છે અને તેમની પાસે ખુબ મોટું ઓન્ટ્રાજ હોય છે. તેઓ કહી રહ્યા હતા કે સ્ટાર્સ સાથે ચાર-પાંચ લોકો હંમેશા ફરતા હોય છે."

પરંતુ તાપસી પન્નુએ સ્પષ્ટ કર્યું કે આ વાત દરેક કલાકાર માટે લાગુ પડતી નથી. ઈન્ડસ્ટ્રીમાં મોટા કલાકારો સાથે કામ કરવાના પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં તેણે જણાવ્યું કે દરેક સ્ટાર સાથે મોટી ટીમ ફરતી હોવાની વાત સાચી નથી.

તાપસીએ કહ્યું, "સૌ પ્રથમ તો દરેક સ્ટાર માટે આવું નથી. મેં ઈન્ડસ્ટ્રીના બે સૌથી મોટા સ્ટાર્સ શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથે કામ કર્યું છે, તેમજ અમિતાભ બચ્ચન સાથે પણ. જ્યારે હું શાહરુખ સર સાથે કામ કરતી હતી ત્યારે તેમની આસપાસ એટલા લોકો નહોતા. બધા કલાકારો પાસે મોટું ઓન્ટ્રાજ હોય છે એવી વાત માત્ર વાતો છે."

તાપસીએ કહ્યું, "હા, કેટલાક કલાકારો પાસે ખરેખર મોટી ટીમ હોય છે. પરંતુ મારો પ્રશ્ન એ છે કે જે લોકો ઈન્ટરવ્યુમાં આ અંગે ફરિયાદ કરે છે અને જેમને આ બાબતથી તકલીફ છે, તેઓ જ એવા સ્ટાર્સને કામ પણ આપે છે."

તાપસીએ ઉમેર્યું કે બહારથી જોતા આ ચર્ચા ઘણી વાર વિરોધાભાસી લાગે છે.

"આ ઈન્ડસ્ટ્રીમાં એટલી માંગ કરવાના કારણે આ કલાકારોને પણ ઘણા લોકો સનકી કહે છે, પરંતુ પછી એ જ પ્રોડ્યૂસર્સ તેમને કામ આપે છે. તો પછી તમે કંઈ બદલાવ લાવો અથવા ફરિયાદ ન કરો."

છેલ્લે તાપની અસ્સી ફિલ્મ રિલીઝ થઈ હતી. આગામી સમયમાં તાપસી પન્નુની કેટલીક નવી ફિલ્મ પર કામ પણ ચાલી રહ્યું છે. જેમાં ગાંધારી ફિલ્મનો સમાવેશ થાય છે, જે ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર પ્રીમિયર થવાની છે.

# સેન્સેક્સ 1342 અંક ઘટીને 76,864 પર બંધ થયો: નિફ્ટી પણ 395 પોઈન્ટ તૂટ્યો, બેન્કિંગ અને ઓટો શેર્સમાં વધુ વેચવાલી રહી

**મુંબઈ, તા.11**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાનના કારણે શેરબજારમાં આજે એટલે કે 11 માર્ચે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 1342 પોઈન્ટ (1.72%) ના ઘટાડા સાથે 76,864 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 395 પોઈન્ટ (1.63%) નો ઘટાડો રહ્યો, તે 23,867 પર બંધ થયો. બેન્કિંગ, ઓટો અને IT શેર્સમાં વધુ ઘટાડો જોવા મળ્યો.




ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી ભારતનું ઈમ્પોર્ટ બિલ અને મોંઘવારી વધશે. સોનું 500 રૂપિયા મોંઘું થયું, ચાંદી 2000 રૂપિયા ઘટી સોનાના ભાવમાં આજે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 500 રૂપિયા વધીને 1.61 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે એક કિલો ચાંદી 2 હજાર રૂપિયા ઘટીને 2.71 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો છે. બ્રેન્ટ ક્રૂડ લગભગ 0.25% ઘટીને 88 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. જ્યારે અમેરિકી તેલ (WTI) પણ 83 ડોલર પ્રતિ બેરલના સ્તરે આવી ગયું છે.

સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 3.50% વધીને 5,724 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. જાપાનનો નિકેઈ 1,351 પોઈન્ટ અથવા 2.50% વધીને 55,599 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 5 પોઈન્ટ અથવા 0.015% વધીને 25,963 પર ટ્રેડ થઈ રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 2 પોઈન્ટ અથવા 0.053% ઉપર 4,125 પર ટ્રેડ થઈ રહ્યો છે.

ડાઉ જોન્સ 34 પોઈન્ટ (0.07%) ઘટીને 47,706ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.005% વધીને 22,697 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 14 પોઈન્ટ (0.21%) ઘટીને 6,781 પર બંધ થયો.

એક દિવસ પહેલા વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 4,672 કરોડના શેર વેચ્યા. સ્થાનિક રોકાણકારો (DIIs) એ 6,333 કરોડની નેટ ખરીદી કરી. માર્ચ મહિનામાં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં 32,849 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન 48,134 કરોડની નેટ ખરીદી કરી છે.

ફેબ્રુઆરી મહિનામાં વિદેશી રોકાણકારોએ 6,640 કરોડના શેર વેચ્યા છે. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન 38,423 કરોડની નેટ ખરીદી કરી હતી.

આ પહેલા ગઈકાલે એટલે કે 10 માર્ચે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 640 પોઈન્ટ (0.82%) ના ઉછાળા સાથે 78,205 ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 233 પોઈન્ટ (0.97%) નો ઉછાળો રહ્યો, જે 24,262 પર બંધ થયો હતો.

# સોનું 505 વધીને ₹1.60 લાખ પર પહોંચ્યું: આ વર્ષે કિંમતમાં ₹27 હજારનો વધારો, ચાંદી ₹1,886 ઘટીને ₹2.69 લાખ/ કિલો પર આવી

**નવી દિલ્હી, તા.11**

11 માર્ચે સોનામાં નજીવો વધારો અને ચાંદીમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 505 રૂપિયા વધીને 1.61 લાખ પર પહોંચી ગયું છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 1.60 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે, એક કિલો ચાંદી 1,886 રૂપિયા ઘટીને 2.69 લાખ પર પહોંચી ગઈ છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 2.71 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર સોનાની માગમાં તેજી યથાવત છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે, ગોલ્ડ ETF (ETF) માં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે.

UBSને પૂરો વિશ્વાસ છે કે



2026 માં સોનાની કિંમતો વધુ ઉપર જશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# સોલાર એનર્જીમાં ગુજરાતનો દબદબો: 12,150 મેગાવોટ ક્ષમતા સાથે દેશમાં પ્રથમ ક્રમે....

## રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ આપી વિગતો

**નવી દિલ્હી, તા.11**

ભારત સરકારની 'સોલાર પાર્ક અને અલ્ટ્રા-મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ વિકાસ' યોજના હેઠળ ગુજરાત દેશભરમાં અવ્વલ રહ્યું છે. 28 ફેબ્રુઆરી, 2026 સુધીના આંકડાઓ મુજબ, ગુજરાત 12,150 મેગાવોટ (MW)ની મંજૂર વીજ ઉત્પાદન ક્ષમતા સાથે પ્રથમ ક્રમે છે. આ મહત્વની માહિતી કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાલ યેસો નાઈકે રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા એક લેખિત પ્રશ્નના જવાબમાં આપી હતી.

દેશમાં કુલ 54 સોલાર પાર્ક, જેમાંથી 7 ગુજરાતમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે દેશભરમાં કુલ 54 સોલાર પાર્કને મંજૂરી આપી છે, જેની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા 39,188 મેગાવોટ છે. આ યાદીમાં ગુજરાત બાદ



રાજસ્થાન બીજા ક્રમે છે, જ્યાં 11 સોલાર પાર્ક હેઠળ 10,726 મેગાવોટ ક્ષમતા મંજૂર કરવામાં આવી છે. ગુજરાતમાં મંજૂર થયેલા 7 સોલાર પાર્ક તેની ભૌગોલિક અનુકૂળતા અને સરકારની સક્રિય નીતિઓનો પુરાવો આપે છે.

ગુજરાતના કયા જિલ્લામાં કેટલા મોટા સોલાર પાર્ક? ગુજરાતની કુલ 12,150 મેગાવોટ ક્ષમતામાં સૌથી મોટો ફાળો કચ્છ જિલ્લાનો છે. વિગતો નીચે મુજબ છે.

પ્રોજેક્ટના અમલીકરણમાં આવતા પડકારો સાંસદ પરિમલ નથવાણીએ આ યોજનાના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ અને સરકારના પગલાં વિશે પણ પૃચ્છા કરી હતી. જેના જવાબમાં મંત્રીએ સ્વીકાર્યું હતું કે, જમીન સંપાદન, ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર (વીજ લાઈનો) તૈયાર કરવી, પ્રોજેક્ટની સમયરેખા સાથે તાલમેલ બેસાડવો અને ટેરિફ (વીજ દર) નક્કી કરવામાં થતો વિલંબ મુખ્ય પડકારો છે. જોકે, કેન્દ્ર સરકાર આ મુશ્કેલીઓ દૂર કરવા માટે રાજ્યો અને સંબંધિત વિભાગો સાથે સતત સંપર્કમાં છે.

આમ, ક્લીન એનર્જી અને સૌર ઊર્જાના ક્ષેત્રમાં ગુજરાત પોતાની પક્કડ મજબૂત બનાવી રહ્યું છે, જે ભવિષ્યમાં રાજ્યની ઊર્જા જરૂરિયાતો અને પર્યાવરણ સુરક્ષા માટે મહત્વનું સાબિત થશે.

# લેપટોપ-ડેસ્કટોપ આ વર્ષે 35% સુધી મોંઘા થશે: માર્ચમાં કિંમત 10% વધી શકે છે

**નવી દિલ્હી, તા.11**

દેશમાં આગામી કેટલાક મહિનાઓમાં લેપટોપ અને ડેસ્કટોપ ખરીદવું મોંઘું પડી શકે છે. પ્રોસેસર અને ગ્રાફિક્સ કાર્ડ (GPU) જેવા મુખ્ય કમ્પોનન્ટ્સના ભાવ વધવાથી આ વર્ષે લેપટોપ-ડેસ્કટોપની કિંમતોમાં 35% સુધીનો ઉછાળો આવવાની સંભાવના છે.

માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે કિંમતોમાં આ વધારાને કારણે આ વર્ષે કમ્પ્યુટર બજારની વૃદ્ધિમાં 8% સુધીનો ઘટાડો આવી શકે છે. મનીકંટ્રોલના એક રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

IDC ઈન્ડિયાના સિનિયર માર્કેટ એનાલિસ્ટ ભરત શેનોયના મતે, રેમ (RAM)ની કિંમતો પહેલાથી જ 2.5 થી 3 ગણી વધી ચૂકી છે. તેનાથી લેપટોપ અને ડેસ્કટોપની કિંમતોમાં અત્યાર સુધીમાં 10-12%નો વધારો થઈ ચૂક્યો છે.

માર્ચ મહિનામાં જ 8-10%નો વધુ એક વધારો થવાની અપેક્ષા છે, જ્યારે તેના આગામી કેટલાક




મહિનાઓમાં કિંમતો 10% વધુ વધી શકે છે.

શેનોયે જણાવ્યું કે જે ડિવાઈસ પહેલા 30,000 થી 35,000 રૂપિયાની રેન્જમાં મળતા હતા, તેમની કિંમત હવે 45,000 રૂપિયાની આસપાસ પહોંચી રહી છે. આનાથી વિદ્યાર્થીઓ, હોમ યુઝર્સ અને પહેલીવાર કમ્પ્યુટર ખરીદનારાઓ માટે અપગ્રેડ કરવું મુશ્કેલ બનશે.

જાણકારોનું કહેવું છે કે આ તેજી આગામી 6-7 ક્વાર્ટર સુધી ચાલુ રહી શકે છે અને 2027 ના બીજા હાફ પહેલા રાહત મળવાની શક્યતા ઓછી છે.

કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના સિનિયર એનાલિસ્ટ અંશિકા જૈન અનુસાર, મેમરી (DRAM અને NAND) ની કિંમતોમાં ઉછાળાનું સૌથી મોટું કારણ 'AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર' ની વધતી માગ છે.

કંપનીઓ હવે તેમનું ઉત્પાદન હાઈ-માર્જિનવાળા સર્વર અને હાઈ-બેન્ડવિડ્થ મેમરી તરફ વાળી રહી છે, જેના કારણે સામાન્ય લેપટોપ માટે ઉપયોગમાં લેવાતા પાર્ટ્સ મોંઘા થઈ ગયા છે. આ ઉપરાંત, ઈન્ટેલના એન્ટ્રી-લેવલ પ્રોસેસરની અછતે પણ મુશ્કેલી વધારી દીધી છે.

ઉદ્યોગ નિષ્ણાતોનું કહેવું છે કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં ચાલી રહેલા તણાવને કારણે ભવિષ્યમાં સંકટ વધુ ઘેરું બની શકે છે. આ રૂટ ઊર્જા અને પેટ્રોકેમિકલ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

જો અહીં અવરોધ લાંબો સમય રહે છે, તો સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગની ઈનપુટ કોસ્ટ વધી જશે. જેની અસર ચિપ્સની ઉપલબ્ધતા અને તેમની કિંમતો પર પડશે. વર્ષ 2025 ભારતીય પીસી માર્કેટ માટે ઐતિહાસિક રહ્યું હતું. IDCના આંકડા મુજબ, ગયા વર્ષે 1.59 કરોડ યુનિટ્સનું શિપમેન્ટ થયું હતું, જે વાર્ષિક ધોરણે 10.2%ની વૃદ્ધિ હતી. આ પહેલીવાર હતું જ્યારે વાર્ષિક શિપમેન્ટ 1.5 કરોડને પાર પહોંચ્યું હતું.

જોકે, આ વર્ષે ઊંચા ભાવને કારણે માગ નબળી રહેવાની આશંકા છે. અંદાજ છે કે કન્ઝ્યુમર અને કોમર્શિયલ બંને સેગમેન્ટમાં 7-8%નો ઘટાડો આવી શકે છે.

વધતી કિંમતો વચ્ચે ગ્રાહકોને આકર્ષવા માટે ટેક બ્રાન્ડ્સ હવે નવા રસ્તા શોધી રહી છે. કંપનીઓ લેપટોપના કન્ફિગરેશનમાં ફેરફાર કરી રહી છે જેથી બેઝ પ્રાઈસ ઓછી રાખી શકાય. આ ઉપરાંત, વધુને વધુ ગ્રાહકોને સરળ હપ્તાઓ અને પ્રમોશનલ ઑફર્સ દ્વારા જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગેમિંગ અને પ્રોફેશનલ સેગમેન્ટના ખરીદદારો મોંઘા હોવા છતાં ખરીદી ચાલુ રાખી શકે છે, પરંતુ બજેટ સેગમેન્ટમાં મંદી જોવા મળશે. જો તમે આગામી કેટલાક મહિનામાં લેપટોપ કે પીસી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો અત્યારે ખરીદવું વધુ સારું છે. કારણ કે તેમની કિંમતોમાં ઘટાડો થવાની શક્યતાઓ 2027 પહેલા દેખાતી નથી.

# ચીન સહિતના પડોશી દેશો માટે ભારતમાં રોકાણ સરળ

## ફોરેન ઈન્વેસ્ટમેન્ટના નિયમો બદલાયા, 10%થી ઓછી હિસ્સેદારી પર મંજૂરી વગર રોકાણ કરી શકશે

**નવી દિલ્હી, તા.11**

કેન્દ્ર સરકારે ચીન સહિત ભારત સાથે સરહદ વહેંચતા એટલે કે પડોશી દેશોમાંથી આવતા પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ના નિયમોમાં છૂટછાટ આપી છે. વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મંગળવારે (10 માર્ચ) યોજાયેલી કેબિનેટ બેઠકમાં પ્રેસ નોટ 3 એટલે કે FDI નીતિના નિયમોમાં ફેરફારને મંજૂરી આપવામાં આવી.

નવા નિયમો હેઠળ હવે તે રોકાણ પ્રસ્તાવોને સ્વયંસંચાલિત મંજૂરી મળી જશે, જેમાં પડોશી દેશના રોકાણકારનો હિસ્સો 10%થી ઓછો હોય અને તેનું કંપની પર કોઈ નિયંત્રણ ન હોય. આ સાથે જ, વ્યૂહાત્મક ઉત્પાદન ક્ષેત્રમાં રોકાણ માટે 60 દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે.

ખરેખર જ્યારે કોઈ વિદેશી કંપની કે વ્યક્તિ ભારતમાં કોઈ કંપની, ફેક્ટરી, વ્યવસાય કે પ્રોજેક્ટમાં સીધા પૈસા રોકે છે, તો તેને FDI કહેવાય છે.

સરકારના આ નિર્ણયની સૌથી મોટી અસર ભારતીય સ્ટાર્ટઅપ્સ અને ડીપ ટેક સેક્ટર પર પડશે. સરકારનું કહેવું છે કે આ ફેરફારોનો ઉદ્દેશ્ય ગ્લોબલ ફંડ્સમાંથી રોકાણ મેળવવાનો અને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવાનો



છે. અત્યાર સુધી પ્રેસ નોટ 3ને કારણે ઘણા ગ્લોબલ પ્રાઈવેટ ઈક્વિટી (PE) અને વેન્ચર કેપિટલ (VC) ફંડ્સને રોકાણ કરવામાં મુશ્કેલી પડી રહી હતી, કારણ કે તેમાં પડોશી દેશોના રોકાણકારોનો નાનો હિસ્સો પણ સામેલ હતો. હવે 10%ની મર્યાદા નક્કી થવાથી ફંડનો પ્રવાહ સરળ બનશે.

સરકારે રોકાણના નિયમોમાં પારદર્શિતા લાવવા માટે 'બેનિફિશિયલ ઓનર'ની વ્યાખ્યાને હવે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (PMLA) રૂલ્સ, 2005 સમાન કરી દીધી છે.

જો કોઈ રોકાણમાં જમીન સરહદ ધરાવતા દેશના રોકાણકારનો હિસ્સો 10%થી ઓછો હોય અને તે કંપનીના નિર્ણયોને પ્રભાવિત કરતો નથી, તો તેને સરકારી મંજૂરી લેવાની જરૂર રહેશે નહીં.

આવી સ્થિતિમાં ભારતીય કંપનીએ ફક્ત ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) એટલે કે ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર સંવર્ધન વિભાગને તેની જાણકારી આપવી પડશે.

કેબિનેટે મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે એક 'ફાસ્ટ ટ્રેક' એપ્રુવલ સિસ્ટમને પણ લીલી ઝંડી આપી છે. હવે સ્પેશિયલ મેન્યુફેક્ચરિંગ સેક્ટરોમાં રોકાણના પ્રસ્તાવો પર સરકારે 60 દિવસની અંદર નિર્ણય લેવો પડશે.

આનાથી ભારતીય કંપનીઓને વિદેશી કંપનીઓ સાથે મળીને ટેકનોલોજી પાર્ટનરશીપ કરવા અને જોઈન્ટ વેન્ચર બનાવવામાં મદદ મળશે. સરકારનું માનવું છે કે આનાથી ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનનો હિસ્સો બનવામાં સરળતા રહેશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ બદલાવોથી ખાસ કરીને ત્રણ સેક્ટરને સૌથી વધુ ફાયદો થશે. ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ: મોબાઈલ-લેપટોપના પાર્ટ્સ બનાવતી કંપનીઓને વિદેશી રોકાણ અને ટેકનોલોજી મળી શકશે.

કેપિટલ ગુડ્સ: ભારે મશીનરી અને ઈન્ડસ્ટ્રિયલ ઈક્વિપમેન્ટના ઉત્પાદનમાં તેજી આવશે. સોલર સેલ્સ: રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં આત્મનિર્ભરતા વધશે.

નિયમોમાં છૂટછાટ હોવા છતાં સરકારે સુરક્ષા જાળવી રાખી છે. સંવેદનશીલ સેક્ટરમાં ફાસ્ટ-ટ્રેક મંજૂરી ત્યારે જ મળશે, જ્યારે તે કંપનીની બહુમતી શેર-હોલ્ડિંગ અને નિયંત્રણ ભારતીય નાગરિકો અથવા ભારતીય કંપનીઓ પાસે જ રહે. આ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે કોઈપણ રોકાણથી દેશની સુરક્ષાને ખતરો ન થાય અને કંપનીનું કમાન્ડ ભારતીય હાથોમાં જ રહે.

# રિલાયન્સ અમેરિકામાં વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઇનરી સ્થાપશે

## ડોનાલ્ડ ટ્રમ્પે રિલાયન્સ અને ભારતનો આભાર માન્યો, 25 લાખ કરોડનું રોકાણ થશે

**નવી દિલ્હી, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક્સાસમાં 300 અબજ ડોલર (લગભગ 25.35 લાખ કરોડ રૂપિયા)ની ઓઈલ રિફાઈનરીની જાહેરાત કરતા ભારત અને તેની સૌથી મોટી પ્રાઈવેટ એનર્જી કંપની રિલાયન્સનો આભાર માન્યો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં છેલ્લા 50 વર્ષમાં પ્રથમ નવી ઓઈલ રિફાઈનરી બનાવવા માટે ભારત અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પ્રશંસા કરી છે. ટ્રમ્પે તેને એક ઐતિહાસિક રોકાણ ગણાવતા કહ્યું કે આ 'અમેરિકા ફર્સ્ટ' નીતિની મોટી જીત છે. આ પ્રોજેક્ટથી અમેરિકા ઉર્જા ક્ષેત્રે ફરીથી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માગે છે.

300 અબજ ડોલરની છે આ ડીલ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ પ્રોજેક્ટની જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે ટેક્સાસના બ્રાઉન્સવિલેમાં બનનારી આ રિફાઈનરી 300 અબજ ડોલરની મોટી ડીલનો ભાગ છે.

ટ્રમ્પના મતે, આ અમેરિકી



ઈતિહાસનો સૌથી મોટી ડીલ છે. જોકે, હજુ એ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી કે પૂરી 300 અબજ ડોલરની રકમ ભારત સાથે થયેલા કરારનો જ ભાગ છે કે તેમાં અન્ય ભાગીદારો પણ સામેલ છે.

વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી હોવાનો દાવો ટ્રમ્પે કહ્યું કે બ્રાઉન્સવિલે બંદરગાહ પર બનનારી આ રિફાઈનરી માત્ર અમેરિકી ઘરેલુ બજારની જરૂરિયાતોને જ પૂરી નહીં કરે, પરંતુ તેનાથી ગ્લોબલ એક્સપોર્ટને પણ પ્રોત્સાહન મળશે. તેમણે દાવો કર્યો કે આ વિશ્વની સૌથી 'ક્લીન' એટલે કે સ્વચ્છ રિફાઈનરી હશે. તેનાથી અમેરિકાની નેશનલ સિક્યોરિટી મજબૂત થશે અને સાઉથ ટેક્સાસના વિસ્તારમાં હજારો નવી રોજગારીઓનું સર્જન થશે.

ટ્રમ્પે કહ્યું- ભારત અને રિલાયન્સનો આભાર પ્રોજેક્ટનો ખુલાસો કરતા ટ્રમ્પે લખ્યું, 'આ શાનદાર રોકાણ માટે ભારતમાં અમારા સહયોગીઓ અને તેમની સૌથી મોટી પ્રાઈવેટ એનર્જી કંપની, રિલાયન્સનો આભાર.' ટ્રમ્પે પોતાની સરકારની નીતિઓની પ્રશંસા કરતા કહ્યું કે ટેક્સમાં ઘટાડો અને પરમિટની પ્રક્રિયાને સરળ બનાવવાને કારણે જ આટલું મોટું રોકાણ અમેરિકા પાછું આવી રહ્યું છે.

મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે મોટી જાહેરાત આ જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક તેલ બજારમાં ઉથલપાથલ મચી છે. હોર્મુઝ જળમાર્ગ બંધ થવાથી વિશ્વની 20% તેલ સપ્લાય પ્રભાવિત થઈ છે, જેનાથી ક્રૂડ ઓઈલની કિંમતો વધી ગઈ છે. આવી સ્થિતિમાં અમેરિકા પોતાની ઘરેલું તેલ ઉત્પાદન ક્ષમતા વધારીને અન્ય દેશો પર નિર્ભરતા ઓછી કરવા માગે છે.

એલિમેન્ટ ફ્યુલ્સ હોલ્ડિંગ કરી રહી છે કામ ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, ડલાસની એક સ્ટાર્ટઅપ કંપની 'એલિમેન્ટ ફ્યુલ્સ હોલ્ડિંગ'એ 2024માં બ્રાઉન્સવિલેમાં એક નવો પ્લાન્ટ બનાવવાની કોશિશો ફરીથી શરૂ કરવાની વાત કહી હતી. એવું માનવામાં આવે છે કે ટ્રમ્પનો ઈશારો આ જ મોટા પ્રોજેક્ટ તરફ છે, જેમાં હવે ભારતીય સહયોગની વાત સામે આવી રહી છે.

# એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ₹399 મોંઘી: ભારતીય એરલાઈન્સે ઈન્ટરનેશનલ ભાડામાં 15% વધારો કર્યો

**નવી દિલ્હી, તા.11**

મિડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહી છે. એર ઈન્ડિયા 12 માર્ચથી ડોમેસ્ટિક ફ્લાઈટ ટિકિટ પર 399નો ફ્યુઅલ સરચાર્જ લાદશે. આનો અર્થ એ કે તમારે હવે ટિકિટ ખરીદતી વખતે વધારાના 399 ચૂકવવા પડશે.

એર ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પણ સરચાર્જ વસૂલશે. બ્લૂમબર્ગે એ પણ અહેવાલ આપ્યો છે કે ભારતીય એરલાઈન્સે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડામાં આશરે 15% વધારો કર્યો છે.

અહેવાલ મુજબ, યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટના વિક્ષેપને કારણે ક્રૂડ ઓઈલના ભાવ અને જેટ ઈંધણના ભાવમાં સતત વધારો થયો છે, જે ગ્લોબલ એવિએશન ઈન્ડસ્ટ્રીને પણ અસર કરી રહ્યો છે.

ભારત, એશિયા અને વિશ્વભરની મોટી એરલાઈન્સે પણ ટિકિટના ભાવમાં વધારો કર્યો છે, અને ઘણી કંપનીઓ તેમના વિમાનોને ગ્રાઉન્ડ કરવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતો કહે છે કે આ 1970ના દાયકા પછીનું સૌથી મોટું ઓઈલ સંકટ હોઈ શકે છે.

રિપોર્ટ અનુસાર, જેટ ફ્યુઅલ એટલે કે ATFની કિંમતોમાં થઈ રહેલા વધારાને જોતા ભારતની એવિએશન કંપનીઓ આવનારા દિવસોમાં ભાડું વધુ વધારી શકે છે. એરલાઈન્સનું કહેવું છે કે ઓપરેશનલ કોસ્ટ વધવાને કારણે તેમની પાસે ભાડું વધારવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ પછી ઓઈલની સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ




આજે 93 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો છે. જ્યારે એક દિવસ પહેલા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ લગભગ 120 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો.

વળી, ઘણા બજારોમાં જેટ ફ્યુઅલના ભાવ સંઘર્ષ શરૂ થયા પછી બમણા થઈ ગયા છે. યુદ્ધ પહેલા જેટ ફ્યુઅલના ભાવ લગભગ 85થી 90 ડોલર પ્રતિ બેરલ હતા, જે હવે વધીને 150થી 200 ડોલર પ્રતિ બેરલની વચ્ચે પહોંચી ગયા છે. વળી, મધ્ય પૂર્વના તણાવને કારણે વિશ્વભરમાં અત્યાર સુધીમાં 40,000થી વધુ ફ્લાઈટ્સ રદ પણ થઈ છે.

બ્લૂમબર્ગે રિપોર્ટમાં જણાવ્યું કે વિયેતનામના સરકારી મીડિયાએ ચેતવણી આપી છે કે ત્યાં હવાઈ ભાડામાં 70% સુધીનો ઉછાળો આવી શકે છે. તેનું મુખ્ય કારણ વિયેતનામની ઈમ્પોર્ટેડ જેટ ફ્યુઅલ પર ભારે નિર્ભરતા છે.

ઈન્ડસ્ટ્રી એનાલિસ્ટ્સ અનુસાર, એશિયન એરલાઈન્સ યુરોપિયન કે અમેરિકન એરલાઈન્સની સરખામણીમાં વધુ જોખમમાં છે, કારણ કે તેમની પાસે ફ્યુઅલ હેજિંગ (ઈંધણની કિંમતોને લોક કરવાનો પ્રોગ્રામ)ની મજબૂત વ્યવસ્થા નથી.

સ્પાર્ટા કોમોડિટીઝના સિનિયર ઓઈલ માર્કેટ એનાલિસ્ટ જૂન ગોહે જણાવ્યું કે, એવિએશન સેક્ટરમાં ચારેય તરફ ગભરાટનો માહોલ છે. જે એશિયન એરલાઈન્સનો હેજિંગ પ્રોગ્રામ નબળો છે, તેઓ સૌથી વધુ મુશ્કેલીમાં છે.

તેમણે ઓછી કિંમતે ટિકિટ વેચી દીધી હતી, પરંતુ હવે તેમને ખૂબ મોંઘા ભાવે ફ્યુઅલ ખરીદવું પડી રહ્યું છે. કેટલીક લો-કોસ્ટ એરલાઈન્સ તો હવે વિમાનોને પાર્ક કરવાની તૈયારીમાં છે. કારણ કે વર્તમાન ફ્યુઅલ કિંમતો પર ઉડાન ભરવી નુકસાનકારક સોદો સાબિત થઈ રહ્યો છે.

જર્મન બેંક ડોયચે બેંકના એનાલિસ્ટ્સનું કહેવું છે કે જો પરિસ્થિતિ જલ્દી નહીં સુધરે, તો દુનિયાભરમાં હજારો વિમાનો પાર્ક થઈ શકે છે અને કેટલીક નાની એરલાઈન્સ બંધ પણ થઈ શકે છે.

# હત્યાની ખરાઈ કરવા આરોપી પરત ઘટનાસ્થળે આવ્યો: છારાનગરમાં 3 માર્ચે થયેલી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો

**અમદાવાદ, તા.11**

શહેરના કુબેરનગર વિસ્તારમાં આવેલા છારાનગરમાં 3 માર્ચે મોડી રાત્રે મહિલાના ઘરમાં લૂંટના ઈરાદે આવી હત્યા કરવાના કેસમાં બે આરોપીઓની સરદારનગર પોલીસ દ્વારા કરવામાં આવી છે. છારાનગર વિસ્તારમાં મજૂરી કામ કરતા બે યુવકો દ્વારા ઉત્તર પ્રદેશના આગરાથી બે માણસો બોલાવીને લૂંટના ઈરાદે મહિલાની હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ આરોપીઓ રેલવે ટ્રેકથી અલગ અલગ વાહનોમાં યુપી ખાતે જતા રહ્યા હતા. સરદારનગર પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજીસના આધારે તપાસ કરી બે આરોપીઓની ધરપકડ કરી છે. મહિલાનું મૃત્યુ થઈ ગયું છે કે નહીં તે તપાસ કરવા ફરીથી એક આરોપી ઘરમાં પાછો ગયો હતો અને મહિલા મરી ગઈ છે કે કેમ એની ખાતરી કર્યા બાદ જ ત્યાંથી નીકળ્યો હતો. બાકીના બે આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુબેરનગર ના છારાનગર ફ્રી કોલોની ખાતે ત્રણ માર્ચના રોજ મોડી રાત્રે ભારતીબેન બજરંગે નામની મહિલાની હત્યા કરી ઘરમાં લૂંટનો બનાવ બન્યો હતો. ઘટનાની જાણ થતા સરદારનગર પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા અલગ અલગ સ્થળના સીસીટીવી ફૂટેજીસ તપાસવામાં આવ્યા હતા. જેના આધારે મૂળ આગ્રાનો રહેવાસી અને છારાનગર વિસ્તારમાં વિમલની ચાલીમાં રહેતા સ્થાનિક સોનુ સિંગ સીકરવાર આ કેસમાં સંડોવાયેલો હોવાની જાણ થઈ હતી.



પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓ ઉત્તર પ્રદેશ તરફ ભાગ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી સીસીટીવી ફૂટેજ ના આધારે અલગ અલગ ટીમ બનાવીને ઉત્તર પ્રદેશથી સલમાન ઉર્ફે લલ્લા અલવી સૈયદ (રહે.મુળ આગ્રા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સલમાનની ધરપકડ બાદ સોનુસિંગ સીકરવારની પણ પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે ત્રણ માર્ચના રોજ ભારતીબેન બજરંગે નામના મહિલાની હત્યા કરવામાં આવી હતી જે મામલે સરદાર નગર પોલીસ સ્ટેશનના પીઆઇ શકિતસિંહ ગોહિલ અને એન. બી. કલસરીયા દ્વારા અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવી હતી જેમાં સલમાન અને સોનુ સિંગ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ચાર આરોપીઓએ ગુનાને અંજામ આપ્યો હતો સોનું અને બ્રિજ મોહન નામના બંને શખ્સ છારાનગર વિસ્તારમાં જ રહે છે અને છુટક મજૂરી કામ કરે છે. બંને આરોપીઓને લૂંટ કરવાની હોવાથી ભારતીબેન બજરંગે પોતે એકલા રહેતા હોવાથી તેમને ટાર્ગેટ કરી લૂંટ કરવાના ઈરાદે બ્રિજ મોહન નામના આરોપીએ ઉત્તર પ્રદેશના આગ્રાથી સલમાન અને શાદાબને બોલાવ્યા હતા. 24 ફેબ્રુઆરીના રોજ બંને આરોપીઓ અમદાવાદ ખાતે આવ્યા હતા અને સોનુ સિંગ સાથે રહેતા હતા. 500 રૂપિયા ઉછીના માંગવાના ઈરાદે બે માર્ચના રોજ ભારતીબેનના ઘરે રેકી કરવામાં આવી હતી. અરે રેકી કર્યા બાદ બીજા દિવસે તેમને લૂંટવાનો પ્લાન કરી ચારે લોકો રાત્રે ભારતીબેન ના ઘરે ગયા હતા. સોનુ અને બ્રિજ મોહન બંને સ્થાનિક અને ભારતીબેન ઓળખતા હોવાથી તેમનો અવાજ સાંભળી ઘર ખોલ્યું હતું. ઘર ખોલતાની સાથે જ તેઓ અંદર ગયા હતા અને માલ સામાન લેવાની વાત કરતા ની સાથે જ પાછળથી ભારતીબેનને પકડી નીચે પાડી દીધા હતા અને ઓશીકાથી મોઢું દબાવીને ભારતીબેન ને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હત્યા કર્યા બાદ ચારે આરોપીઓ ત્યાંથી નીકળી ગયા હતા સીસીટીવી ફૂટેજમાં ક્યાંય પણ દેખાઈ નહીં તેના માટે આરોપીઓ દ્વારા તરકીબ અપનાવવામાં આવી હતી. સોનું અલગ રસ્તે ગયો હતો જ્યારે બ્રિજ મોહન સન્માન અને સાદાબ નામના ત્રણેય આરોપીઓ સરદાર નગર ફ્રી કોલોની પાસે આવેલા રેલ્વે ટ્રેક પરથી ધીમે ધીમે ચાલતા ચાલતા બહારના ભાગે હાઈવે પર પહોંચ્યા હતા અને ત્યાંથી અલગ અલગ વાહનોમાં બેસી રાજસ્થાનના જયપુર અને ત્યાંથી આગ્રા જતા રહ્યા હતા. મહિલાની હત્યા કરવાની ઘટના બાદ મૃતક ભારતીબેન મરી ગયા છે કે નહીં તેની તપાસ કરવા માટે આરોપી સોનુ સિંગ ફરીથી ભારતીબેનના ઘરમાં ગયો હતો અને ભારતીબેનના ઘરે જઈને તેઓ મરી ગયા છે કે નહીં એની ખાતરી કરી હતી. ભારતીબેન મરી ગયા છે તેની ખાતરી કરી ત્યારબાદ ત્યાંથી નીકળી ગયો હતો. સરદારનગર પોલીસ દ્વારા હાલમાં બે આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે જ્યારે બાકીના બે આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

# પાલડીમાં ટ્રાવેલ્સની ઓફિસમાં સ્પ્રેના કારણે પાર્સલમાં બ્લાસ્ટ, FSL અને પોલીસે તપાસ હાથ ધરી

**અમદાવાદ, તા.11**

અમદાવાદના પાલડીમાં આજે(11 માર્ચ, 2026) ફાલ્કન ટ્રાવેલ્સની ઓફિસમાં એક અજાણ્યા પાર્સલમાં રાખેલા સ્પ્રેના કારણે જોરદાર ધડાકો થયો હોવાની ઘટના સામે આવી છે. અહીં એકાએક થયેલા આ વિસ્ફોટના અવાજથી આસપાસના લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ઓફિસમાં હાજર કર્મચારીઓ જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. સદનસીબે, આ ગંભીર ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી. ઝોન 7ના DCP શિવમ વર્માએ જણાવ્યું કે, પાલડી સર્જરી હોસ્પિટલ પાસે આવેલી ટ્રાવેલર્સની ઓફિસમાં જે ધડાકો થયો છે, તેની પ્રાથમિક તપાસમાં આ વિસ્ફોટ સિલિકોન સ્પ્રેના કારણે થયો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક અનુમાન મુજબ સતત વધતી ગરમીના કારણે સ્પ્રેમાં આ ધડાકો થયો હોઈ શકે છે, તેમ છતાં સત્યતા ચકાસવા માટે અમે BDDS, ડોગ સ્કવોડ અને FSLની ટીમોને બોલાવીને ઊંડી તપાસ શરૂ કરી છે. આ પાર્સલ ક્યાંથી આવ્યું હતું અને ક્યાં મોકલવાનું હતું તે અંગેની વિગતો મેળવવામાં આવી રહી છે. ખાસ કરીને, બસમાં આ પ્રકારના જ્વલનશીલ કે



પ્રતિબંધિત પાર્સલ મોકલવા અંગેના નિયમોનું ઉલ્લંઘન થયું છે કે નહીં તેની પણ તપાસ કરાશે અને જો કોઈની બેદરકારી જણાશે, તો કાયદેસરની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ ધડાકાને લીધે ટ્રાવેલ્સની ઓફિસના ફર્નિચરના લોચા વળી ગયા હતા અને બહાર લાગેલું સાઈન બોર્ડ પણ તૂટી પડ્યું હતું. ઓફિસની અંદર રહેલા સાધનોને પણ નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. વિસ્ફોટનું કારણ જાણવા માટે FSLની ટીમની મદદ લેવામાં આવી રહી છે. આ પાર્સલ કોના દ્વારા મોકલવામાં આવ્યું હતું અને તેમાં કયા પ્રકારનું વિસ્ફોટક કે કેમિકલ હતું, તે દિશામાં પોલીસ અત્યારે ઝીણવટભરી તપાસ કરી રહી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસીને પાર્સલ લાવનાર શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# સાયન્સ સિટી પાસે એક બિલ્ડિંગના પાર્કિંગમાં ભીષણ આગ, 5થી વધુ કાર ખાખ



**અમદાવાદ, તા.11**

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા કીયા ગાડીના શો રૂમના પાર્કિંગમાં આજે(11 માર્ચ) અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગ બિલ્ડિંગના પાર્કિંગ વિસ્તારમાં લાગી હતી, જેના કારણે ત્યાં પાર્ક કરેલા વાહનો જોતજોતામાં આગની લપેટમાં આવી ગયા હતા. કાળા ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી જોવા મળતા સ્થાનિક લોકોમાં ફાળ પડી હતી.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ત્રણ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, આ દુર્ઘટનામાં 5થી વધુ કાર બળીને ખાખ થઈ ગઈ છે, જેના કારણે મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

# '70 રૂપિયામાં અનલિમિટેડ ટિફિન આપવું હવે નહીં પોસાય': સુરતની હોટેલોના મેનૂમાંથી ઈડલી-ઢોસા ગાયબ

**અમદાવાદ, તા.11**

ઈરાન સાથે અમેરિકા-ઈઝરાયના ચાલી રહેલા યુદ્ધની અસર દુનિયાભરમાં દેખાવા લાગી છે. ગુજરાતમાં કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ કરતા રેસ્ટોરન્ટ અને લારીવાળાઓની મુશ્કેલીમાં પણ રાતોરાત વધારો થયો છે. ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના મતે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સપ્લાય ખોરવાતા જે રેસ્ટોરન્ટ પાસે પાઈપ ગેસની સુવિધા નથી તેઓની મુશ્કેલી વધી છે.

કેટરર્સ સંચાલકોએ પણ પોતાના ઓર્ડર પૂરા કરવા મુશ્કેલ બની શકે છે. ગેસ સપ્લાયની તંગી સર્જાવાને લઈ સ્થાનિકોએ અગાઉથી ગેસના બાટલા ઓનલાઈન બુક કરાવી દીધા હતા. જે બાદ આજે સવારથી અલગ અલગ શહેરોમાં ગેસ એજન્સી બહાર ગેસના બાટલા લેવા લોકોની લાઈનો લાગી હતી. જોકે રાજ્ય સરકારે કોમર્શિયલ સિલિન્ડરની સપ્લાય બરોબર હોવાની હૈયાધારણા આપી છે.



ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ સોમાણીએ જણાવ્યું હતું કે, કોમર્શિયલ સિલિન્ડરની સપ્લાય જ બંધ થઈ ગઈ છે. એટલે સૌથી મોટો પ્રશ્ન છે કે જે નાની રેસ્ટોરન્ટ જે ગેસ જે ગેસ લાઈન પર નથી ચાલતી એમના માટે મોટી મુશ્કેલી સર્જાવાની છે. ગુજરાતમાં 70 થી 80 ટકા હોટલો ગેસ લાઈન ઉપર ચાલે છે પણ 20 થી 30 ટકા જે રેસ્ટોરન્ટો છે એ ગેસ સિલેન્ડર ઉપર ચાલે છે. નાના ગલ્લા ગેસ સિલિન્ડર એના પર ચાલે છે એ અત્યારે સિલિન્ડર મળતા બંધ થઈ ગયા છે. કંપનીમાં અને બે ત્રણ જગ્યાએ ડિસ્ટ્રીબ્યુટર વાત કરી એમણે કીધું કે કોમર્શિયલ સિલિન્ડર સસ્પેન્ડ કરી રાખવામાં આવ્યા છે. જેથી સિલિન્ડર ઉપર ચાલતા નાના રેસ્ટોરન્ટ અને લારી ગલ્લા ધીરે ધીરે બંધ થવાની શરૂઆત થઈ ગઈ છે. બે દિવસમાં એની મોટી અસર દેખાશે. નાના રેસ્ટોરન્ટ વાળા અને લારી ગલ્લાવાળા ગુજરાતમાં બંધ થઈ જશે.

સુરતના જાણીતા ગેસ ડિસ્ટ્રીબ્યુટર અને AR કોન્ટ્રાક્ટર્સના પ્રોપરાઈટર અજીતભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'યુદ્ધની પરિસ્થિતિને કારણે ગેસના ઉત્પાદન પર વિપરીત અસર પડી છે. કંપની દ્વારા હાલમાં કોમર્શિયલ સિલિન્ડરનું ઉત્પાદન બંધ કરી દેવામાં આવ્યું છે. આ અછત ક્યારે દૂર થશે તે કોઈ કહી શકતું નથી કારણ કે બધો આધાર યુદ્ધ કેટલો લાંબો સમય ચાલે છે તેના પર છે.' આ વૈશ્વિક અનિશ્ચિતતાએ સ્થાનિક સ્તરે મોટા વેપાર-ધંધાને અસર પહોંચાડી છે.

એક અંદાજ મુજબ, સુરત શહેરમાં દરરોજ સેંકડો કોમર્શિયલ સિલિન્ડરની જરૂરિયાત રહેતી હોય છે. અજીતભાઈ જણાવે છે કે તેમની એજન્સી પર જ દૈનિક 20 થી 50 જેટલા ગ્રાહકો કોમર્શિયલ સિલિન્ડરની માંગ સાથે આવે છે, પરંતુ જથ્થો ઉપલબ્ધ ન હોવાથી તેમને ખાલી હાથે પરત ફરવું પડે છે. ઘણા કિસ્સાઓમાં હતાશ થયેલા ગ્રાહકો ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે ઘર્ષણમાં પણ ઉતરે છે, પરંતુ ડિસ્ટ્રીબ્યુટર્સ પણ કંપનીના સપ્લાય પર નિર્ભર હોવાથી લાચાર છે.

# ભાડે આપવાના બહાને 11 કાર લઈને બરોબાર વેચી દેનાર ઝડપાયો

**વડોદરા, તા.11**

ભાડેથી ગાડીઓ ફેરવવાના બહાને ફરિયાદી અને સાહેદો પાસેથી કુલ 11 જેટલી મોંઘીદાટ ફોર-વ્હીલ ગાડીઓ મેળવીને તેનું ભાડું કે ગાડીઓ પરત ન કરીને બારોબાર વેચી દેતો હતો અને આ કેસમાં નાસતા-ફરતા આરોપી અરવિંદ ઉર્ફે કરણ વાદીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપી વડોદરા શહેરના આજવા રોડ પર પરિવાર સાથે બેઠો હતો અને પોલીસને જોતા જ ભાગ્યો હતો. પોલીસે અડધો કિમી સુધી પીછો કરીને આરોપીને દબોચી લીધો હતો.પંચમહાલ જિલ્લાના હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈના ગુનામાં આ આરોપી લાંબા સમયથી ફરાર હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. આર.જી. જાડેજા અને પી.આઈ. એચ.ડી. તુવરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.એસ. વાળાની ટીમ પ્રોપર્ટી સંબંધિત ગુનાઓના નાસતા-ફરતા આરોપીઓની શોધમાં હતી. તે દરમિયાન બાતમીના આધારે અરવિંદ ઉર્ફે કરણ રમણભાઈ વાદી (ઉ.વ. 28, રહે. હાલ તરસાલી વુડાના મકાન, વડોદરા; મૂળ રહે. હાલોલ) ને આજવા રોડ કમલાનગર પાસેથી દબોચી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, તેણે ફરિયાદીને વિશ્વાસમાં લઈ અર્ટિગા ગાડીનું દર મહિને 30 હજાર રૂપિયા ભાડું આપવાનું નક્કી કરી નોટરી કરાવી હતી.

# સુરતમાં તાપમાન 41 ડિગ્રીએ પહોંચ્યું, અંગ દઝાડતી ગરમીથી લોકો પરેશાન

**સુરત, તા.11**

સુરતમાં 11 માર્ચ, 2026ના રોજ ગરમીએ માઝા મૂકી છે. હવામાન વિભાગના ડેટા અનુસાર, આજનું મહત્તમ તપામાન 41 ડિગ્રી નોંધાયું છે, જે આ સિઝનનો અત્યાર સુદીનો સૌથી ગરમ દિવસ સાબિત થયો છે. ઉનાળાની શરૂઆતમાં જ સુરતીઓ આકરા તાપનો અનુભવ કરી રહ્યા છે, ત્યારે ગરમીની ગંભીર અસર હવે શહેરના માળખાગત સુવિધાઓ પર પણ જોવા મળી રહી છે. સુરતના રામપુરા વિસ્તારમાં ગરમીને કારણે ડામર ઓગળવાની ઘટના સામે આવતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ, રામપુરામાં કબીર મંદિર બીઆરટીએસ સ્ટેન્ડ પાસેનો રોડ થોડા સમય પહેલા જ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, દિન-પ્રતિદિન વધતા તાપમાન સામે આ રોડ ટકી શક્યો નથી. ભરબપોરે પડતી ગરમીને કારણે રોડ પરનો ડામર નરમ પડીને ઓગળવા લાગ્યો છે. ડામર ઓગળવાને કારણે રોડ પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, ગરમીને કારણે



ડામર એટલો ઓગળ્યો છે કે વાહનોના ટાયર રોડ સાથે ચીપકી રહ્યા છે, જેના કારણે અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. ટાયર ચીપકવાને કારણે વાહનોની ગતિ ધીમી પડી રહી છે અને એન્જિન પર પણ લોડ આવી રહ્યો છે. રસ્તો ઓળંગતા રાહદારીઓના ચંપલ પણ ડામરમાં ચોંટી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. માત્ર થોડા સમય પહેલા જ બનેલા રોડની આવી હાલત થતા મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર અને વપરાયેલા મટીરિયલની ગુણવત્તા સામે સ્થાનિકો રોષ ઠાલવી રહ્યા છે. 'શું રોડ બનાવતી વખતે તાપમાન સહન કરવાની ક્ષમતા ચકાસવામાં આવી નહોતી? તેવો પ્રશ્ન અત્યારે ચર્ચાનો વિષય બન્યો છે. સુરતમાં આજનું મહત્તમ તાપમાન 41 ડિગ્રી નોંધાયું છે, જ્યારે લઘુત્તમ તાપમાન 23.7 ડિગ્રી રહેતા રાત્રે પણ ગરમીનો અહેસાસ યથાવત રહેશે. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર 23% થઈ જવાથી વાતાવરણ અત્યંત શુષ્ક બન્યું છે, જેના કારણે બપોરના સમયે અંગ દઝાડતી ગરમી અનુભવાઈ રહી છે. વાતાવરણમાં પવનની દિશા ઉત્તર-પશ્ચિમ (NW) તરફની રહી છે અને પવનની ગતિ 8 કિમી પ્રતિ કલાક નોંધાઈ છે. આ ગરમ પવનોને કારણે તાપમાનમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. હવાનું દબાણ 1008.9 hpa નોંધાયું છે. કાળઝાળ ગરમીના કારણે બપોરના સમયે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક ઓછો જોવા મળ્યો હતો અને લોકોએ ગરમીથી બચવા મોઢે રૂમાલ અને ચશ્માનો સહારો લીધો હતો. આકાશ એકદમ સ્વચ્છ રહેતા સૂર્યના સીધા કિરણો જમીન પર પડવાથી ગરમીનું જોર વધ્યું છે. આગામી 48 કલાકમાં પણ પારો ઊંચો રહેવાની પૂરેપૂરી સંભાવના છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




